وإذا سمعوا ٧

وَإِذَا سَمِعُوا مَا أُنْزِلَ إِلَى الرَّسُولِ تَرَى
أَعْيُنَهُمْ تَفِيضُ مِنَ الدَّمْعِ مِمَّا عَرَفُوا مِنَ الْحَقِّ
يَقُولُونَ رَبَّنَا آمَنَّا فَاكْتُبْنَا مَعَ الشَّاهِدِينَ ﴿٨٣﴾ وَمَا
لَنَا لَا نُؤْمِنُ بِاللَّهِ وَمَا جَاءَنَا مِنَ الْحَقِّ وَنَطْمَعُ
أَنْ يُدْخِلَنَا رَبُّنَا مَعَ الْقَوْمِ الصَّالِحِينَ ﴿٨٤﴾ فَأَثَابَهُمُ
اللَّهُ بِمَا قَالُوا جَنَّاتٍ تَجْرِي مِنْ تَحْتِهَا الْأَنْهَارُ خَالِدِينَ
فِيهَا وَذَٰلِكَ جَزَاءُ الْمُحْسِنِينَ ﴿٨٥﴾ وَالَّذِينَ
كَفَرُوا وَكَذَّبُوا بِآيَاتِنَا أُولَٰئِكَ أَصْحَابُ الْجَحِيمِ ﴿٨٦﴾
يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا لَا تُحَرِّمُوا طَيِّبَاتِ مَا أَحَلَّ اللَّهُ
لَكُمْ وَلَا تَعْتَدُوا إِنَّ اللَّهَ لَا يُحِبُّ الْمُعْتَدِينَ ﴿٨٧﴾ وَكُلُوا
مِمَّا رَزَقَكُمُ اللَّهُ حَلَالًا طَيِّبًا وَاتَّقُوا اللَّهَ الَّذِي أَنْتُمْ

અને જ્યારે સાંભળે છે તે જે રસૂલ તરફ ઉતર્યું,[1] તો તેમની આંખો જુઓ કે અશ્રુઓથી ઉભરાઇ રહી છે,[2] કારણ કે તેઓ સત્યને ઓળખી ગયા, કહે છે, "અય અમારા રબ! અમે ઇમાન લાવ્યા, તો અમને સત્યના સાક્ષીઓમાં નોંધી લે[3] (૮૩) અને અમને શું થયું કે અમે ઇમાન ન લાવીએ અલ્લાહ પર અને તે સત્ય પર જે અમારી પાસે આવ્યું. અને અમે યાચીએ છીએ કે અમને અમારો રબ નેક લોકો સાથે દાખલ કરે[4] (૮૪) તો અલ્લાહે તેમને આ બોલવા બદલ બગીચા આપ્યા, જેમની નીચે નહેરો વહે, હમેશાં તેમાં રહેશે, આ બદલો છે નેક લોકોનો[5] (૮૫) અને તે જેમણે કુફ્ર કર્યું, અને અમારી આયતોને જૂઠલાવી તેઓ છે દોઝખવાળા[6] (૮૬) અય ઇમાનવાળાઓ! હરામ ન ઠેરવો તે સ્વચ્છ વસ્તુઓ જે અલ્લાહે તમારા માટે હલાલ કરી[7] અને હદ ન ઓળંગો, બેશક! સીમાનું ઉલ્લંઘન કરનારાઓ અલ્લાહને અપ્રિય છે (૮૭) અને જે કંઇ અલ્લાહે હલાલ સ્વચ્છ રોજી આપી તે ખાઓ

૧. અર્થાત કુરઆન શરીફ.

૨. આ તેમના હૃદયોની નરમાશનું વર્ણન છે કે કુરઆન શરીફના દિલમાં અસર કરનાર વિષયોનુ પઠન સાંભળીને રડી દે છે. જેમકે નજાશી બાદશાહની ફરમાઈશથી હઝરત જાઅફરે તેના દરબારમાં સૂરએ મરયમ સૂરએ તાહાની આયતો પઢી સંભળાવી ત્યારે નજાશી બાદશાહ અને તેના દરબારીઓ જેમાં તેની કોમના આલિમો પણ હાજર હતા તે બધા જ ધુસકે ધુસકે રડી પડયા. એવી જ રીતે નજાશી કોમના ૭૦ માણસો જે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની સેવામાં હાજર થયા હતા તેઓ પણ હુઝૂર પાસેથી સૂરએ યાસીન સાંભળીને ખૂબ રડયા.

૩. સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પર, અને અમે આપના સાચા હોવાની સાક્ષી આપી.

૪. અને સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની ઉમ્મતમાં દાખલ કરે, જે કયામતના દિવસે બધી ઉમ્મતોની સાક્ષી બનશે, (આ તેમને ઈન્જીલ દ્વારા જાણવાં મળયું હતું)

૫. જ્યારે હબશાનું પ્રતિનિધિમંડળ ઈસ્લામથી પાવન થઈને પાછુ ફર્યું ત્યારે યહૂદીઓએ તેમને ટોણાં માર્યાં. તેમના જવાબમાં તેમણે કહયું કે જ્યારે સત્ય સ્પષ્ટ થઈ ગયું તો પછી અમે શા માટે ઈમાન ન લાવીએ? એટલે કે એવી હાલતમાં ઈમાન ન લાવવું ખરાબ છે, નહિ કે ઈમાન લાવવું. કારણ કે એ તો ઉભય જગતની ભલાઈનું કારણ છે.

૬. **શાને નુઝૂલ** :- સહાબાએ કિરામનું એક જુથ એક વાર નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની વાઅઝ સાંભળયા પછી હઝરત ઉસ્માન ઈબ્ને મઝઉન રદીયલ્લાહુ અન્હૂના ઘેર એકત્ર થયું. અને

અને અલ્લાહથી ડરો, જેના પર તમને શ્રદ્ધા છે (૮૮) અલ્લાહ તમને તમારી સમજ ફેરની કસમો પર પકડતો નથી,[૮] હા! તે કસમો પર પકડે છે જેને તમે પાકી કરી,[૯] તો એવી કસમોનો બદલો દસ મિસ્કીનોને જમણ આપવું[૧૦] પોતાના ઘરવાળાંઓને જે ખવડાવો છો તેના વચલા ગાળાનું,[૧૧] અથવા તેમને વસ્ત્રો આપવા, અથવા એક ગુલામને છોડાવવું. તો જે આમાંથી કંઇ ન (કરી) પામે તો ત્રણ દિવસના રોઝા[૧૨] આ બદલો છે તમારી કસમોનો જ્યારે કસમ ખાઓ.[૧૩] અને પોતાની કસમોની રક્ષા કરો.[૧૪] આવી જ રીતે અલ્લાહ તમને પોતાની આયતો બયાન કરે છે કે ક્યાંક તમે ઉપકાર માનો (૮૯) અય ઇમાનવાળાઓ! દારૂ અને જુગાર અને મૂર્તિઓ અને પાસાઓ અપવિત્ર જ છે, શયતાની કાર્યો. તો એનાથી બચતા રહેશો કે (જેથી) તમે સફળતા પામો[૧૫] (૯૦) શયતાન એ જ ઇચ્છે છે કે તમારામાં વેર અને દુશ્મની નંખાવે દારૂ અને જુગારમાં, અને તમને અલ્લાહની યાદ અને નમાઝથી રોકે[૧૬] તો શું તમે ત્યજયું? (૯૧)

وَاِذَا سَمِعُوْا ٧ — المآئدة ٥

بِهٖ مُؤْمِنُوْنَ ﴿٨٨﴾ لَا يُؤَاخِذُكُمُ اللّٰهُ بِاللَّغْوِ فِيْٓ اَيْمَانِكُمْ
وَلٰكِنْ يُّؤَاخِذُكُمْ بِمَا عَقَّدْتُّمُ الْاَيْمَانَ ۚ فَكَفَّارَتُهٗٓ
اِطْعَامُ عَشَرَةِ مَسٰكِيْنَ مِنْ اَوْسَطِ مَا تُطْعِمُوْنَ
اَهْلِيْكُمْ اَوْ كِسْوَتُهُمْ اَوْ تَحْرِيْرُ رَقَبَةٍ ۖ فَمَنْ لَّمْ يَجِدْ
فَصِيَامُ ثَلٰثَةِ اَيَّامٍ ۚ ذٰلِكَ كَفَّارَةُ اَيْمَانِكُمْ اِذَا حَلَفْتُمْ ۚ
وَاحْفَظُوْٓا اَيْمَانَكُمْ ۚ كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمْ اٰيٰتِهٖ لَعَلَّكُمْ
تَشْكُرُوْنَ ﴿٨٩﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِنَّمَا الْخَمْرُ وَالْمَيْسِرُ
وَالْاَنْصَابُ وَالْاَزْلَامُ رِجْسٌ مِّنْ عَمَلِ الشَّيْطٰنِ فَاجْتَنِبُوْهُ
لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ﴿٩٠﴾ اِنَّمَا يُرِيْدُ الشَّيْطٰنُ اَنْ يُّوْقِعَ
بَيْنَكُمُ الْعَدَاوَةَ وَالْبَغْضَآءَ فِى الْخَمْرِ وَالْمَيْسِرِ وَيَصُدَّكُمْ
عَنْ ذِكْرِ اللّٰهِ وَعَنِ الصَّلٰوةِ ۚ فَهَلْ اَنْتُمْ مُّنْتَهُوْنَ ﴿٩١﴾

તેમણે સન્યાસી બની જવાનું અંદર અંદર નક્કી કર્યું, ને એ પણ નક્કી કર્યું કે તેઓ શણ પહેરશે, કાયમ દિવસે રોઝો રાખશે અને રાત્રી અલ્લાહની ઈબાદતમાં જાગીને વિતાવશે, પથારી પર નહિ સૂએ, માંસ અને ચીકણી વસ્તુઓનો ત્યાગ કરશે. સ્ત્રીઓથી અળગા રહેશે, સુગંધ નહિ વાપરે. ત્યારે આ આયત ઉતરી, અને તેમને એવા ઈરાદાથી રોકી દેવામાં આવ્યા.

૭. અર્થાત જે રીતે હરામ વસ્તુઓનું ત્યાગ કરવામાં આવે છે તે રીતે હલાલ વસ્તુઓ ન છોડો અને ન અતિશ્યોકિત તરીકે કોઈ હલાલ વસ્તુ વિષે એવું કહો કે, 'મેં તેને મારા માટે હરામ કરી લીધી.'

૮. સમજફેરની કસમ (યમીને લગ્વ) એ છે કે માણસ કોઈ વાતને પોતાના ખ્યાલ મુજબ ખરી સમજીને કસમ ખાઈ લે પણ વાસ્તવમાં તે વાત એવી ન હોય. એવી કસમનો કફ્ફારો નથી.

૯. અર્થાત 'યમીને મુનઅકદહ' જે કોઈ ભવિષ્યની વાત પર ઈરાદાપૂર્વક ખાવામાં આવે, આવી કસમ તોડવી ગુનોહ છે, અને એથી કફ્ફારો પણ લાગુ પડે છે.

૧૦. બન્ને વખતનું ખાણું તેમને ખવડાવી દે, અથવા પોણા બશેર ઘઉં કે સાડા ત્રણ શેર જવ ફિતરાની જેમ આપી દે.

**મસઅલો** :- એક જ મિસ્કીનને દસ દિવસો સુધી ખવડાવવું અથવા આપવું પણ જાઈઝ છે.

૧૧. એટલે કે બહું ઉચ્ચ કક્ષાનું, ન બહું ખરાબ બલ્કે મધ્યમ કક્ષાનું.

૧૨. મધ્યમ કક્ષાનાં, જેનાથી શરીરનો વધારે ભાગ છુપાવી શકાય. હઝરત ઈબ્ને ઉમર રદીયલ્લાહુ અન્હૂથી રિવાયત છે કે એક તેહબંદ અને એક કુરતો અથવા એક તેહબંદ અને એક ચાદર હોવી જોઈએ.

અને અલ્લાહનો હુકમ માનો, અને રસૂલનો હુકમ માનો, અને ખબરદાર રહો. પછી જો તમે ફરી જાઓ,[૧૭] તો જાણી લો કે અમારા રસૂલની જવાબદારી તો માત્ર સ્પષ્ટ રીતે પહોંચાડી દેવું છે[૧૮] (૯૨) જેઓ ઇમાન લાવ્યા અને સારા કામો કર્યા તેમના પર કંઇ ગુન્હો નથી,[૧૯] જે કંઇ તેમણે ચાખ્યું, જ્યારે કે ડરે અને ઇમાન ધરાવે, અને નેકીઓ કરે, ફરી ડરે અને ઇમાન ધરાવે, ફરી ડરે, અને નેક રહે, અને અલ્લાહ નેક લોકોને પ્રિય રાખે છે[૨૦] (૯૩) અય ઇમાનવાળાઓ! તમને અલ્લાહ જરૂર અજ-માવશે, અમુક એવા શિકાર દ્વારા જેના સુધી તમારા હાથ અને ભાલાઓ પહોંચે[૨૧] કે (જેથી) અલ્લાહ ઓળખાવી દે તેમને જેઓ તેનાથી વગર દેખ્યે ડરે છે. ફરી એના પછી જે હદથી વધ્યા[૨૨] તેમના માટે દુ:ખદાયક શિક્ષા છે (૯૪) અય ઇમાનવાળાઓ! શિકાર ન મારો જ્યારે તમે એહરામમાં હોવ,[૨૩] અને તમારામાં જે તે (શિકાર)ને જાણી જોઇને મારે,[૨૪] તો તેનો બદલો આ છે કે તેવું જ જાનવર જાનવરોમાંથી (કુરબાન કરી) આપે,[૨૫] એનો



وَاَطِيْعُوا اللّٰهَ وَاَطِيْعُوا الرَّسُوْلَ وَاحْذَرُوْا فَاِنْ
تَوَلَّيْتُمْ فَاعْلَمُوْٓا اَنَّمَا عَلٰى رَسُوْلِنَا الْبَلٰغُ الْمُبِيْنُ ﴿۹۲﴾
لَيْسَ عَلَى الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ جُنَاحٌ
فِيْمَا طَعِمُوْٓا اِذَا مَا اتَّقَوْا وَّاٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ
ثُمَّ اتَّقَوْا وَّاٰمَنُوْا ثُمَّ اتَّقَوْا وَّاَحْسَنُوْا ۭ وَاللّٰهُ يُحِبُّ
الْمُحْسِنِيْنَ ﴿۹۳﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَيَبْلُوَنَّكُمُ اللّٰهُ
بِشَيْءٍ مِّنَ الصَّيْدِ تَنَالُهٗٓ اَيْدِيْكُمْ وَرِمَاحُكُمْ لِيَعْلَمَ
اللّٰهُ مَنْ يَّخَافُهٗ بِالْغَيْبِ ۚ فَمَنِ اعْتَدٰى بَعْدَ ذٰلِكَ
فَلَهٗ عَذَابٌ اَلِيْمٌ ﴿۹۴﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَقْتُلُوا الصَّيْدَ
وَاَنْتُمْ حُرُمٌ ۭ وَمَنْ قَتَلَهٗ مِنْكُمْ مُّتَعَمِّدًا فَجَزَاۗءٌ مِّثْلُ مَا
قَتَلَ مِنَ النَّعَمِ يَحْكُمُ بِهٖ ذَوَا عَدْلٍ مِّنْكُمْ هَدْيًۢا بٰلِغَ

منزل ۲

**મસઅલો** :- કફ્ફારામાં આ ત્રણે વાતોનો અખત્યાર છે. ઈચ્છે તો ભોજન આપે, ઈચ્છે તો કપડાં આપે કે પછી ગુલામ છોડાવે, દરેકથી કફ્ફારો પુરો થઈ જશે.

૧૩. રોઝાથી ત્યારે જ કફ્ફારો પુરો થશે જ્યારે કે ખાવા આપવાની અથવા કપડાં પહેરાવવાની કે ગુલામ છોડાવવાની શક્તિ ન હોય.

**મસઅલો** :- એ પણ જરૂરી છે કે આ રોઝા લગાતાર રાખવામાં આવે.

૧૪. અને કસમ ખાઇને તોડી કાઢો એટલે કે તેને પૂરી ન કરો.

**મસઅલો** :- કસમ તોડતાં પહેલાં કફ્ફારો આપવો જાઈઝ નથી.

૧૫. એટલે કે તેને પુર્ણ કરો જ્યારે કે શરીઅતની રૂએ તેમાં કંઈ વાંધો ન હોય, અને એ પણ રક્ષા છે કે કસમ ખાવાની આદત છોડી દે.

૧૬. આ આયતમાં દારૂ અને જુગારના પરિણામ અને માઠા ફળ વર્ણવવામાં આવ્યાં, કે શરાબ અને જુગારનું એક માઠુ પરિણામ તો એ છે કે એનાથી અંદરોઅંદર અદાવત અને વેર ઉત્પન્ન થાય છે. અને જે એ બદીઓમાં લબદાય છે તે અલ્લાહના ઝિક્ર અને નમાઝના સમયોની પાબંદીથી વંચિત બની જાય છે.

૧૭. અલ્લાહ અને રસૂલની ફરમાંબરદારીથી.

૧૮. આ વઇદ અને ધમકાહટ છે કે જ્યારે રસૂલ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે અલ્લાહનો હુકમ સ્પષ્ટ પણે પહોંચાડી દીધો, તો પછી એમનો જે ફર્ઝ હતો તે પુરો થયો, હવે જે મોઢું ફેરવે તે અઝાબને લાયક છે.

હુકમ કરે તમારામાંના બે વિશ્વાસપાત્ર માણસો.[૨૬] આ કુર-બાની કા'બાની લગતી[૨૭] (જગ્યાએ) હોય અથવા અમુક મિસ્કીનોને જમણ (આપી કફફારો) આપે[૨૮] અથવા એની જેટલા રોઝા, કે જેથી પોતાના કાર્યનું માઠુ ફળ ચાખે. અલ્લાહે માફ કર્યું જે થઇ ચૂક્યું[૨૯] અને જે હવે કરશે. અલ્લાહ તેનાથી બદલો લેશે. અને અલ્લાહ ચઢિયાતો બદલો લેનાર (છે) (૯૫) હલાલ છે. તમારા માટે દરિયાનો શિકાર અને તે ખાવું તમારા અને મુસાફરોના ફાયદા માટે. અને તમારા પર હરામ છે જમીનનો શિકાર,[૩૦] જ્યાં સુધી તમે એહરામમાં હોવ. અને અલ્લાહથી ડરો જેના તરફ તમારે ઉઠવાનું છે (૯૬) અલ્લાહે અદબવાળા ઘર કા'બાને બનાવ્યું લોકોના કિયામ (ઉતરીને રહેવા)નું કારણ બનાવ્યું,[૩૧] અને ઇજ્જતવાળા મહીના,[૩૨] અને હરમની કુરબાની, અને ગળામાં નિશાની લટકાવેલા જાનવરોને (પણ)[૩૩] આ એટલા માટે કે તમે શ્રદ્ધા કરો કે જે કંઇ આકાશોમાં અને જે કંઇ ધરતીમાં છે તેને અલ્લાહ જાણે છે. અને એ કે અલ્લાહ સર્વ કંઇ જાણે છે (૯૭) જાણી રાખો કે અલ્લાહનો અઝાબ સખ્ત છે,[૩૪] અને અલ્લાહ માફ કરનાર મહેરબાન (પણ) છે (૯૮) હુકમ પહોંચાડી દેવા સિવાય રસૂલ પર (બીજી કોઇ જવાબદારી) નથી.[૩૫] અલ્લાહ જાણે છે જે કંઇ તમે જાહેર કરો છો, અને જે કંઇ સંતાડો છો[૩૬] (૯૯)



الْكَعْبَةِ اَوْ كَفَّارَةٌ طَعَامُ مَسٰكِيْنَ اَوْ عَدْلُ ذٰلِكَ
صِيَامًا لِّيَذُوْقَ وَبَالَ اَمْرِهٖ ؕ عَفَا اللّٰهُ عَمَّا سَلَفَ ؕ
وَمَنْ عَادَ فَيَنْتَقِمُ اللّٰهُ مِنْهُ ؕ وَاللّٰهُ عَزِيْزٌ ذُو انْتِقَامٍ ﴿۹۵﴾
اُحِلَّ لَكُمْ صَيْدُ الْبَحْرِ وَطَعَامُهٗ مَتَاعًا لَّكُمْ وَلِلسَّيَّارَةِ ۚ
وَحُرِّمَ عَلَيْكُمْ صَيْدُ الْبَرِّ مَا دُمْتُمْ حُرُمًا ؕ وَاتَّقُوا اللّٰهَ
الَّذِيْۤ اِلَيْهِ تُحْشَرُوْنَ ﴿۹۶﴾ جَعَلَ اللّٰهُ الْكَعْبَةَ الْبَيْتَ
الْحَرَامَ قِيٰمًا لِّلنَّاسِ وَالشَّهْرَ الْحَرَامَ وَالْهَدْيَ وَالْقَلَآئِدَ ؕ
ذٰلِكَ لِتَعْلَمُوْۤا اَنَّ اللّٰهَ يَعْلَمُ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي
الْاَرْضِ وَاَنَّ اللّٰهَ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ ﴿۹۷﴾ اِعْلَمُوْۤا اَنَّ اللّٰهَ
شَدِيْدُ الْعِقَابِ وَاَنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿۹۸﴾ مَا عَلَى الرَّسُوْلِ
اِلَّا الْبَلٰغُ ؕ وَاللّٰهُ يَعْلَمُ مَا تُبْدُوْنَ وَمَا تَكْتُمُوْنَ ﴿۹۹﴾

૧૯. **શાને નુઝૂલ** :- આ આયત તે સહાબા વિષે ઉતરી જે દારૂ હરામ થતાં પહેલાં મરણ પામ્યા, દારૂના હરામ થવાનો હુકમ આવ્યા પછી સહાબાને પેલા સહાબા વિષે ચિંતા થઈ કે તેઓને એ બાબત પકડ થશે કે નહિ થાય? તેમના માટે આ આયત ઉતરી, અને બતાવવામાં આવ્યું કે હરામ થતાં પહેલાં જે નેક ઈમાનદાર લોકોએ કંઈ ખાધું પીધું તેનો ગુન્હો નથી.

૨૦. 'ઈત્તકુ' નો શબ્દ કે જેનો અર્થ ડરવા અને ' બચવાનો છે તે આ આયતમાં ત્રણ વાર વપરાયો છે. પહેલામાં શિર્કથી બચવાનો, બીજામાં દારૂ અને જુગારથી બચવાનો, અને ત્રીજામાં તમામ હરામ ઠેરવાએલી વસ્તુઓથી બચવાનો અર્થ છે. અમુક તફસીરકારોનું કથન છે કે પહેલામાં શિર્ક ત્યાગવાનો, બીજામાં નાફરમાની અને હરામ વસ્તુઓ ત્યજવાનો, ને ત્રીજામાં શંકા કુશંકા છોડવાનો અર્થ છે. અમુકનું કહેવું છે કે પહેલામાં તમામ હરામ બાબતોથી બચવાનો, બીજામાં એના પર અટલ થઈ જવાનો, અને ત્રીજામાં વહી ઉતરાણના સમયે અથવા ત્યાર પછી જે વસ્તુઓની મનાઈ થાય તેને ત્યાગવાનો અર્થ છે. (મદારિક, ખાઝિન, જુમલ વિગેરે)

૨૧. હિજરી સન ૬ માં જેમાં હુદેબિયહનો બનાવ બન્યો, તે વરસે મુસલમાનો એહરામ પહેરેલ હતા એવી પરિસ્થિતિમાં તેઓ એવી અજમાઈશમાં નાખવામાં આવ્યા કે જાનવરો અને પક્ષીઓ એટલી મોટી સંખ્યામાં આવ્યા કે તેમની સવારીઓ પર છવાઇ ગયા, હાથથી પકડી લેવું કે હથિયારથી મારવું સાવ હાથમાં હતું. ત્યારે અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી અને એ કસોટીમાં અલ્લાહની કૃપાથી તેઓ આજ્ઞાંકિત પુરવાર થયા, અને અલ્લાહનો હુકમ માથે ચઢાવવા બાબત અટલ રહયા. (ખાઝિન, વિગેરે)

૨૨. અને અજમાયશ પછી નાફરમાની કરે.

૨૩. એહરામવાળા પર શિકાર એટલે કે જમીનના કોઈ પણ જંગલી જાનવરને મારવું હરામ છે.

**મસઅલો** :- શિકાર માટે જાનવર તરફ ઈશારો કરવો અથવા કોઈ પણ રીતે નિર્દેશ કરવો, પણ શિકારમાં સામેલ અને મના છે.

**મસઅલો** :- એહરામની હાલતમાં દરેક વહેશી જાનવરનો શિકાર પ્રબંધિત છે. તે હલાલ હોય કે ન હોય.

**મસઅલો** :- કરડનાર, કૂતરૂ, કાગડો, વીંછી, સમડી, ઉંદર, વાઘ, વરૂ અને સાપ એ જાનવરોને હદીષોમાં 'ફવાસિક' કહેવામાં આવ્યા છે, અને એમને મારવાની (એહરામની હાલતમાં પણ) પરવાનગી આપવામાં આવી છે.

**મસઅલો** :- મચ્છર, કીડી, ચાંચડ અને માખી તેમજ જીવ જંતુઓ અને ઘાતકી પ્રાણીઓને મારવું માફ છે. (તફસીરે અહમદી વિગેરે)

૨૪. એહરામની હાલતમાં જે જાનવરોને મારવું મના છે તે દરેક રૂએ મના છે, જાણી જોઈને હોય કે ભૂલથી. જાણી બુઝીને મારવાની મનાઈ તો આ આયતથી જણાઈ, અને ભૂલથી મારવાની મનાઈ હદીષથી સાબિત છે. (મદારિક)

૨૫. તેવું જ જાનવર આપવાનો અર્થ એ છે કે કિંમતમાં મારેલા જાનવર જેટલું હોય. હઝરત ઈમામ અબૂ હનીફા અને હઝરત ઈમામ અબૂ યૂસુફ રહમતુલ્લાહિ અલયહિમાનું એ જ કહેવું છે, અને ઈમામ શાફઈ અને ઈમામ મુહમ્મદ અનુસાર પ્રકૃતિ અને આકૃતિમાં મારેલા જાનવર જેવું હોવાનો અર્થ છે. (મદારિક અહમદી વિગેરે)

૨૬. એટલે કે કિંમતનો અંદાજો કાઢે. અને કિંમત જે જગ્યાએ જાનવર મરાયું હશે ત્યાંની અથવા આજુબાજુની જગ્યાઓની ગણવામાં આવશે.

૨૭. અર્થાત કફ્ફારાના જાનવરને મક્કા શરીફની હરમની બહાર ઝુબેહ કરવું ઠીક નથી. મક્કા શરીફમાં હોવું જોઈએ. અને ખાસ કા'બાની અંદર પણ જાઈઝ નથી. એટલા માટે જ કા'બાને લગતું કહેવામાં આવ્યું, કા'બાની અંદર ન કહ્યું. અને જો કફ્ફારો જમણ આપીને અથવા રોઝાથી અદા કરવામાં આવે તો જાઈઝ છે. (તફસીરે અહમદી વિગેરે)

૨૮. એ પણ જાઈઝ છે કે શિકારની કિંમતનું અનાજ ખરીદીને મિસ્કીનોને એ પ્રમાણે વહેંચે કે દરેક મિસ્કીનને ફિતરાના પ્રમાણ જેટલું મળી રહે. અને એ પણ જાઈઝ છે કે એટલી કિંમતમાં જેટલા મિસ્કીનોના આવા ભાગ પડતા હતા તેટલા રોઝા રાખે.

૨૯. એટલે કે આ હુકમ પહેલાં જે શિકાર માર્યા.

૩૦. આ આયતમાં એ મસ્અલો બયાન કરવામાં આવ્યો કે એહરામવાળાઓ માટે દરિયાનો શિકાર હલાલ છે, અને જમીનનો હરામ. દરિયાનો શિકાર તે છે જેનો જન્મ દરિયામાં થતો હોય. અને જમીનનો તે જેની પેદાઈશ જમીન પર હોય.

૩૧. કે ત્યાં દીન અને દુનિયાના કામોની વ્યવસ્થા થાય છે. ડરવાળો ત્યાં આશરો લે છે. કમજોર લોકોને ત્યાં શાંતિ મળે છે. વેપારીઓ ત્યાં નફો કરે છે. હજ અને ઉમરાહ કરનારા ત્યાં જઈને અરકાન અદા કરે છે.

قُلْ لَّا يَسْتَوِي الْخَبِيثُ وَالطَّيِّبُ وَلَوْ أَعْجَبَكَ
كَثْرَةُ الْخَبِيثِ ۚ فَاتَّقُوا اللّٰهَ يٰٓأُولِي الْأَلْبَابِ لَعَلَّكُمْ
تُفْلِحُونَ ﴿١٠٠﴾ يٰٓأَيُّهَا الَّذِينَ اٰمَنُوا لَا تَسْـَٔلُوا عَنْ أَشْيَآءَ ع
إِنْ تُبْدَ لَكُمْ تَسُؤْكُمْ ۚ وَإِنْ تَسْـَٔلُوا عَنْهَا حِينَ يُنَزَّلُ
الْقُرْاٰنُ تُبْدَ لَكُمْ ۖ عَفَا اللّٰهُ عَنْهَا ۗ وَاللّٰهُ غَفُورٌ
حَلِيمٌ ﴿١٠١﴾ قَدْ سَأَلَهَا قَوْمٌ مِّنْ قَبْلِكُمْ ثُمَّ أَصْبَحُوا منزل ٢
بِهَا كٰفِرِينَ ﴿١٠٢﴾ مَا جَعَلَ اللّٰهُ مِنْ بَحِيرَةٍ وَّلَا سَآئِبَةٍ
وَّلَا وَصِيلَةٍ وَّلَا حَامٍ ۙ وَّلٰكِنَّ الَّذِينَ كَفَرُوا
يَفْتَرُونَ عَلَى اللّٰهِ الْكَذِبَ ۖ وَأَكْثَرُهُمْ لَا يَعْقِلُونَ ﴿١٠٣﴾
وَإِذَا قِيلَ لَهُمْ تَعَالَوْا إِلٰى مَآ أَنْزَلَ اللّٰهُ وَإِلَى الرَّسُولِ
قَالُوا حَسْبُنَا مَا وَجَدْنَا عَلَيْهِ اٰبَآءَنَا ۚ أَوَلَوْ كَانَ

તમે ફરમાવી દો કે ગંદુ અને સ્વચ્છ એક સરખાં નથી[૩૭] ભલે તને ગંદાની વધુમતી સારી લાગે. તો હે બુધ્ધિમાનો! અલ્લાહથી ડરતા રહો જેથી તમે સફળતા મેળવો (૧૦૦) અય ઇમાનવાળાઓ! એવી વાતો ન પૂછો કે જે તમને કહી દેવામાં આવે તો તમને ન ગમે[૩૮] અને એવી વાતોને એવા સમયે પૂછશો કે (જ્યારે) કુરઆન ઉતરી રહ્યું છે, તો (તે) તમારા પર ઉઘાડી દેવાશે અલ્લાહ એને માફ કરી ચૂક્યો છે.[૩૯] અને અલ્લાહ માફ કરનાર સહનશીલ છે (૧૦૧) તમારાથી પહેલાંની એક કૌમ એવી વાતો પૂછી,[૪૦] પછી તેના ઇન્કારી બની બેઠા (૧૦૨) અલ્લાહે કાન ચીરેલાં કે બજાર તેમજ વસીલા કે હામી નક્કી નથી કર્યાં,[૪૧] હા! કાફિર લોક અલ્લાહ પર જૂઠો આક્ષેપ મૂકે છે.[૪૨] અને એમનામાં ઘણા નર્યા મૂર્ખ છે[૪૩] (૧૦૩) અને જ્યારે એમને કહેવામાં આવે, 'આવો તેના તરફ જે અલ્લાહે ઉતાર્યું, અને રસૂલ તરફ (ત્યારે) કહે,[૪૪] 'અમને તે પુરતું છે જેના પર અમે પોતાના બાપદાદાને જોયા, શું તેમના બાપદાદા કંઇ

૩૨. એટલે કે ઝિલહજને જેમાં હજ કરાય છે.

૩૩. કે તેમાં સવાબ વધારે છે. આ બધી બાબતોને તમારા હિતોના સ્થાપનનું કારણ બનાવ્યું.

૩૪. તો હરમ અને હુરમત (હરમની ઈજ્જત)નો ખ્યાલ રાખો. અલ્લાહ પોતાની રહમતોના વર્ણન પછી પોતાના ગુણ શદીદુલ ઈકાબ (સખ્ત સજા દેનાર)નું બયાન કર્યું, જેથી ખૌફ અને ઉમ્મીદ મળીને ઈમાન સંપૂર્ણ બને, એ પછી ગફૂર અને રહીમના ગુણોના બયાન કરીને પોતાની રહમતની વિશાળતા જાહેર કરી.

૩૫. તો જ્યારે રસૂલ હુકમ પહોંચાડીને (જવાબદારીમાંથી) મુક્ત થઈ ગયા તો તમારા પર તેનું માનવું આવશ્યક થયું. દલીલ રજુ થઈ ગઈ, અને બહાનાની જગ્યા બાકી ન રહી.

૩૬. તેને તમારા બાહ્ય તથા અંતર અને મુનાફિકપણા તેમજ નિખાલસતાનું જ્ઞાન છે.

૩૭. એટલે કે હલાલ અને હરામ, સારૂં અને બુરૂં, મુસ્લિમ અને કાફિર, ખરૂં અને ખોટું એક કક્ષામાં નથી હોઈ શકતાં.

૩૮. **શાને નુઝૂલ** :- અમુક લોકો સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને ઘણા ફુઝૂલ પ્રશ્નો પૂછ્યા કરતા હતા, હુઝૂરના દિલ મુબારકને એ ગમતું ન હતું, એક દિવસે ફરમાવ્યું; 'જે પૂછવું હોય તે પૂછો હું દરેક વાતનો જવાબ આપીશ' ત્યારે એક માણસે પૂછયું કે; 'મારો અંજામ શું છે?' ફરમાવ્યું 'જહન્નમ!' એક માણસે પૂછ્યું કે 'મારો બાપ કોણ છે?' હુઝૂરે તેના બાપનું નામ કહી દીધું કે 'સદાકા', જેના બીનો તે હતો, (જેના નુત્ફાનો તે હતો), જો કે તેની માતાનો પતિ તો બીજો હતો, જેનો આ પુત્ર કહેવાતો હતો. ત્યારે આ આયત ઉતરી કે એવી વાતને ન પૂછો જે ઉઘાડી દેવામાં આવે તો તમને માઠી લાગે. (તફસીરે અહમદી)

બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે એક દિવસ સરવરે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ખુત્બાની વચમાં ફરમાવ્યું કે; 'જેને જે પૂછવું હોય તે પૂછો!' અબ્દુલ્લાહ બિન હુઝાફા સહમીએ ઉભા થઈને પૂછયું કે 'મારા પિતા કોણ છે?' ફરમાવ્યું 'હુઝાફા!' ફરી ફરમાવ્યું; 'હજુ પૂછો!' હઝરત ઉમર ઉભા થઈને ઈમાન અને રિસાલતના ઈકરાર પછી દરગુઝર કરવા વિનંતી કરી. ઈબ્ને શિહાબની રિવાયત છે કે (એ પછી) અબ્દુલ્લાહ બિન હુઝાફાની માતાએ તેમને કહયું કે; 'તું ઘણો કુપાત્ર પુત્ર છે, અજ્ઞાનયુગની સ્ત્રીઓની જે હાલત હતી તેની તને શું ખબર, અલ્લાહ ન કરે અને તારી માંથી કોઈ ગુન્હો થયો હોત, તો આજ તે કેવી બદનામ થાત?' ત્યારે અબ્દુલ્લાહ બિન હુઝાફાએ કહ્યું; 'જો હુઝૂર કોઈ હબશી ગુલામને મારો બાપ કહેત તો હું ખાત્રી સહિત માની લેત.

બુખારી શરીફની હદીષમાં છે કે લોકો મશ્કરી રૂપે આવા સવાલો કરતા હતા, કોઈ પૂછતું, મારો બાપ કોણ છે? કોઈ પૂછતું, મારી ઊંટણી ખોવાઈ ગઈ છે તે ક્યાં છે? ત્યારે આ આયત ઉતરી.

મુસ્લિમ શરીફની હદીષમાં છે કે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ખુત્બહ દરમ્યાન હજ ફર્ઝ હોવાનું જણાવ્યું, ત્યારે એક માણસે પૂછયું કે; 'શું દર વર્ષે ફર્ઝ છે?' હુઝૂર ચૂપ રહયા. પૂછનારે ફરી પૂછયું, ત્યારે ફરમાવ્યું કે; 'જે હું બયાન ન કરૂં તેની પાછળ ન પડો, જો હું હા કહી દેત તો દર વરસે હજ ફર્ઝ થઈ જાત, અને તમે તે કરી શકત નહિ.'

**મસઅલો** :- આથી જણાયું કે અહકામનો હુઝૂરને અખત્યાર આપવામાં આવ્યો છે, જે ફર્ઝ કરે તે ફર્ઝ થઈ જાય, જેને ન કરે તે ન થાય.

૩૯. **મસઅલો** :- આ આયતથી સાબિત થયું કે જે વાતની મનાઈ શરીઅતમાં ન આવી હોય તે મુબાહ છે. હઝરત સલમાન રદીયલ્લાહુ અન્હૂની હદીષમાં છે કે હલાલ તે છે જે અલ્લાહે પોતાની કિતાબમાં હલાલ કર્યું. હરામ તે છે જેને તેણે પોતાની કિતાબમાં હરામ ઠેરવ્યું, અને જેના વિષે ચુપકીદી સેવવામાં આવી તે માફ છે, તો કષ્ટમાં ન પડો. (ખાઝિન)

૪૦. પોતાના પૈગમ્બરોને ફુઝૂલ સવાલ પૂછયા, પૈગમ્બરોએ (તેના) હુકમો કહયા ત્યારે તે મુજબ કરી શક્યા નહિ.

૪૧. અજ્ઞાનયુગમાં કાફિરોનો એ નિયમ હતો કે જે ઊંટણી પાંચ વખત વિયાતી અને છેલ્લીવાર તેને નર બચ્ચું આવતું તો તેનો કાન ચીરી નાખતા, પછી તેના પર ન સવારી કરતા ન તેને ઝુબેહ કરતા ન તેને ચારા પાણી પરથી નસાડતા, આને તેઓ 'બહીરા' કહેતા હતા, અને જયારે કોઈ મુસાફરી આવી પડતી અથવા કોઈ બીમાર પડતું ત્યારે એવી નજર (બાધા) રાખતા કે જો હું મુસાફરીમાંથી સહી સલામત પાછો આવીશ અથવા તંદુરુસ્ત થઈ જઈશ તો મારી ઊંટણી ''સાઈબા'' (બજાર) છે. પછી બહીરાની જેમ તેને પણ ઉપભોગવાનું હરામ ગણતા, અને તેને છુટી મૂકી દેતા, અને બકરી જ્યારે સાત વખત વિયાઈ ચૂકતી અને તેનું સાતમું બચ્ચું નર હોતું તો તેને પુરૂષો આરોગતા, અને નારી હોતું તો તેને બકરીઓમાં છુટુ મૂકી દેતા, અને નર નારી બંને હોતાં તો પણ છોડી મૂકતા અને કહેતા હતા કે એ પોતાના ભાઈ પાસે જતી રહી. એને તેઓ ''વસીલા'' કહેતા. અને જયારે નર ઊંટથી દસ ગર્ભ મળી જતા, તો તેને છોડી દેતા, ન તેના પર સવારી કરતા ન તેના પાસેથી કામ લેતા અને ન તેને ચારા પાણી પરથી હાંકતા, એને ''હામી'' કહેતા. (મદારિક)

બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે 'બહીરા' તે (જાનવર) છે જેનું દૂધ મૂર્તિઓ માટે રોકી લેતા હતા, કોઈ તેનુ દૂધ દોહતું નહિ, અને 'સાઈબા' તે છે જેને તેઓ પોતાની મૂર્તિઓ માટે છુટા મૂકી દેતા હતા,

اٰبَآؤُهُمْ لَا يَعْلَمُوْنَ شَيْـًٔا وَّلَا يَهْتَدُوْنَ ﴿١٠٤﴾ يٰٓاَيُّهَا
الَّذِيْنَ اٰمَنُوْا عَلَيْكُمْ اَنْفُسَكُمْ لَا يَضُرُّكُمْ مَّنْ ضَلَّ
اِذَا اهْتَدَيْتُمْ اِلَى اللّٰهِ مَرْجِعُكُمْ جَمِيْعًا فَيُنَبِّئُكُمْ بِمَا
كُنْتُمْ تَعْمَلُوْنَ ﴿١٠٥﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا شَهَادَةُ بَيْنِكُمْ
اِذَا حَضَرَ اَحَدَكُمُ الْمَوْتُ حِيْنَ الْوَصِيَّةِ اثْنٰنِ
ذَوَا عَدْلٍ مِّنْكُمْ اَوْ اٰخَرٰنِ مِنْ غَيْرِكُمْ اِنْ اَنْتُمْ
ضَرَبْتُمْ فِي الْاَرْضِ فَاَصَابَتْكُمْ مُّصِيْبَةُ الْمَوْتِ
تَحْبِسُوْنَهُمَا مِنْۢ بَعْدِ الصَّلٰوةِ فَيُقْسِمٰنِ بِاللّٰهِ
اِنِ ارْتَبْتُمْ لَا نَشْتَرِيْ بِهٖ ثَمَنًا وَّلَوْ كَانَ ذَا قُرْبٰى
وَلَا نَكْتُمُ شَهَادَةَ اللّٰهِ اِنَّآ اِذًا لَّمِنَ الْاٰثِمِيْنَ ﴿١٠٦﴾
فَاِنْ عُثِرَ عَلٰٓى اَنَّهُمَا اسْتَحَقَّآ اِثْمًا فَاٰخَرٰنِ يَقُوْمٰنِ

ન જાણે અને ન તો રસ્તા પર હોય છતાં પણ?[45] (૧૦૪) અય ઇમાનવાળાઓ! તમે પોતાની ફિકર કરો, તમારૂં કશું બગાડી શકશે નહીં જે ગુમરાહ થયો, જ્યારે કે તમે માર્ગ પર હોવ.[46] તમારા બધાનું પ્રતિ કેન્દ્ર અલ્લાહ તરફ જ છે. પછી તે તમને બતાવી દેશે જે તમે કરતા હતા (૧૦૫) અય ઇમાનવાળાઓ![47] તમારી અંદરો અંદરની સાક્ષી, જ્યારે તમારામાંથી કોઇને મોત આવે[48] વસિય્યત કરતી વેળા તમારામાંના બે વિશ્વાસપાત્ર માણસો છે, અથવા પારકાઓમાંના બે. જ્યારે તમે દેશમાં સફરે જાવ, પછી તમને મૃત્યુનો અકસ્માત નડે, (તો) પેલા બન્નેને નમાઝ પછી અટકાવો.[49] તેઓ અલ્લાહની કસમ ખાય જો તમને કંઇ શક પડે.[50] અને કસમના બદલે કંઇ માલ નહીં ખરીદીએ.[51] ભલે નજીકનો સગો હોય, અને અલ્લાહની ગવાહી નહીં સંતાડીએ. આવું કરીએ તો અમે અવશ્ય ગુનેહગારોમાં છીએ (૧૦૬) પછી ખબર પડે કે તેઓ કોઇ ગુનાહને પાત્ર ઠર્યા[52] તો તેમની જગ્યા એ બીજા બે

કોઈ તેનાથી કામ લેતું નહિ. આ રીત રસમો અજ્ઞાન યુગથી લઈને ઈસ્લામના આરંભના સમય સુધી ચાલતી આવી હતી. આ આયતમાં તેને રદ કરવામાં આવી

૪૨. કારણ કે અલ્લાહ તઆલાએ એ જાનવરોને હરામ કર્યાં નથી. તેના તરફ એનો સંબંધ જોડવો ખોટો છે.

૪૩. જેઓ પોતાના આગેવાનોના કહેવાથી એ વસ્તુઓને હરામ સમજે છે, તેઓ એટલો વિચાર નથી કરતા કે જે વસ્તુ અલ્લાહે અને તેના રસૂલે હરામ નથી કરી તેને કોણ હરામ કરી શકે છે?

૪૪. એટલે કે અલ્લાહ અને રસૂલને અનુસરો અને જાણી લો કે આ વસ્તુઓ હરામ નથી.

૪૫. બાપ દાદાનું અનુકરણ ત્યારે ઠીક કહેવાત જ્યારે તે જ્ઞાન ધરાવતા હોત અને સીધા માર્ગ પર હોત.

૪૬. મુસ્લિમો કાફિરોના અભાગીપણા પર ખેદ કરતા હતા. અને એમને દુઃખ થતું હતું કે કાફિરો હસદના કારણે ઈસ્લામની દોલતથી વંચિત રહ્યા અલ્લાહ તઆલાએ એમને તસલ્લી આપી કે તેમાં તમારૂ કશું નુકશાન નથી. ભલાઈનો નિર્દેશ અને બુરાઈથી રોકીને તમે જવાબદારીમાંથી મુક્ત બની ગયા. તમે પોતાની નેકીનું વળતર મેળવશો.

અબ્દુલ્લાહ ઈબ્ને મુબારકે કહ્યું કે આ આયતમાં ભલાઈનો હુકમ કરવાની અને બુરાઈથી રોકવાની પણ તાકિદ છે. કારણ કે પોતાની ફિકર કરવાનો અર્થ એ છે કે એક બીજાની સંભાળ રાખે, નેકીઓનો શોખ અપાવે અને બુરાઈઓથી રોકે. (ખાઝિન)

مقامهما من الذين استحق عليهم الأوليان
فيقسمان بالله لشهادتنا أحق من شهادتهما
وما اعتدينا إنا إذا لمن الظالمين (١٠٧) ذلك أدنى
أن يأتوا بالشهادة على وجهها أو يخافوا أن
ترد أيمان بعد أيمانهم واتقوا الله واسمعوا
والله لا يهدي القوم الفاسقين (١٠٨) يوم يجمع
الله الرسل فيقول ماذا أجبتم قالوا لا علم لنا
إنك أنت علام الغيوب (١٠٩) إذ قال الله يا عيسى ابن
مريم اذكر نعمتي عليك وعلى والدتك إذ أيدتك
بروح القدس تكلم الناس في المهد وكهلا وإذ
علمتك الكتاب والحكمة والتوراة والإنجيل

ઉભા થાય તેમનામાંથી, કે આ ગુનાહ એટલે જૂઠી ગવાહીએ એમનો હક મારીને એમને નુકસાન કર્યું[૫૩] જેઓ મય્યતથી વધુ નિકટ હોય, તો (તેઓ અલ્લાહની કસમ ખાય કે અમારી ગવાહી વધારે ખરી છે પેલા બેની ગવાહી કરતાં, અને અમે હદથી વધ્યા નથી,[૫૪] એવું હોય તો અમે જાલિમોમાં થઇએ (૧૦૭) આ વધુ નજીક છે એનાથી કે ગવાહી જેવી (આપવી) જોઇએ તેવી આપે, અથવા ડરે કે અમુક કસમો રદ કરવામાં આવે તેમની કસમો પછી,[૫૫] અને ડરો અલ્લાહથી, અને હુકમ સાંભળો. અને અલ્લાહ અનાજ્ઞાંકિતોને માર્ગ આપતો નથી (૧૦૮) જે દિવસે અલ્લાહ રસૂલોને એકઠા કરશે,[૫૬] પછી ફરમાવશે, 'તમને શું જવાબ મળ્યો?'[૫૭] વિનવશે, 'અમને કશી જાણ નથી, બેશક! તુ જ છે સર્વ ગૈબોનો જાણનાર'[૫૮] (૧૦૯) જ્યારે અલ્લાહ ફરમાવશે, 'અય મરયમના પુત્ર ઇસા! તારા પર અને તારી મા પર[૫૯] મારો ઉપકાર યાદ કર જ્યારે મેં પવિત્ર રૂહથી તારી મદદ કરી,[૬૦] તું પારણામાં(થી જ) લોકો સાથે વાતો કરતો,[૬૧] અને પાકી વયે થઇને[૬૨] (પણ) અને જ્યારે મેં તને શિખવાડી કિતાબ અને હિકમત[૬૩] અને તવરાત અને ઇન્જીલ. અને જ્યારે તું

૪૭. શાને નુઝૂલ :- મુહાજીરોમાંના બદીલ કે જેઓ અમ્ર બિન આસના આઝાદ કરેલા ગુલામો પૈકીમાંથી હતા. વેપાર અર્થે બે નસરાનીઓ સાથે શામ દેશ તરફ રવાના થયા. તેમાંથી એકનું નામ તમીમ બિન ઓસ દારી હતું, અને બીજાનું અદી બિન બદાઅ. શામ પહોંચતાંની સાથે જ બદીલ બીમાર પડયા. તેમણે પોતાના બધા સામાનનું એક લીસ્ટ લખીને સામાનમાં મૂકી દીધું, અને સાથીઓને એની ખબર ન આપી. જ્યારે બીમારી સખ્ત બની ગઈ ત્યારે બદીલે તમીમ અને અદી બન્નેને વસિય્યત કરી કે એમનો બધો જ માલ સામાન મદીના શરીફ જઈને એમના લોકોને આપી દે. બદીલની વફાત થઈ ગઈ. પેલા બંનેએ એમના મૃત્યુ પછી એમનો સામાન જોયો, તેમાં એક ચાંદીનો જામ પણ હતો જેના પર સોનાનું કામ કરેલું હતું, અને તેમાં ૩૦૦ મિસ્કાલ (લગભગ પોણા ઓગણીસ તોલા) ચાંદી હતી. બદીલ એ જામ બાદશાહને ભેટ આપવા માટે લાવ્યા હતા. એમની વફાત પછી એમના બન્ને સાથીઓએ તે જામ ગુમ કરી દીધો. અને પોતાના કામથી પરવાર્યા પછી જ્યારે એ લોકો મદીના શરીફ ગયા ત્યારે તેમણે બદીલનો સામાન તેમના ઘરવાળાને સોંપી દીધો. સામાન ઉઘાડયા પછી પેલું લીસ્ટ તેમના ઘરવાળાઓના હાથ ચઢી ગયું, તે મુજબ સામાન સરખાવીને જોયો તો એક જામ ન હતો. પછી તે લોકો તમીમ અને અદી પાસે ગયા અને પૂછયું; 'બદીલે' કોઈ વેપારી લેન દેન કરી હતી?' કહ્યું; 'ના' ફરી પૂછ્યું, બદીલ લાંબી મુદ્દત બીમાર રહયા? તેમને પોતાના ઈલાજ માટે કંઈ પણ ખર્ચ કર્યો હતો? પેલાએ કહ્યું; 'નહિ, તેઓ તો શહેરમાં આવતાં જ બીમાર પડી ગયા અને ઘણા જ જલ્દી ગુજરી પણ ગયા,' ત્યારે તેમણે કહ્યું કે; 'તેમના સામાનમાંથી એક લીસ્ટ નીકળ્યું છે, તેમાં એક જામ પણ લખેલો છે. જે ચાંદીનો છે અને તેના પર સોના વડે નકશી પડેલી છે, તે ૩૦૦ મિસ્કાલ

ચાંદીનો છે.' ત્યારે તમીમ અને અદી એ કહ્યું; 'અમે કશું જાણતા નથી, અમને તો જે પ્રમાણે વસિય્યત કરી હતી તે મુજબ સામાન તમને સુપ્રત કરી દીધો, જામની તો અમને ખબર પણ નથી.

આ કેસ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના દરબારમાં રજુ થયો. તમીમ અને અદી ત્યાં પણ ઈન્કાર પર જમેલા રહ્યા, અને કસમ પણ ખાઈ લીધી, ત્યારે આ આયત ઉતરી. (ખાઝિન)

હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમા બયાન કરે છે કે પછી તે જામ મક્કા શરીફમાં પકડાઈ ગયો. જે માણસ પાસે હતો તેણે કહ્યું કે તેણે તે તમીમ અને અદી પાસેથી ખરીદ્યો છે. જામના માલિકના વારસદારોમાંથી બે જણાઓએ ઉભા થઈને કસમ ખાધી કે અમારી સાક્ષી તેમની સાક્ષી કરતાં વધારે હકદાર છે. આ જામ અમારા મૃત્યુ પામનારનો છે. તે બાબત આ આયત ઉતરી. (તિરમિઝી)

૪૮. એટલે કે મૃત્યુનો સમય નજીક આવી ગયો, જીવનની આશા ન રહે, મોતની નિશાનીઓ અને ચિન્હો દેખાવા માંડે.

૪૯. આ નમાઝથી અસરની નમાઝ મુરાદ છે. કારણ કે તે લોકોનો ભેગા થવાનો સમય હોય છે. હસન રહમતુલ્લાહે અલયહે ફરમાવ્યું છે કે અહીં ઝોહર કે અસરની નમાઝ માનવામાં આવી છે. કારણ કે હિજાઝવાળાઓ કેસોનો નિકાલ એ જ સમય કરતા હતા. હદીષ શરીફમાં છે કે જ્યારે આ આયત ઉતરી ત્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે અસરની નમાઝ પઢીને તમીમ અને અદીને બોલાવ્યા, તે બન્નેને મિમ્બર પાસે કસમો આપી, તેમણે કસમો ખાઈ લીધી. ત્યાર પછી મક્કા શરીફમાંથી પેલો જામ પકડાયો, અને જે માણસ પાસે હતો તેણે કહયું કે મેં તમીમ અને અદી પાસેથી ખરીદ્યો છે. (મદારિક)

૫૦. તેમની ઈમાનદારી અને સુદાનત પર, અને તેઓ આવું કહે કે;

૫૧. એટલે કે જૂઠી કસમ નહિ ખાય, અને કોઈને ખાતર આવું નહિ કરે.

૫૨. દાનત બગાડી, અથવા જૂઠ વિગેરે.

૫૩. અને તેઓ મરનારનાં સગાં સ્નેહીઓ છે.

૫૪. જેમકે બદીલના બનાવમાં જ્યારે તેમના બન્ને સાથીદારોની બેઈમાની પકડાઈ ગઈ ત્યારે બદીલના વારસદારોમાંથી બે માણસ ઉભા થયા અને તેમણે કસમ ખાધી કે આ જામ અમારા મરનારનો છે, અને અમારી સાક્ષી એ બન્નેની કરતાં વધારે ઠીક છે.

૫૫. અર્થનો નિષ્કર્ષ એ છે કે આ બાબતમાં જે હુકમ આપવામાં આવ્યો કે અદી અને તમીમની કસમો પછી માલ પકડાયો ત્યારે મરનારના વારસદારો પાસે કસમો ખવડાવી. આ એટલા માટે કે લોકો આ બનાવથી બોધ ગ્રહણ કરે, અને ગવાહીમાં સાચો માર્ગ અને ખરી વાત છોડી ન દે, અને એ વાતથી ડરતા રહે કે જૂઠી ગવાહીનું પરિણામ શરમિંદગી અને ફજેતી છે.

**ફાયદો** :- દાવો કરનારને કસમ ખાવાની નથી હોતી, પણ આ બનાવમાં માલ પકડાયો ત્યારે જે બે પર દાવો કરવામાં આવ્યો હતો તેમણે પ્રતિદાવો કર્યો કે એ માલ તો તેમણે મરનાર પાસેથી ખરીદી લીધો હતો. હવે તેમની પરિસ્થિતિ દાવો કરનારની બની ગઈ, અને તેમની પાસે કશો પૂરાવો ન હતો એટલા માટે તેમના વિરુદ્ધ વારસદારોની કસમો લેવામાં આવી.

૫૬. એટલે કે કયામતના દિવસે.

૫૭. અર્થાત જ્યારે તમે પોતાની ઉમ્મતોને ઈમાનનું નિમંત્રણ આપ્યું ત્યારે તેમણે તમને શું જવાબ આપ્યો? આવું પૂછવામાં નહિ માનનારાઓને ધમકી છે.

وَاِذْ تَخْلُقُ مِنَ الطِّيْنِ كَهَيْـَٔةِ الطَّيْرِ بِاِذْنِيْ فَتَنْفُخُ
فِيْهَا فَتَكُوْنُ طَيْرًا بِاِذْنِيْ وَتُبْرِئُ الْاَكْمَهَ وَالْاَبْرَصَ
بِاِذْنِيْ وَاِذْ تُخْرِجُ الْمَوْتٰى بِاِذْنِيْ وَاِذْ كَفَفْتُ بَنِيْٓ
اِسْرَآءِيْلَ عَنْكَ اِذْ جِئْتَهُمْ بِالْبَيِّنٰتِ فَقَالَ الَّذِيْنَ
كَفَرُوْا مِنْهُمْ اِنْ هٰذَآ اِلَّا سِحْرٌ مُّبِيْنٌ ﴿١١٠﴾ وَاِذْ اَوْحَيْتُ
اِلَى الْحَوَارِيّٖنَ اَنْ اٰمِنُوْا بِيْ وَبِرَسُوْلِيْ قَالُوْٓا اٰمَنَّا
وَاشْهَدْ بِاَنَّنَا مُسْلِمُوْنَ ﴿١١١﴾ اِذْ قَالَ الْحَوَارِيُّوْنَ يٰعِيْسَى
ابْنَ مَرْيَمَ هَلْ يَسْتَطِيْعُ رَبُّكَ اَنْ يُّنَزِّلَ عَلَيْنَا مَآئِدَةً
مِّنَ السَّمَآءِ قَالَ اتَّقُوا اللّٰهَ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿١١٢﴾
قَالُوْا نُرِيْدُ اَنْ نَّاْكُلَ مِنْهَا وَتَطْمَىِٕنَّ قُلُوْبُنَا وَنَعْلَمَ
اَنْ قَدْ صَدَقْتَنَا وَنَكُوْنَ عَلَيْهَا مِنَ الشّٰهِدِيْنَ ﴿١١٣﴾

મારા હુકમથી માટીમાંથી પક્ષી જેવો આકાર બનાવતો. પછી તેમાં ફૂંક મારતો તો તે ઉડવા માંડતુ.[૬૪] મારા હુકમથી. અને તુ જન્મજાત આંધળાને અને સફેદ ડાઘ (કોઢ) વાળાને મારા હુકમથી સારૂં કરી દેતો. અને જ્યારે તું મરેલાઓને મારા હુકમથી જીવતાં કાઢતો.[૬૫] અને જ્યારે મેં બની ઇસરાઇલને તારાથી રોક્યા,[૬૬] જ્યારે તું તેમની પાસે સ્પષ્ટ નિશાની લઇને આવ્યો તો તેમનામાંના કાફિરો બોલ્યા, 'આ તો[૬૭] નથી પણ ખુલ્લો જાદુ' (૧૧૦) અને જ્યારે મેં હવારીઓ[૬૮] ના હૃદયમાં નાખ્યું કે મારા પર અને મારા રસૂલ[૬૯] પર ઇમાન લાવો. બોલ્યા, 'અમે ઇમાન લાવ્યા અને સાક્ષી રહે કે અમે મુસલમાન છીએ[૭૦] (૧૧૧) અને જ્યારે હવારીઓએ કહ્યું, 'અય ઇસા! મરયમના પુત્ર! શું તમારો રબ એવું કરશે કે અમારા પર આકાશમાંથી એક ભરેલો થાળ ઉતારે?[૭૧] કહ્યું, અલ્લાહથી ડરો જો ઇમાન ધરાવતા હોવ[૭૨] (૧૧૨) બોલ્યા, 'અમે ઈચ્છીએ છીએ[૭૩] કે તેમાંથી ખાઈએ અને અમારા હૃદયો શાંત્વન પકડે,[૭૪] અને અમે નજરે જોઇ લઇએ કે તમે અમને સાચું કહ્યું,[૭૫] અને અમે એના પર સાક્ષી બની જઇએ'[૭૬] (૧૧૩)

૫૮. નબીઓના આ જવાબ તેમના કમાલ દરજ્જાની અદબને જાહેર કરે છે કે તેઓ અલ્લાહના ઇલ્મ સમક્ષ પોતાની જાણકારીને જરા પણ દ્રષ્ટિમાં નહિ લાવે અને ઉલ્લેખ પાત્ર નહિ સમજે, અને મામલો અલ્લાહના ઈલ્મ અને ન્યાય પર છોડી દેશે.

૫૯. કે મેં તને શુદ્ધ કરી અને સમગ્ર જગતની સ્ત્રીઓ પર તેણીને શ્રેષ્ઠતા આપી.

૬૦. એટલે કે હઝરત જિબ્રઈલ દ્વારા કે તેઓ હઝરત ઈસા અલયહિસ્સલામની સાથે રહેતા અને કપરા સંજોગોમાં તેમની સહાય કરતા હતા.

૬૧. બાળપણામાં, અને એ મુઅજિઝો છે.

૬૨. આ આયતથી સાબિત થાય છે કે હઝરત ઈસા અલયહિસ્સલામ કયામત પહેલાં (આસ્માનમાંથી) ઉતરશે. કારણ કે પાકી વય થતાં પહેલાં આપને ઉપાડી લેવામાં આવ્યા, ઉતરશે ત્યારે આપ ૩૩ વરસના યુવાનના રૂપમાં હશે, અને આયત અનુસાર વાત કરશે અને જે પારણામાં કહ્યું હતું કે "ઈન્ની અબ્દુલ્લાહ" (હું અલ્લાહનો બંદો છું) તે જ ફર્માવશે. (જુમલ)

૬૩. અર્થાત ઈલ્મના ગુઢાર્થો.

૬૪. એ પણ હઝરત ઈસા અલયહિસ્સલામનો મુઅજિઝો હતો.

૬૫. આંધળાને અને કોઢવાળાને દેખતો અને તંદુરસ્ત બનાવી દેવો, અને મુડદાંઓને કબરોમાંથી જીવતાં કરી કાઢવાં, એ બધા અલ્લાહના હુકમથી હઝરત ઈસા અલયહિસ્સલામના મો'જિઝા હતા.

૬૬. આ એક વધુ નેઅમતનું બયાન છે કે અલ્લાહ તઆલાએ હઝરત ઈસા અલયહિસ્સલામની

مَرयमના પુત્ર ઇસાએ વિનંતી કરી, 'અય અલ્લાહ! અય અમારા રબ! અમારા પર આકાશમાંથી એક ભરેલો થાળ ઉતાર કે તે અમારા માટે ઇદ બને[૭૭] અમારા આગલા પાછલાઓની,[૭૮] અને તારા તરફથી નિશાની [૭૯] અને અમને રોજી આપ, અને તું સર્વોત્તમ રોજી દેનાર છે.' (૧૧૪) અલ્લાહે ફરમાવ્યું કે, 'હું તે તમારા પર ઉતારૂં છું. પછી જે હવે તમારામાં કુફ્ર કરશે[૮૦] તો બેશક! હું તેને તે અઝાબ આપીશ કે કોઇને પણ આખા જહાનમાં નહીં કરૂં[૮૧] (૧૧૫) અને જ્યારે અલ્લાહ ફરમાવશે,[૮૨] 'અય મરયમના પુત્ર ઇસા! શું તેં લોકોને કહી રાખ્યું હતું કે અલ્લાહ સિવાય મને અને મારી માંને બે ખુદા બનાવી લો?[૮૩] (ઇસા) વિનંતી કરશે, 'તને પવિત્રતા છે,[૮૪] મને યોગ્ય નથી કે તે વાત કહું જે (કહેવાનો અધિકાર) મને નથી પહોંચતો,[૮૫] જો મેં એવું કહ્યું હોય તો જરૂર તને ખબર હશે, તુ જાણે છે જે મારા જીવમાં છે, અને હું નથી જાણતો જે તારી જાણમાં છે, બેશક! તુજ બધા ગૈબોને ખૂબ જાણનાર[૮૬] (૧૧૬) મેં તો તેમને નથી કહ્યું પણ તેજ જે તેં મને હુકમ આપ્યો કે પૂજો (તેને) જે મારો પણ

واذا سمعوا ٧ — المائدة ٥

قَالَ عِيسَى ابْنُ مَرْيَمَ اللّٰهُمَّ رَبَّنَآ اَنْزِلْ عَلَيْنَا مَآئِدَةً
مِّنَ السَّمَآءِ تَكُوْنُ لَنَا عِيْدًا لِّاَوَّلِنَا وَاٰخِرِنَا وَاٰيَةً
مِّنْكَ وَارْزُقْنَا وَاَنْتَ خَيْرُ الرّٰزِقِيْنَ ﴿١١٤﴾ قَالَ اللّٰهُ
اِنِّيْ مُنَزِّلُهَا عَلَيْكُمْ فَمَنْ يَّكْفُرْ بَعْدُ مِنْكُمْ فَاِنِّيْٓ
اُعَذِّبُهٗ عَذَابًا لَّآ اُعَذِّبُهٗٓ اَحَدًا مِّنَ الْعٰلَمِيْنَ ﴿١١٥﴾
وَاِذْ قَالَ اللّٰهُ يٰعِيْسَى ابْنَ مَرْيَمَ ءَاَنْتَ قُلْتَ لِلنَّاسِ
اتَّخِذُوْنِيْ وَاُمِّيَ اِلٰهَيْنِ مِنْ دُوْنِ اللّٰهِ قَالَ سُبْحٰنَكَ
مَا يَكُوْنُ لِيْٓ اَنْ اَقُوْلَ مَا لَيْسَ لِيْ بِحَقٍّ اِنْ
كُنْتُ قُلْتُهٗ فَقَدْ عَلِمْتَهٗ تَعْلَمُ مَا فِيْ نَفْسِيْ وَلَآ
اَعْلَمُ مَا فِيْ نَفْسِكَ اِنَّكَ اَنْتَ عَلَّامُ الْغُيُوْبِ ﴿١١٦﴾ مَا
قُلْتُ لَهُمْ اِلَّا مَآ اَمَرْتَنِيْ بِهٖٓ اَنِ اعْبُدُوا اللّٰهَ

યહૂદીઓની શરારતથી રક્ષા કરી, જેમણે હઝરતના સ્પષ્ટ મુઅજિઝા જોઈને એમને મારી નાખવાનો ઈરાદો કર્યો. અલ્લાહ તઆલાએ આપને આસ્માન પર ઉઠાવી લીધા, અને યહૂદીઓ પોતાના આશયમાં અફળીભૂત થયા.

૬૭. એટલે કે હઝરત ઇસા અલયહિસ્સલામના મો'જિઝા.

૬૮. હવારી હઝરત ઈસા અલયહિસ્સલામના અસ્હાબ આપના ખાસ લોકો છે.

૬૯. હઝરત ઈસા અલયહિસ્સલામ પર.

૭૦. અંતર અને બાહયમાં નિખાલસ ને આજ્ઞાંકિત.

૭૧. અર્થ એ છે કે શું અલ્લાહ તઆલા એ બાબત આપની દુઆ કબૂલ કરશે?

૭૨. અને પરહેઝગારી ધારણ કરો જેથી એ મુરાદ પૂરી થાય. અમુક તફસીરકારોએ કહ્યું; અર્થ એ છે કે બધી ઉમ્મતોમાં નિરાલો સવાલ કરવાથી અલ્લાહનો ડર રાખો અથવા અર્થ એ છે કે તેની કમાલ કુદરત પર શ્રદ્ધા રાખતા હોય તો એમાં શંકા ન રાખો. હવારીઓ મોમિન અને આરિફ તેમજ અલ્લાહની કુદરતને માનનાર હતા, તેમણે ઈસા અલયહિસ્સલામને કહયું;

૭૩. બરકત પ્રાપ્ત કરવા માટે.

૭૪. અને શ્રદ્ધા પાકી થાય, અને જે રીતે અમે અલ્લાહની કુદરતને દલીલ દ્વારા જાણી છે તેવી જ રીતે નજરે નિહાળીને પણ તેને પાકી કરી લઈએ.

૭૫. બેશક! તમે અલ્લાહના રસૂલ છો.

૭૬. અમારી પાછળવાળાઓ માટે, હવારીઓની એ માંગણી પછી હઝરત ઈસા અલયહિસ્સલામે તેમને ત્રીસ રોઝા રાખવાનો હુકમ આપ્યો, અને કહ્યું કે; જ્યારે તમે એ રોઝાઓથી પરવારશો ત્યારે જે દુઆ અલ્લાહ પાસે માંગશો તે કબૂલ થશે. તેમણે રોઝા પુરા કરીને થાળ ઉતારવાની દુઆ કરી. ત્યારે હઝરત ઈસા અલયહિસ્સલામે ગુસ્લ કર્યું, અને જાડા કપડાં પહેર્યા, અને બે રકઅત નમાઝ પઢયા, અને મુબારક માથુ નમાવ્યું, અને રડી રડીને તે દુઆ માંગી જેનું વર્ણન આગળની આયતમાં છે.

૭૭. એટલે કે અમે તેને ઉતરવાના દિવસને ઈદ બનાવીએ, તેની તાઝીમ કરીએ, ખુશીઓ મનાવીએ, તારી ઈબાદત કરીએ, આભાર (શુક્ર) માનીએ.

**મસ્અલો :** એથી એ જણાયું કે જે દિવસે અલ્લાહની ખાસ રહમત ઉતરે તે દિવસને ઈદ બનાવવી. અને જરા પણ શંકા નથી કે સૈયદે આલમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની પધરામણીના દિવસે ખુશીઓ મનાવવી અને ઈબાદત કરવી તથા શુક્ર બજાવવો એ સાલિહીન (નેક લોકો)નો તરીકો છે. અને મહાનતર નેઅમત અને શ્રેષ્ઠતમ રહમત છે. એટલે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના મુબારક જન્મના દિવસને ઈદ બનાવવો (ઈદે મીલાદ) અને મીલાદ શરીફ પઢીને અલ્લાહનો શુક્ર બજાવી લાવવો, અને હર્ષ ઉલ્લાસ જાહેર કરવો ઈચ્છનીય, ગમ્ય (ગમી જાય તેવું) અને અલ્લાહના મકબૂલ બંદાઓનો તરીકો છે.

૭૮. જે દીનદાર લોકો અમારા સમયમાં છે તેમની અને જે અમારા પછી આવે તેમની.

૭૯. તારી કુદરતની અને મારી નબુવ્વતની.

૮૦. એટલે કે થાળ ઉતર્યા પછી.

૮૧. જેમકે આકાશમાંથી થાળ ઉતર્યો. ત્યાર પછી જેમણે એમનામાંથી કુફ્ર કર્યું તેઓની મુખાકૃતિ બદલીને સુવ્વરો બનાવી દેવામાં આવ્યા, અને ત્રણ દિવસમાં બધા નાશ પામ્યા.

૮૨. કયામતના દિવસે ઈસાઈઓને ધમકાવવા માટે.

૮૩. આ સંબોધન સાંભળીને હઝરત ઈસા અલયહિસ્સલામ ધ્રુજી ઉઠશે, અને;

૮૪. તમામ ઐબો અને ખોટથી, અને એનાથી કે કોઈ તારો ભાગીદાર બની શકે.

૮૫. અર્થાત જ્યારે કોઈ તારો ભાગીદાર બની શકતો નથી તો પછી હું લોકોને એવું કઈ રીતે કહી શકતો હતો.

૮૬. ઈલ્મનો સંબંધ અલ્લાહ તઆલા સાથે જોડવો અને પરિસ્થિતિ તેને હવાલે કરી દેવી અને અલ્લાહની મહાનતા સામે પોતાની જાતને કમતર સમજવી એ હઝરત ઈસા અલયહિસ્સલામનો અદબ છે.

૮૭. "તવફ્ફયતની"ના શબ્દથી હઝરત ઈસા અલયહિસ્સલામના મૃત્યુ પર દલીલ કરવી ખરી નથી, કારણ કે પ્રથમ તો "તવફ્ફા" નો શબ્દ મૃત્યુ માટે જ ચોક્કસ નથી, કોઈ વસ્તુને પુરે પુરી રીતે લેવાને પણ કહે છે, ભલે પછી એ મૃત્યુ વગર હોય, જેવું કે કુરઆન મજીદમાં ફરમાવ્યું છે "અલ્લાહુ યતવફ્ફલ અન્ફુસ હીન મવતિહા વલ્લતી લમ યમુત ફી મનામિહા" (અલ્લાહ પ્રાણોને પુરી રીતે લઈ લે છે તેમના મૃત્યુ સમયે, અને જે મર્યા નથી તેમને ઊંઘવામાં.)

બીજું આ સવાલ જવાબ કયામતના દિવસના છે તેથી જો તવવાફ્ફનો શબ્દ મૃત્યુના અર્થમાં પણ માની લેવામાં આવે તો પણ હઝરત ઈસા અલયહિસ્સલામનું મૃત્યુ એમના પુનરાગમન પહેલાં સાબિત થઈ શકશે નહિ.

૮૮. અને મારી કે તેમની, કોઈની પણ હાલત તારાથી છુપી નથી.

رَبِّي وَرَبَّكُمْ وَكُنتُ عَلَيْهِمْ شَهِيدًا مَّا دُمْتُ فِيهِمْ
فَلَمَّا تَوَفَّيْتَنِي كُنتَ أَنتَ الرَّقِيبَ عَلَيْهِمْ وَأَنتَ
عَلَىٰ كُلِّ شَيْءٍ شَهِيدٌ ﴿١١٧﴾ إِن تُعَذِّبْهُمْ فَإِنَّهُمْ عِبَادُكَ
وَإِن تَغْفِرْ لَهُمْ فَإِنَّكَ أَنتَ الْعَزِيزُ الْحَكِيمُ ﴿١١٨﴾ قَالَ
اللَّهُ هَٰذَا يَوْمُ يَنفَعُ الصَّادِقِينَ صِدْقُهُمْ لَهُمْ
جَنَّاتٌ تَجْرِي مِن تَحْتِهَا الْأَنْهَارُ خَالِدِينَ فِيهَا
أَبَدًا رَّضِيَ اللَّهُ عَنْهُمْ وَرَضُوا عَنْهُ ذَٰلِكَ الْفَوْزُ
الْعَظِيمُ ﴿١١٩﴾ لِلَّهِ مُلْكُ السَّمَاوَاتِ وَالْأَرْضِ وَمَا
فِيهِنَّ وَهُوَ عَلَىٰ كُلِّ شَيْءٍ قَدِيرٌ ﴿١٢٠﴾

بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ

الْحَمْدُ لِلَّهِ الَّذِي خَلَقَ السَّمَاوَاتِ وَالْأَرْضَ وَجَعَلَ

રબ અને તમારો પણ રબ. અને હું તેમના પર માહિતગાર હતો જ્યાં સુધી હું તેમનામાં રહ્યો, પછી જ્યારે તેં મને ઉઠાવી લીધો[૮૭] તો તુ જ તેમના પર નજર રાખતો હતો, અને દરેક વસ્તુ તારી સામે પ્રત્યક્ષ છે[૮૮] (૧૧૭) જો તુ તેમને અઝાબ (શિક્ષા) કરે તો તેઓ તારા બન્દા છે, અને જો તુ તેમને માફ કરી દે તો બેશક! તુ જ ગાલિબ હિકમતવાળો (છે)[૮૯] (૧૧૮) અલ્લાહે ફરમાવ્યું કે, 'આ[૯૦] (છે) દિવસ જેમાં સાચાઓને[૯૧] તેમનું સત્ય કામ લાગશે, તેમના માટે બગીચાઓ છે જેમની નીચે નહેરો વહે, હમેશાં હમેશ તેમાં રહેશે, અલ્લાહ તેમનાથી રાજી અને તેઓ અલ્લાહથી રાજી, આ છે મહાન સફળતા (૧૧૯) અલ્લાહ માટે જ છે આકાશો અને જમીન અને જે કંઇ એમનામાં છે તે બધાનું રાજ્ય, અને તે દરેક વસ્તુ પર શક્તિમાન છે[૯૨] (૧૨૦)

**અલ્લાહના નામથી શરૂ જે મોટો મહેરબાન રહેમતવાળો (છે)**

બધી ખૂબીઓ અલ્લાહને જેણે ધરતી અને આકાશ

૮૯. હઝરત ઈસા અલયહિસ્સલામને ખબર છે કે કોમમાં અમુક માણસો કુફ્ર પર અડેલા રહયા, અને અમુક ઈમાનની દોલતથી માલમાલ થયા, તેથી બારગાહે ઈલાહીમાં તેમની વિનંતી છે કે તેમનામાં જે કુફ્ર પર અડેલા રહયા તેમના પર તુ અઝાબ કરે તો તદ્દન ખરૂં યોગ્ય અને ન્યાય તથા ઈન્સાફ છે, કારણ કે તેમણે (ખુદાઈ) દલીલ પરીપૂર્ણ થયા પછી કુફ્ર ધારણ કર્યું. અને જેઓ ઈમાન લાવ્યા તેને તું માફ કરે તો તારી કૃપા અને મહેરબાની છે. અને તારા દરેક કામમાં રહસ્યો હોય છે.

૯૦. કયામતના દિવસે.

૯૧. જેઓ દુનિયામાં સચ્ચાઈ પર રહયા, જેમકે હઝરત ઈસા અલયહિસ્સલામ.

૯૨. સાચાને સવાબ આપવા પર પણ અને જૂઠાને અઝાબ કરવા પર પણ.

**મસઅલો** :- કુદરત (શક્તિ) શક્ય બાબતો સાથે સંબંધિત હોય છે નહિ કે અનિવાર્ય આવશ્યક અને અશકય બાબતો સાથે. તેથી આયતનો અર્થ એ છે કે અલ્લાહ દરેક મુમકિનુલ વજૂદ (જેનું અસ્તિત્વમાં આવવું શકય હોય એવી બાબત પર) શક્તિમાન છે. *(જુમલ)*

**મસઅલો** :- જૂઠ વિગેરે એબો અને કુબાબતો અલ્લાહ માટે અશક્ય છે; તેને શક્તિ હેઠળ બતાવવી અને આયતને આધાર બનાવવો ખોટું ને બિન પાયેદાર છે.

સૂરએ અન્આમ મક્કી છે, એમાં ૨૦ રૂકૂઅ, ૧૬૫ આયતો ૩૧૦૦ વાક્યો અને ૧૨૯૩૫ શબ્દો છે. હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂએ કહ્યું છે કે આ આખી સૂરહ એક જ રાતમાં મક્કા મુકર્રમામાં

بنાવ્યાં.[૯૩] અને અંધારાં તેમજ પ્રકાશ સર્જયાં[૯૪] તેમ છતાં[૯૫] કાફિર લોકો પોતાના રબની સમકક્ષ ઠેરવે છે.[૯૬] (૧) તેજ છે જેણે તમને[૯૭] માટીથી જન્માવ્યા, પછી એક નક્કી સમયનો હુકમ રાખ્યો,[૯૮] અને એક નક્કી થયેલો વાયદો તેને ત્યાં છે.[૯૯] છતાં તમે લોક શંકા કરો છો (૨) અને તે જ અલ્લાહ છે આકાશો અને ધરતીનો[૧૦૦] તે તમારૂં છુપું અને જાહેર બધું જાણે છે, અને તમારા કર્મો જાણે છે (૩) અને તેમની પાસે કોઇ પણ નિશાની તેમના રબની નિશાનીઓમાંથી નથી આવતી પણ તેઓ તેનાથી મોઢું ફેરવી લે છે (૪) તો બેશક! તેમણે સત્યને જૂઠાડયું[૧૦૧] જ્યારે તેમની પાસે આવ્યું, તો હવે તેમને ખબર પડવામાં છે તે વસ્તુની જેના પર હસતા હતા[૧૦૨] (૫) તો શું તેમણે ન જોયું કે તેમનાથી પહેલાં[૧૦૩] અમે કેટલાં ટોળાઓને ખપાવી દીધા? તેમને અમે જમીનમાં એવી મજબૂતી આપી[૧૦૪] જે તમને નથી આપી અને તેમના પર મુશળધાર પાણી મોકલ્યું[૧૦૫] અને તેમની નીચે નહેરો વહાવી,[૧૦૬] તો તેમને અમે તેમના ગુનાહો બદલ નાશ

وإذا سمعوا ٧ الانعام ٦

الظُّلُمٰتِ وَالنُّوْرَ ۗ ثُمَّ الَّذِيْنَ كَفَرُوْا بِرَبِّهِمْ يَعْدِلُوْنَ ①
هُوَ الَّذِيْ خَلَقَكُمْ مِّنْ طِيْنٍ ثُمَّ قَضٰٓى اَجَلًا ؕ
وَاَجَلٌ مُّسَمًّى عِنْدَهٗ ثُمَّ اَنْتُمْ تَمْتَرُوْنَ ② وَ
هُوَ اللّٰهُ فِي السَّمٰوٰتِ وَفِي الْاَرْضِ ؕ يَعْلَمُ سِرَّكُمْ
وَجَهْرَكُمْ وَيَعْلَمُ مَا تَكْسِبُوْنَ ③ وَمَا تَاْتِيْهِمْ مِّنْ
اٰيَةٍ مِّنْ اٰيٰتِ رَبِّهِمْ اِلَّا كَانُوْا عَنْهَا مُعْرِضِيْنَ ④
فَقَدْ كَذَّبُوْا بِالْحَقِّ لَمَّا جَآءَهُمْ ؕ فَسَوْفَ يَاْتِيْهِمْ
اَنْۢبٰٓؤُا مَا كَانُوْا بِهٖ يَسْتَهْزِءُوْنَ ⑤ اَلَمْ يَرَوْا كَمْ
اَهْلَكْنَا مِنْ قَبْلِهِمْ مِّنْ قَرْنٍ مَّكَّنّٰهُمْ فِي الْاَرْضِ
مَا لَمْ نُمَكِّنْ لَّكُمْ وَاَرْسَلْنَا السَّمَآءَ عَلَيْهِمْ مِّدْرَارًا ۪ وَّ
جَعَلْنَا الْاَنْهٰرَ تَجْرِيْ مِنْ تَحْتِهِمْ فَاَهْلَكْنٰهُمْ بِذُنُوْبِهِمْ

منزل ٢

ઉતરી અને એની સાથે ૭૦,૦૦૦ ફરિશ્તાઓ આવ્યા, જેમનાથી આકાશોના કિનારા ભરાઇ ગયા. એક રિવાયતમાં એવું છે કે તે બધા ફરિશ્તા અલ્લાહની પાકી અને પવિત્રતા બોલતા બોલતા આવ્યા અને સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ ''સુબ્હાન રબ્બીયલ અઝીમ'' ફરમાવતા ફરમાવતા સિજદામાં ગયા.

૯૩. હઝરત કઅબ અહબાર રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું કે તવરાતમાં સર્વ પ્રથમ આ જ આયત છે. આ આયતમાં બન્દાઓને બેપરવાહીની શાન સાથે હમ્દની તાલીમ આપવામાં આવી, અને આસ્માન જમીનની પેદાઈશનું વર્ણન એટલા માટે છે કે એમાં જોનારાઓ માટે કુદરતની ઘણી હેરતનાક બાબતો તેમજ રહસ્યોનાં આશ્ચર્યજનક ચિન્હો, બોધ ગ્રહણ કરવા જેવી વાતો અને ફાયદાઓ છે.

૯૪. અર્થાત દરેક અંધારૂં અને પ્રકાશ તે અંધકાર રાત્રીનો હોય કે કુફ્રનો, અજ્ઞાનતાનો હોય કે દોઝખનો, અને પ્રકાશ ધર્મનો હોય કે ઈમાન અને હિદાયત અથવા ઈલ્મ અને જન્નતનો. અંધકારને બહુવચન અને પ્રકાશને એકવચન બયાન કરવામાં એ તરફ ઈશારો છે કે અસત્યના માર્ગો ખૂબજ વધારે છે અને સત્યમાર્ગ એક જ માત્ર ઈસ્લામ.

૯૫. એટલે કે આવી દલીલોથી જાણકાર થવા છતાં અને આવી કુદરતની નિશાનીઓ જોયા પછી પણ.

૯૬. બીજાઓને, એટલે સુધી કે પથ્થરોને પૂજે છે. એ વાતને સ્વીકારતા હોવાં છતાં કે આસ્માનો અને ધરતીનો સર્જક અલ્લાહ છે.

૯૭. અર્થાત તમારા મૂળ હઝરત આદમને, જેમના વંશમાં તમે જન્મ્યા.

**ફાયદો** :- આમાં મુશ્રિકોને રદીયો છે, જેઓ કહેતા હતા કે 'અમે જ્યારે સડીને માટી બની જઈશું તો

કર્યા,[૧૦૭] અને તેમના પછી બીજુ ટોળુ ઉભુ કર્યું[૧૦૮] (૬) અને જો અમે તમારા પર કાગળમાં કંઇક લખેલું ઉતારત[૧૦૯] કે તેઓ એને પોતાના હાથોથી અડકત, તો પણ કાફિરો કહેત આ તો નથી પણ ઉઘાડો જાદુ (૭) અને બોલ્યા[૧૧૦] 'તેમના પર[૧૧૧] કોઇ ફરિશ્તો કેમ ન ઉતાર્યો?' અને જો અમે ફરિશ્તો ઉતારત[૧૧૨] તો કામ પતી ગયું હોત[૧૧૩] પછી તમને મહેતલ આપવામાં ન આવત[૧૧૪] (૮) અને જો અમે નબીને ફરિશ્તો કરત[૧૧૫] તો પણ તેને પુરૂષ જ બનાવત[૧૧૬] અને તેમના પર તે જ શંકા રાખત જેમાં હમણાં પડયા છે. (૯) અને અવશ્ય અય મહબૂબ! તમારાથી પહેલાં રસૂલો પર ઠઠ્ઠો કરવામાં આવ્યો, તો તે જેઓ તેમનાથી હસતા હતા તેમની હંસી તેમને જ લઇ બેઠી[૧૧૭] (૧૦) તમે ફરમાવી દો[૧૧૮] જમીનમાં ફરો પછી જુઓ કે જૂઠાડનારાઓનું કેવું પરિણામ આવ્યું?[૧૧૯] (૧૧) તમે કહી દો કોનું છે જે કંઇ આસ્માનો અને જમીનમાં છે?[૧૨૦] તમે કહી દો અલ્લાહનું જ છે.[૧૨૧] તેણે પોતાની કૃપાના શિરે રહમત લખી લીધી છે.[૧૨૨] બેશક! જરૂર તમને કયામતના દિવસે એકઠા કરશે.[૧૨૩] એમાં કશી શંકા નથી. તેઓ જેમણે પોતાના જીવોને નુકસાનમાં નાખ્યાં[૧૨૪] ઇમાન નથી લાવતા (૧૨)



وَاَنْشَاْنَا مِنْۢ بَعْدِهِمْ قَرْنًا اٰخَرِيْنَ ﴿۶﴾ وَلَوْ نَزَّلْنَا عَلَيْكَ
كِتٰبًا فِيْ قِرْطَاسٍ فَلَمَسُوْهُ بِاَيْدِيْهِمْ لَقَالَ الَّذِيْنَ
كَفَرُوْٓا اِنْ هٰذَآ اِلَّا سِحْرٌ مُّبِيْنٌ ﴿۷﴾ وَقَالُوْا لَوْلَآ اُنْزِلَ
عَلَيْهِ مَلَكٌ ؕ وَلَوْ اَنْزَلْنَا مَلَكًا لَّقُضِيَ الْاَمْرُ ثُمَّ لَا يُنْظَرُوْنَ ﴿۸﴾
وَلَوْ جَعَلْنٰهُ مَلَكًا لَّجَعَلْنٰهُ رَجُلًا وَّلَلَبَسْنَا عَلَيْهِمْ مَّا
يَلْبِسُوْنَ ﴿۹﴾ وَلَقَدِ اسْتُهْزِئَ بِرُسُلٍ مِّنْ قَبْلِكَ
فَحَاقَ بِالَّذِيْنَ سَخِرُوْا مِنْهُمْ مَّا كَانُوْا بِهٖ يَسْتَهْزِءُوْنَ ﴿۱۰﴾
قُلْ سِيْرُوْا فِي الْاَرْضِ ثُمَّ انْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ
الْمُكَذِّبِيْنَ ﴿۱۱﴾ قُلْ لِّمَنْ مَّا فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ قُلْ
لِّلّٰهِ ؕ كَتَبَ عَلٰى نَفْسِهِ الرَّحْمَةَ ؕ لَيَجْمَعَنَّكُمْ اِلٰى يَوْمِ الْقِيٰمَةِ
لَا رَيْبَ فِيْهِ ؕ اَلَّذِيْنَ خَسِرُوْٓا اَنْفُسَهُمْ فَهُمْ لَا يُؤْمِنُوْنَ ﴿۱۲﴾

ફરી કેવી રીતે જીવતા કરાઈશું?' તેમને જણાવવામાં આવ્યું કે તમારૂ મૂળ માટી છે, તો ફરી જીવંત થવામાં આશ્ચર્ય શું? જે શક્તિશાળીએ પ્રથમ બનાવ્યા તેની કુદરતથી મરણ પછી જીવંત થવાને અશક્ય સમજવું નાદાની છે.

૯૮. જે પુરો થયેથી તમે મૃત્યુ પામશો.

૯૯. મર્યા પછી ઉઠાડવાનો.

૧૦૦. તેનો કોઈ ભાગીદાર નથી.

૧૦૧. અહીં સત્યનો મતલબ કુરઆન શરીફની આયતો છે અથવા સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના મો'જિઝા.

૧૦૨. કે તે કેટલી મહાન છે અને તેની હંસી મજાકનું પરિણામ કેવો વબાલ અને અઝાબ છે.

૧૦૩. આગળ થઈ ગએલી ઉમ્મતોમાંથી.

૧૦૪. તાકત માલ અને ખૂબ સરસામાન આપીને.

૧૦૫. જેનાથી ખેતી લીલીછમ થાય.

૧૦૬. જેનાથી બગીચાઓનું પોષણ થાય અને દુનિયાના જીવન માટે એશ અને રાહત પ્રાપ્ત થાય.

૧૦૭. કારણ કે તેમણે નબીઓને જૂઠાડયા, અને તેમનો એ સરસામાન તેમને વિનાશમાંથી ન ઉગારી શક્યો.

૧૦૮. અને બીજા લોકોને જગ્યાએ મૂક્યા. હેતુ એ છે કે થઈ ગએલી ઉમ્મતોની હાલતથી બોધપાઠ

અને નસીહત મેળવવી જોઈએ કે તે લોકો કુફ્ર અને અનાજ્ઞાંકિત હોવાથી તેમના ખૂબ સરસામાન અને માલ દોલત તેમજ આલ ઔલાદ છતાં તબાહ કરી દેવાયા. તો જોઈએ કે તેમની હાલત જોઈને ગફલતની નિંદ્રામાંથી જાગૃત થાય.

૧૦૯. **શાને નુઝૂલ** :- આ આયત નદ્ર બિન હરિસ, અબ્દુલ્લાહ બિન ઉમય્યહ અને નવફલ બિન ખુવૈલદ વિષે ઉતરી. તેઓએ કહ્યું હતું કે; 'મુહમ્મદ! (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) અમે કદાપિ તમારા પર ઈમાન નહિ લાવીએ જ્યાં સુધી કે તમે અમારી પાસે અલ્લાહ તરફથી (લખેલી તૈયાર) કિતાબ ન લાવો, જેની સાથે ચાર ફરિશ્તા હોય, તેઓ ગવાહી આપે કે આ અલ્લાહની કિતાબ છે અને તમે અલ્લાહના રસૂલ છો.' તે બાબત આ આયત ઉતરી અને કહેવામાં આવ્યું કે આ તો બધા બહાનાં છે, જો કાગળ પર લખેલી કિતાબ ઉતારવામાં આવત અને તેઓ તેને પોતાના હાથો વડે પકડીને ઉલટ પલટ કરીને જોઈ પણ લેત, અને એવું કહેવાની તક પણ ન હોત કે આ તો નઝર બંદી કરવામાં આવી હતી તે કિતાબ ઉતરતી જણાઈ, હતુ કશું નહિ. તો પણ એ અભાગી લોક ઈમાન લાવત નહીં. એને જાદુ કહેત, અને જે રીતે ચંદ્રને ભાંગનાર મો'જિઝાને જાદુ કહ્યું. અને એ મો'જિઝો જોઈને ઈમાન ન લાવ્યા એવી રીતે આનાથી પણ ઈમાન લાવત નહીં. કારણ કે જે લોકો અદેખાઇના કારણે ઈન્કાર કરે છે તેઓ નિશાનીઓ અને મો'જિઝાઓથી ફાયદો ઉઠાવી શકતા નથી.

૧૧૦. મુશ્રિકો

૧૧૧. અર્થાત હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પર.

૧૧૨. તો પણ તેઓ ઈમાન લાવત નહીં.

૧૧૩. એટલે કે અઝાબ અનિવાર્ય બની જાત, અને એ અલ્લાહનો નિયમ રહયો છે કે જ્યારે કાફિરો કોઈ નિશાની માંગે અને તે પછી પણ ઈમાન ન લાવે ત્યારે અઝાબ અનિવાર્ય બની જાય છે અને તેમનો નાશ કરી નાખવામાં આવે છે.

૧૧૪. એક ક્ષણની પણ, અને અઝાબમાં ઢીલ કરવામાં ન આવત, તો ફરિશ્તાને ઉતારવું જેની તેઓ માંગણી કરી રહયા છે તેમને શું ફાયદો આપત.

૧૧૫. આ તે કાફિરોને જવાબ છે જેઓ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને કહેતા હતા કે; 'એ તો આપણી જેવા જ બશર છે' અને એ ગાંડપણમાં જ તેઓ ઈમાનથી મહરૂમ રહેતા હતા. તેમને મનુષ્યમાંથી રસૂલ બનાવવાનું રહસ્ય સમજાવવામાં આવે છે કે તેમના માટે ફાયદો ઉઠાવવાની અને નબીની તાલીમથી લાભ મેળવવાની એ જ રીત છે કે નબી બશરની શિકલમાં આવે, કારણ કે ફરિશ્તાને તો તેની અસલી શિકલમાં જોવાની હિમ્મત એ લોકો ધરાવી શકતા નથી, જોતાં જ હેબથી બેહોશ બની જાત અથવા મરી જાત માટે ધારી લો કે ફરિશ્તાને જ રસૂલ બનાવવામાં આવત;

૧૧૬. અને માનવીની શિકલમાં જ મોકલત જેથી એ લોકો તેને દેખી શકે, તેની વાત સાંભળી શકે, તેની પાસેથી દીનના હુકમો જાણી શકે. પણ જો ફરિશ્તો બશરની શિકલમાં (નબી બનીને) આવત તો ફરી તેમને એવું જ કહેવાની તક રહેત કે 'આ તો બશર છે' તો ફરિશ્તાને નબી બનાવવાનો શું ફાયદો થાત?

૧૧૭. તેઓ અઝાબમાં ફસાયા, આમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને આશ્વાસન આપવામાં આવ્યું છે કે આપ ચિંતિત અને દુ:ખી ન બનો, પહેલાંના નબીઓ સાથે પણ કાફિરોનું વલણ આવું જ રહયું છે, અને તેનો વબાલ તે કાફિરોને ભોગવવો પડયો છે. અને મુશ્રિકોને ચેતવણી છે કે પહેલાંના ઉમ્મતોની

وإذا سمعوا ٧ — الانعام ٦

وَلَهُ مَا سَكَنَ فِي الَّيْلِ وَالنَّهَارِ وَهُوَ السَّمِيعُ الْعَلِيمُ ﴿١٣﴾
قُلْ أَغَيْرَ اللهِ أَتَّخِذُ وَلِيًّا فَاطِرِ السَّمٰوٰتِ وَالْأَرْضِ وَ
هُوَ يُطْعِمُ وَلَا يُطْعَمُ قُلْ إِنِّيْ أُمِرْتُ أَنْ أَكُوْنَ أَوَّلَ
مَنْ أَسْلَمَ وَلَا تَكُوْنَنَّ مِنَ الْمُشْرِكِيْنَ ﴿١٤﴾ قُلْ إِنِّيْ
أَخَافُ إِنْ عَصَيْتُ رَبِّيْ عَذَابَ يَوْمٍ عَظِيْمٍ ﴿١٥﴾
مَنْ يُّصْرَفْ عَنْهُ يَوْمَئِذٍ فَقَدْ رَحِمَهٗ وَذٰلِكَ الْفَوْزُ
الْمُبِيْنُ ﴿١٦﴾ وَإِنْ يَّمْسَسْكَ اللهُ بِضُرٍّ فَلَا كَاشِفَ لَهٗ
إِلَّا هُوَ وَإِنْ يَّمْسَسْكَ بِخَيْرٍ فَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ
قَدِيْرٌ ﴿١٧﴾ وَهُوَ الْقَاهِرُ فَوْقَ عِبَادِهٖ وَهُوَ الْحَكِيْمُ
الْخَبِيْرُ ﴿١٨﴾ قُلْ أَيُّ شَيْءٍ أَكْبَرُ شَهَادَةً قُلِ اللهُ شَهِيْدٌ
بَيْنِيْ وَبَيْنَكُمْ وَأُوْحِيَ إِلَيَّ هٰذَا الْقُرْاٰنُ لِأُنْذِرَكُمْ

અને તેનું જ છે. જે કંઇ વસે છે રાત અને દિવસમાં[૧૨૫] અને તે જ છે સાંભળતો, જાણતો[૧૨૬] (૧૩) તમે ફરમાવો શું અલ્લાહ સિવાય બીજા કોઇને વાલી બનાવું?[૧૨૭] તે અલ્લાહ જેણે આસ્માન અને ઝમીન બનાવ્યાં, અને તે ખવડાવે છે અને ખાવાથી પાક છે.[૧૨૮] તમે કહી દો મને હુકમ થયો છે કે બધાંથી પહેલાં ગરદન મૂકું[૧૨૯] અને કદાપી શિર્કવાળાઓમાં ન થઇશ (૧૪) તમે કહો, 'જો હું મારા રબની નાફરમાની કરૂં તો મને મોટા દિવસ[૧૩૦] ના અઝાબની બ્હીક છે' (૧૫) તે દિવસે જેનાથી અઝાબ ફેરવી નાખવામાં આવે[૧૩૧] જરૂર તેના પર અલ્લાહની મહેર થઇ. અને એ જ સ્પષ્ટ સફળતા છે (૧૬) અને જો તને અલ્લાહ કંઇક કષ્ટ પહોંચાડે[૧૩૨] તો તેના સિવાય તેને કોઇ દૂર કરનાર નથી. અને જો તને ભલાઇ પહોં-ચાડે[૧૩૩] તો તે સર્વ કંઇ કરી શકે છે (૧૭) અને તે જ ગાલિબ છે પોતાના બન્દાઓ પર, અને તે જ છે હિકમત-વાળો ખબરવાળો (૧૮) તમે ફરમાવોઃ 'બધાથી મહાન ગવાહી કોની?[૧૩૪] તમે ફરમાવો, 'અલ્લાહ ગવાહ છે મારામાં અને તમારામાં,[૧૩૫] અને મારા તરફ આ કુરઆનની વહી

હાલતથી બોધ ગ્રહણ કરે અને નબીઓ સાથે અદબથી વર્તે જેથી પહેલાંવાળાઓની જેમ અઝાબમાં સપડાય નહીં.

૧૧૮. અય હબીબ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ! એ હંસી ઉડાવનારાઓને કે તમે;

૧૧૯. અને તેમણે કુફ્ર અને જૂઠાડવાનું કેવું ફળ મેળવ્યું?

૧૨૦. જો તેઓ આનો જવાબ ન આપે તો.

૧૨૧. કારણ કે એ સિવાય બીજો જવાબ જ નથી. અને તેઓ એનો વિરોધ કરી શકતા નથી કારણ કે મૂર્તિઓ જેને મુશ્રિકો પૂજે છે તે નિષ્પ્રાણ છે, કોઈ વસ્તુના માલિક બનવાની લાયકાત ધરાવતા નથી. પોતે જ બીજાઓની મિલ્કત છે. આકાશ અને ધરતીનો માલિક તે જ હોઇ શકે જે હય્ય (જીવંત) કય્યૂમ (જીવન આપનાર) અઝલી, અબદી (નિષિમકાળથી અસીમકાળ સુધી રહેનાર) કાદિરે મુત્લક (સર્વસત્તાધીશ) દરેક વસ્તુ પર રાજ્ય કરનાર, અને સત્તા ચલાવનાર હોય, બધી વસ્તુઓ તેના સર્જન કરવાના કારણે અસ્તિત્વમાં આવી હોય, એવો અલ્લાહ સિવાય કોઈ નથી, માટે જ બધી આસ્માનની અને જમીનની કાયનાતનો માલિક તેના સિવાય કોઈ નથી હોઈ શકતું.

૧૨૨. તેણે રહમતનું વચન આપ્યું અને તેનુ વચન ભંગ થઈ નથી શકતું, કારણ કે વચન ભંગ અને જૂઠ તેના માટે અશક્ય છે. અને રહમત આમ છે, દીની હોય કે દુનિયવી, પોતાની ઓળખ અને તવહીદ અને ઈલ્મ તરફ હિદાયત આપવી પણ રહમતમાં દાખલ છે. અને કાફિરોને મોહલત આપવી અને સજામાં જલ્દી ન કરવી પણ. કારણ કે એનાથી તેમને તવબહ અને લાજવાની તક મળે છે. (જુમલ વિગેરે)

بِهٖ وَمَنْۢ بَلَغَ ؕ اَئِنَّكُمْ لَتَشْهَدُوْنَ اَنَّ مَعَ اللّٰهِ اٰلِهَةً
اُخْرٰى ؕ قُلْ لَّاۤ اَشْهَدُ ۚ قُلْ اِنَّمَا هُوَ اِلٰهٌ وَّاحِدٌ وَّاِنَّنِىْ
بَرِىْٓءٌ مِّمَّا تُشْرِكُوْنَ ﴿۱۹﴾ اَلَّذِيْنَ اٰتَيْنٰهُمُ الْكِتٰبَ
يَعْرِفُوْنَهٗ كَمَا يَعْرِفُوْنَ اَبْنَآءَهُمْ ۘ اَلَّذِيْنَ خَسِرُوْۤا
اَنْفُسَهُمْ فَهُمْ لَا يُؤْمِنُوْنَ ﴿۲۰﴾ وَمَنْ اَظْلَمُ مِمَّنِ افْتَرٰى
عَلَى اللّٰهِ كَذِبًا اَوْ كَذَّبَ بِاٰيٰتِهٖ ؕ اِنَّهٗ لَا يُفْلِحُ
الظّٰلِمُوْنَ ﴿۲۱﴾ وَيَوْمَ نَحْشُرُهُمْ جَمِيْعًا ثُمَّ نَقُوْلُ
لِلَّذِيْنَ اَشْرَكُوْۤا اَيْنَ شُرَكَآؤُكُمُ الَّذِيْنَ كُنْتُمْ
تَزْعُمُوْنَ ﴿۲۲﴾ ثُمَّ لَمْ تَكُنْ فِتْنَتُهُمْ اِلَّاۤ اَنْ قَالُوْا وَاللّٰهِ
رَبِّنَا مَا كُنَّا مُشْرِكِيْنَ ﴿۲۳﴾ اُنْظُرْ كَيْفَ كَذَبُوْا
عَلٰۤى اَنْفُسِهِمْ وَضَلَّ عَنْهُمْ مَّا كَانُوْا يَفْتَرُوْنَ ﴿۲۴﴾

થઇ છે કે હું તેનાથી તમને ડરાવું,[૧૩૬] અને જેને જેને પહોંચે[૧૩૭] તો શું તમે[૧૩૮] એ ગવાહી આપો છો કે અલ્લાહની સાથે બીજા ખુદા છે? તમે ફરમાવો,[૧૩૯] 'હું તો એ ગવાહી નથી આપતો'[૧૪૦] તમે કહી દો કે, 'તે તો એક જ મઅ-બૂદ છે[૧૪૧], અને હું બેઝાર (અસંબંધિત) છું તેમનાથી જેમને તમે ભાગીદાર બનાવો છો[૧૪૨] (૧૯) જેમને અમે કિતાબ આપી[૧૪૩] (તેઓ) આ નબીને ઓળખે છે[૧૪૪] જેવી રીતે કે પોતાના પુત્રને ઓળખે છે.[૧૪૫] જેમણે પોતાના જીવ નુકસાનમાં નાખ્યા તેઓ ઇમાન નથી લાવતા (૨૦) અને તેનાથી વધીને જુલ્મી કોણ જે અલ્લાહ પર જૂઠ ઠોકી બેસાડે,[૧૪૬] અથવા તેની આયતો જૂઠાડે, બેશક! જુલ્મીઓ સફળતા નહીં મેળવે (૨૧) અને જે દિવસે અમે બધાને ઉઠાડીશું, પછી મુશ્રિકોને પૂછીશું, ક્યાં છે તમારા (બનાવી કાઢેલા) તે ભાગીદારો જેમનો તમે દાવો કરતા હતા? (૨૨) પછી તેમની કંઇ જ બનાવટ ન ચાલી[૧૪૭] પણ એ જ કે બોલ્યા, અમને અમારા રબ અલ્લાહના સોગંદ! કે અમે મુશ્રિક ન હતા. (૨૩) જુઓ! ખૂદ પોતાના પર કેવું જૂઠ બાંધ્યુ?[૧૪૮] અને જે વાતો બનાવતા હતા તે ખોવાઇ ગઇ (૨૪)

૧૨૩. અને કર્મોનો બદલો આપશે.

૧૨૪. કુફ્ર ધારણ કરીને.

૧૨૫. અર્થાત તમામ અસ્તિત્વવાળી વસ્તુઓ તેની જ મિલ્કત છે અને તે બધાનો સર્જનહાર માલિક પાલનહાર છે.

૧૨૬. તેનાથી કોઈ વસ્તુ છુપી નથી.

૧૨૭. **શાને નુઝૂલ** :- જ્યારે કાફિરોએ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને પોતાના બાપ દાદા-ઓના ધર્મનું આમંત્રણ આપ્યું ત્યારે આ આયત ઉતરી.

૧૨૮. એટલે કે બધી મખ્લૂક તેની મોહતાજ છે, તે બેનિયાઝ.

૧૨૯. કારણ કે નબી પોતાની ઉમ્મત કરતાં દીનમાં પહેલાં હોય છે.

૧૩૦. એટલે કે કયામતનો દિવસ.

૧૩૧. અને નજાત (છૂટકારો) આપવામાં આવે.

૧૩૨. બીમારી, ગરીબી અથવા બીજી કોઈ મુસીબત.

૧૩૩. તંદુરસ્તી અને ધન દોલત વિગેરે જેવી.

૧૩૪. **શાને નુઝૂલ** :- મક્કા વાસીઓ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને કહેવા લાગ્યા કે; 'અય મુહમ્મદ! (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) અમને કોઈ એવો બતાવો જે તમારા રસૂલ હોવાની સાક્ષી આપતો હોય' ત્યારે આ આયત ઉતરી.

૧૩૫. અને આટલી મહાન અને સ્વીકાર્ય ગવાહી બીજા કોની હોય શકે છે?

૧૩૬. અર્થાત અલ્લાહ તઆલા મારી નબુવ્વતની સાક્ષી આપે છે, એટલા માટે કે તેને મારા તરફ આ કુરઆનની આયત મોકલી, અને આ એટલો મોટો મો'જિઝો છે કે તમે એટલા મોટા ભાષાશાસ્ત્રીઓ હોવા છતાં એનો સામનો કરવાથી (એના જેવો કલામ બનાવવાથી) લાચાર રહયા, તો એ કિતાબનું મારા પર ઉતરવું એ અલ્લાહ તરફથી એ બાબતની સાક્ષી છે કે હું તેનો રસૂલ છું. જ્યારે આ કુરઆન અલ્લાહ તરફથી નિશ્ચિત સાક્ષી છે, અને મારા તરફ વહી કરવામાં આવ્યું છે કે જેથી હું તમને ડરાવું કે તમે અલ્લાહના આદેશનો વિરોધ ન કરો.

૧૩૭. અર્થાત મારા પાછળ કયામત સુધી આવનારાઓ જેમને આ કુરઆન પાક પહોંચે, ભલે પછી તેઓ માનવી હોય કે જિન્નાત, બધાને જ હું ખુદાઈ હુકમના વિરોધથી ડરાવું.

હદીષ શરીફમાં :- છે કે જે માણસને કુરઆન પાક પહોંચ્યું (અર્થાત કુરઆન ખુદાનું કલામ હોવાની ખબર થઈ) તો જાણે કે તેણે નબી સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને જોયા, અને આપની વાણી સાંભળી.

હઝરત અનસ બિન માલિક રદીયલ્લાહુ અન્હૂ કહે છે કે; જ્યારે આ આયત ઉતરી ત્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે કૈસર (રોમનો બાદશાહ) અને કિસરા (ઈરાનનો બાદશાહ) વિગેરેને ઈસ્લામ સ્વીકારવાના નિમંત્રણો આપતા પત્રો લખ્યા. (મદારિક, ખાઝિન)

એની તફસીરમાં એક કથન એવું પણ છે કે મન-બલગ (આયતમાંનો શબ્દ)માં મન સ્થાન દર્શક છે, એનો અર્થ એ છે કે, આ કુરઆનમાં તમને ડરાવું, અને તેઓ ડરાવે જેમને આ કુરઆન પહોંચે.

તિરમિઝીની હદીષમાં છે કે; અલ્લાહ તેમને લીલાછમ (ઉગેલી ઘાસની જેમ પ્રફુલ્લિત અને સુખી) રાખે જેમણે અમારૂં કલામ સાંભળ્યું, અને જેવું સાંભળ્યું તેવું પહોંચાડયું. ઘણા તે લોકો જેમને પહોંચાડવામાં આવ્યું છે તેઓ સાંભળનારાઓ કરતાં વધારે લાયકાતવાળા હોય છે.

અને એક રિવાયતમાં છે કે સાંભળનારથી વધારે સમજદાર (અફકહ) હોય છે, એનાથી ફુકહા (મઝહબના ઈમામો) ની મહાનતા જાણવામાં આવી.

૧૩૮. અય મુશ્રિકો!

૧૩૯. અય હબીબ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ!

૧૪૦. જે ગવાહી તમે આપો છો.

૧૪૧. તેનો કોઈ ભાગીદાર નથી.

૧૪૨. **મસઅલો** :- આ આયતથી પુરવાર થયું કે જે વ્યક્તિ ઈસ્લામ અંગિકાર કરે તેને જોઈએ કે તવહીદ (અલ્લાહનું એક હોવું) અને રિસાલત (રસૂલુલ્લાહનું બરહક હોવું) ની સાક્ષી સાથે ઈસ્લામથી વિરૂદ્ધ એવી દરેક માન્યતા અને ધર્મથી અસંબંધિત હોવાનું જાહેર કરે.

૧૪૩. અર્થાત યહૂદી અને ક્રિશ્ચયન ધર્મગુરૂઓ, જેમણે તવરાત અને ઈન્જીલ (બાયબલ) પ્રાપ્ત કરી.

૧૪૪. આપની મુખાકૃતિ અને આપના વખાણ અને ગુણો દેખીને, જે એ કિતાબોમાં વર્ણવાયેલા છે.

૧૪૫. અર્થાત કોઈ પણ શંકા કુશંકા વગર

૧૪૬. તેનો ભાગીદાર ઠેરવે, જે વાત તેના મોભાને લાયક નથી તેની સાથે સંબંધિત કરે.

૧૪૭. અર્થાત કંઈ બહાનું ન મળ્યું.

૧૪૮. એ આખી જિંદગીના શિર્કને જ ભૂલી ગયા.

وَمِنْهُمْ مَّنْ يَّسْتَمِعُ إِلَيْكَ وَجَعَلْنَا عَلٰى قُلُوْبِهِمْ أَكِنَّةً
أَنْ يَّفْقَهُوْهُ وَفِيْٓ اٰذَانِهِمْ وَقْرًا وَإِنْ يَّرَوْا كُلَّ اٰيَةٍ
لَّا يُؤْمِنُوْا بِهَا حَتّٰٓى إِذَا جَآءُوْكَ يُجَادِلُوْنَكَ يَقُوْلُ
الَّذِيْنَ كَفَرُوْٓا إِنْ هٰذَآ إِلَّآ أَسَاطِيْرُ الْأَوَّلِيْنَ ﴿٢٥﴾
وَهُمْ يَنْهَوْنَ عَنْهُ وَيَنْـَٔوْنَ عَنْهُ وَإِنْ يُّهْلِكُوْنَ
إِلَّآ أَنْفُسَهُمْ وَمَا يَشْعُرُوْنَ ﴿٢٦﴾ وَلَوْ تَرٰٓى إِذْ وُقِفُوْا
عَلَى النَّارِ فَقَالُوْا يٰلَيْتَنَا نُرَدُّ وَلَا نُكَذِّبَ بِاٰيٰتِ
رَبِّنَا وَنَكُوْنَ مِنَ الْمُؤْمِنِيْنَ ﴿٢٧﴾ بَلْ بَدَا لَهُمْ مَّا كَانُوْا
يُخْفُوْنَ مِنْ قَبْلُ وَلَوْ رُدُّوْا لَعَادُوْا لِمَا نُهُوْا عَنْهُ
وَإِنَّهُمْ لَكٰذِبُوْنَ ﴿٢٨﴾ وَقَالُوْٓا إِنْ هِيَ إِلَّا حَيَاتُنَا الدُّنْيَا
وَمَا نَحْنُ بِمَبْعُوْثِيْنَ ﴿٢٩﴾ وَلَوْ تَرٰٓى إِذْ وُقِفُوْا عَلٰى رَبِّهِمْ

અને એમનામાં કોઇ તે છે જે તમારી તરફ કાન માંડે છે,[૧૪૯] અને અમે એમના હૃદયો પર પડદા પાડી દીધા છે કે તેને સમજે નહીં. અને એમના કાનોમાં દાટ. અને જો બધી નિશાનીઓ જુએ તો (પણ) તેમના પર ઇમાન નહી લાવે, ત્યાં સુધી કે તમારી પાસે તમારી સાથે ઝઘડો કરતાં કરતાં હાજર થાય તો (એ) કાફિરો કહે 'આ તો આગળનાઓની વાર્તાઓ સિવાય (બીજુ કંઇ જ) નથી'[૧૫૦] (૨૫) અને તેઓ એનાથી રોકે છે,[૧૫૧] અને એનાથી છેટા નાસે છે. અને નાશ નથી કરતા પણ પોતાના પ્રાણ,[૧૫૨] અને તેમને સમજ નથી (૨૬) અને કદી તમે જુઓ, જ્યારે તેઓ આગ પર ઉભા કરવામાં આવશે ત્યારે કહેશે, 'આય! હાય! કોઇ રીતે અમે પાછા મોકલવામાં આવીએ[૧૫૩] અને અમારા રબની આયતો ન જૂઠાડીએ અને મુસલમાન બની જઇએ (૨૭) બલ્કે એમના પર ખુલી ગયું જે પહેલાં છુપાવતા હતા.[૧૫૪] અને જો પાછા મોકલવામાં આવે તો ફરી તે જ કરે જેનાથી રોકવામાં આવ્યા હતાં. અને બેશક! તેઓ અવશ્ય જૂઠા છે (૨૮) અને બોલ્યા, 'એ તો એજ આપણું દુનિયાનું જીવન છે, અને આપણે ઉઠવાનું નથી'[૧૫૫] (૨૯) અને કદી તમે જુઓ! જ્યારે

૧૪૯. અબૂ સુફયાન, વલીદ, નદ્ર અને અબૂ જહલ વિગેરે એકત્ર થઈને હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની તિલાવતે કુરઆન સાંભળવા લાગ્યા, ત્યારે નદ્રને એના સાથીદારોએ પૂછ્યું, 'મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) શું કહે છે? કહેવા લાગ્યો, હું નથી જાણતો, જીભને હલાવે છે. અને આગલાઓની વાર્તાઓ કહે છે, જેવી હું તને સંભળાવ્યા કરૂં છું.' અબૂ સુફિયાને કહયું; 'તેમની વાતો મને સાચી લાગે છે.' અબૂ જહલે કહ્યું; 'એનું સ્વીકાર કરવા કરતાં મરી જવું સારૂં છે.' તે બાબત આ આયત ઉતરી.

૧૫૦. આનાથી એમનો હેતુ કલામે પાકનું અલ્લાહની વહી હોવાનો ઈન્કાર કરવાનો છે.

૧૫૧. અર્થાત મુશ્રિકો લોકોને કુરઆન શરીફથી અથવા રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમથી અને આપના પર ઈમાન લાવવા અને આપની આજ્ઞાઓનું પાલન કરવાથી રોકે છે.

**શાને નુઝૂલ :-** આ આયત મક્કાના કાફિરો વિષે ઉતરી, જેઓ લોકોને હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પર ઈમાન લાવવાથી અને આપની મજલિસમાં હાજરી આપવાથી અને કુરઆન શરીફ સાંભળવાથી રોકતા હતા, અને પોતે પણ અળગા રહેતા હતા કે ક્યાંક કલામે પાક તેમના દિલોમાં અસર કરી જાય.

હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ કહ્યું કે; આ આયત હુઝૂરના કાકા અબૂતાલિબ વિષે ઉતરી જે મુશ્રિકોને તો હુઝૂરને ઈજા પહોંચાડવાથી રોકતા હતા પણ જાતે ઈમાન લાવવાથી બચતા હતા.

૧૫૨. અર્થાત એમનું નુકશાન એમને જ થાય છે.

૧૫૩. દુનિયામાં.

૧૫૪. જેવું કે ઉપર આ રૂકૂઅમાં કહેવામાં આવ્યું કે મુશ્રિકોને જ્યારે પૂછવામાં આવશે કે તમારા

પોતાના રબ સમક્ષ ઉભા કરાશે, ફરમાવશે, 'શું આ સત્ય નથી?'[૧૫૬] બોલશે, કેમ નહીં, અમને અમારા રબના સોગંદ.' ફરમાવશે, 'તો હવે અઝાબ ચાખો બદલો તમારા કુફ્રનો' (૩૦) બેશક! હારમાં રહ્યા તેઓ જેમણે પોતાના રબને મળવાનું ન માન્યું એટલે સુધી કે તેમના પર કયા-મત ઓચિંતી આવી ગઇ, બોલ્યા, 'હાય અમારો અફ-સોસ! એ બાબત કે અમે એને માનવામાં પાછી પાની કરી, અને તેઓ પોતાનો[૧૫૭] ભાર પોતાની પીઠ પર લાદેલા છે. અરે! કેટલો ભુંડો ભાર ઊંચકેલા છે[૧૫૮] (૩૧) અને દુનિયાનું જીવન નથી પણ ખેલકૂદ[૧૫૯] અને બેશક! પાછલું ઘર ભલું તેમના માટે જેઓ ડરે છે.[૧૬૦] તો શું તમને સમજ નથી? (૩૨) અમને જાણ છે કે તમને દુઃખ આપે છે વાત જે તેઓ કહી રહ્યા છે[૧૬૧] તો એ તમને નથી જૂઠાડતા[૧૬૨] પણ ઝાલિમ અલ્લાહની આયતોને નકારે છે[૧૬૩] (૩૩) તમારાથી પહેલાં (પણ) રસૂલ જૂઠાડાયા, તો તેમણે સબ્ર કરી એ જૂઠાડવા અને ઇજાઓ પામવા પર, એટલે સુધી કે તેમને અમારી મદદ આવી[૧૬૪] અને કોઇ બદલનાર નથી અલ્લાહની વાતોને[૧૬૫] અને તમારી પાસે રસૂલોના સમાચાર આવી જ ચૂક્યા છે[૧૬૬] (૩૪)



قَالَ اَلَيْسَ هٰذَا بِالْحَقِّ قَالُوْا بَلٰى وَرَبِّنَا قَالَ فَذُوْقُوا
الْعَذَابَ بِمَا كُنْتُمْ تَكْفُرُوْنَ ﴿۳۰﴾ قَدْ خَسِرَ الَّذِيْنَ كَذَّبُوْا
بِلِقَآءِ اللّٰهِ حَتّٰٓى اِذَا جَآءَتْهُمُ السَّاعَةُ بَغْتَةً قَالُوْا يٰحَسْرَتَنَا
عَلٰى مَا فَرَّطْنَا فِيْهَا وَهُمْ يَحْمِلُوْنَ اَوْزَارَهُمْ عَلٰى ظُهُوْرِهِمْ
اَلَا سَآءَ مَا يَزِرُوْنَ ﴿۳۱﴾ وَمَا الْحَيٰوةُ الدُّنْيَآ اِلَّا لَعِبٌ
وَّلَهْوٌ وَلَلدَّارُ الْاٰخِرَةُ خَيْرٌ لِّلَّذِيْنَ يَتَّقُوْنَ اَفَلَا
تَعْقِلُوْنَ ﴿۳۲﴾ قَدْ نَعْلَمُ اِنَّهٗ لَيَحْزُنُكَ الَّذِيْ يَقُوْلُوْنَ
فَاِنَّهُمْ لَا يُكَذِّبُوْنَكَ وَلٰكِنَّ الظّٰلِمِيْنَ بِاٰيٰتِ اللّٰهِ
يَجْحَدُوْنَ ﴿۳۳﴾ وَلَقَدْ كُذِّبَتْ رُسُلٌ مِّنْ قَبْلِكَ فَصَبَرُوْا
عَلٰى مَا كُذِّبُوْا وَاُوْذُوْا حَتّٰٓى اَتٰهُمْ نَصْرُنَا وَلَا مُبَدِّلَ
لِكَلِمٰتِ اللّٰهِ وَلَقَدْ جَآءَكَ مِنْ نَّبَاِی الْمُرْسَلِيْنَ ﴿۳۴﴾

(ઉપજાવી કાઢેલા અલ્લાહના) ભાગીદારો ક્યાં છે? ત્યારે તેઓ પોતાના કુફ્રને સંતાડી જશે અને અલ્લાહના સોગંદ ખાઈને કહેશે કે; અમે મુશ્રિક ન હતા. આ આયતમાં કહેવામાં આવ્યું કે પછી જયારે તેમને સ્પષ્ટ થઈ જશે તે જે તેઓ સંતાડતા હતા. એટલે કે એમનું કુફ્ર એ રીતે જાહેર થશે કે એમના શરીરના અવયવો એમના કુફ્ર અને શિર્કની સાક્ષી આપશે, ત્યારે તેઓ દુનિયામાં પાછા જવાની ઈચ્છા કરશે.

૧૫૫. એટલે કે મૃત્યુ પછી.

૧૫૬. શું તમને મૃત્યુ પછી જીવંત કરવામાં ન આવ્યા?

૧૫૭. ગુન્હાઓનો

૧૫૮. હદીષ શરીફમાં છે કે જ્યારે કાફિર પોતાની કબ્રમાંથી નીકળશે ત્યારે તેની સામે એક ખૂબજ ભયાનક વિકૃત અને ગંધાતી શિકલ (ની વ્યક્તિ) આવશે, અને તે કાફિરને પૂછશે; 'તું મને ઓળખે છે?' કાફિર કહેશે; 'નહીં!' ત્યારે તે કાફિરને કહેશે; 'હું તારો ખબીષ અમલ (ગુનાહિત કાર્ય) છું, તુ દુનિયામાં મારા પર અસ્વાર રહ્યો હતો, આજે હું તારા પર અસ્વાર થઈશ અને તને બધા લોકોમાં ફજેત કરીશ!' પછી તે એના પર સવાર થઈ જશે.

૧૫૯. જે અનંત નથી, જલ્દી પસાર થઈ જાય છે, અને નેક કામો તથા ફરમાંબરદારી જો કે મોમિનથી દુનિયામાં જ થાય છે છતાં તે આખિરતના કાર્યોમાથી છે.

૧૬૦. આથી સાબિત થયું કે પરહેઝગાર લોકોના આમાલ સિવાય દુનિયામાં જે કંઈ છે તે ખેલકુદ છે.

૧૬૧. શાને નુઝૂલ :- અખ્નસ બિન શરીફ અને અબૂજહલની મુલાકાત થઈ, અખ્નસે અબૂજહલને

અને જો તેમનુ મોઢું ફેરવવું તમને માઠુ લાગ્યું હોય,[૧૬૭] તો જો તમારાથી બની શકે તો ધરતીમાં કોઇ સુરંગ ઢુંઢી લો અથવા આકાશમાં સીડી, પછી એમના માટે નિશાની લઇ આવો[૧૬૮]. અને અલ્લાહ ઇચ્છત તો તેમને હિદાયત પર એકત્ર કરી આપત. તો અય સાંભળનાર! તું કદાપી નાદાન ન બન. (૩૫) અને માને તો તે જ છે જેઓ સાંભળે છે[૧૬૯] અને તે મૃત હૃદયવાળાઓને[૧૭૦] અલ્લાહ ઉઠાડશે[૧૭૧] પછી તેના પ્રતિ હાંકવામાં આવશે[૧૭૨] (૩૬) અને બોલ્યા,[૧૭૩] 'એમના રબ તરફથી એમના પર કોઇ નિશાની કેમ ન ઉતરી?' તમે કહી દો કે, અલ્લાહ નિશાની ઉતારવા શક્તિમાન છે' પણ એમનામાં ઘણા નર્યા અજ્ઞાન છે[૧૭૪] (૩૭) અને નથી કોઇ પૃથ્વી પર ચાલનાર અને ન કોઇ પક્ષી જે પોતાની પાંખો પર ઉડે છે પણ તમારા જેવી ઉમ્મતો.[૧૭૫] અમે આ કિતાબમાં કશું બાકી ન છોડયું.[૧૭૬] પછી પોતાના રબ તરફ ઉઠાડવામાં આવશે[૧૭૭] (૩૮) અને જેમણે અમારી આયતો (જૂઠાડી (તેઓ) ગુંગા અને બહેરા છે,[૧૭૮] અંધારાઓમાં.[૧૭૯] અલ્લાહ જેને ઇચ્છે તેને ભટકાવી દે. અને જેને ઇચ્છે તેને સીધા માર્ગ

واذا سمعوا ٧ — الانعام ٦

وَاِنْ كَانَ كَبُرَ عَلَيْكَ اِعْرَاضُهُمْ فَاِنِ اسْتَطَعْتَ
اَنْ تَبْتَغِيَ نَفَقًا فِي الْاَرْضِ اَوْ سُلَّمًا فِي السَّمَآءِ
فَتَاْتِيَهُمْ بِاٰيَةٍ ؕ وَلَوْ شَآءَ اللّٰهُ لَجَمَعَهُمْ عَلَى الْهُدٰى
فَلَا تَكُوْنَنَّ مِنَ الْجٰهِلِيْنَ ۝ اِنَّمَا يَسْتَجِيْبُ الَّذِيْنَ
يَسْمَعُوْنَ ؔ وَالْمَوْتٰى يَبْعَثُهُمُ اللّٰهُ ثُمَّ اِلَيْهِ يُرْجَعُوْنَ ۝
وَقَالُوْا لَوْلَا نُزِّلَ عَلَيْهِ اٰيَةٌ مِّنْ رَّبِّهٖ ؕ قُلْ اِنَّ اللّٰهَ
قَادِرٌ عَلٰٓى اَنْ يُّنَزِّلَ اٰيَةً وَّلٰكِنَّ اَكْثَرَهُمْ لَا يَعْلَمُوْنَ ۝
وَمَا مِنْ دَآبَّةٍ فِي الْاَرْضِ وَلَا طٰٓئِرٍ يَّطِيْرُ بِجَنَاحَيْهِ
اِلَّآ اُمَمٌ اَمْثَالُكُمْ ؕ مَا فَرَّطْنَا فِي الْكِتٰبِ مِنْ شَيْءٍ ثُمَّ
اِلٰى رَبِّهِمْ يُحْشَرُوْنَ ۝ وَالَّذِيْنَ كَذَّبُوْا بِاٰيٰتِنَا
صُمٌّ وَّبُكْمٌ فِي الظُّلُمٰتِ ؕ مَنْ يَّشَاِ اللّٰهُ يُضْلِلْهُ

કહ્યું; ''અય અબુલ હકમ! (કાફિરો અબૂ જહલને અબુલ હકમ કહેતા હતા) આ એકાંત સ્થળ છે, અહીં કોઈ એવું નથી જે મારી તમારી વાતને જાણી શકે, હવે તું મને સાચુ સાચુ કહે, કે મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) સાચો છે કે નહિ?" અબૂ જહલે કહ્યું; ''અલ્લાહની કસમ! મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) ચોક્કસ સાચા છે, કદી કોઈ અસત્ય શબ્દ તેમની જીભે નથી ચઢયો. પણ વાત એમ છે કે તેઓ ''કસા"ના વંશમાં છે, લિવા (લડાઈ વખતે ઝંડો ઊંચકવો) સિકાયત (હાજીઓને પાણી પાવું) હિજાબત (કઆબા શરીફને ગિલાફ ચઢાવવો) નદવહ (કુરેશના મંત્રાણા સ્થાનનું સંચાલન) વિગેરે તમામ વિશિષ્ટ-તાઓ તો તેમને પ્રાપ્ત જ હતી હવે નબુવ્વત પણ જો તેમને ફાળે જાય તો પછી બીજા કુરેશીઓની વિશેષતા શું રહી?"

તિરમિઝીએ હઝરત અલી મુર્તઝા રદીયલ્લાહુ અન્હૂથી રિવાયત કરી છે કે અબૂજહેલે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને કહ્યું, 'અમે આપને જૂઠાડતા નથી, અમે તો તે કિતાબને જૂઠાડીએ છીએ જેને આપ લાવ્યા છો.' ત્યારે આ આયતે કરીમા ઉતરી.

૧૬૨. આમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને આશ્વાસન છે કે કોમ હુઝૂરની સત્યતાની માન્યતા ધરાવે છે પણ જાહેરમાં એમનું જૂઠાડવાનું કારણ તેમની અદેખાઈ હસદ છે.

૧૬૩. આયતનો અર્થ એ પણ થાય છે કે, અય હબીબ! તમને જૂઠાડવું એ અલ્લાહની આયતોને જૂઠાડવું છે, અને જૂઠાડનાર જાલિમ છે.

૧૬૪. અને જૂઠાડનારાઓનો નાશ કરાયો.

پ٧ واذا سمعوا ـ الانعام ٦

ومن يشأ يجعله على صراط مستقيم ﴿٣٩﴾ قل أرأيتكم
إن أتاكم عذاب الله أو أتتكم الساعة أغير الله
تدعون إن كنتم صادقين ﴿٤٠﴾ بل إياه تدعون
فيكشف ما تدعون إليه إن شاء وتنسون
ما تشركون ﴿٤١﴾ ولقد أرسلنا إلى أمم من قبلك فأخذناهم
بالبأساء والضراء لعلهم يتضرعون ﴿٤٢﴾ فلولا إذ
جاءهم بأسنا تضرعوا ولكن قست قلوبهم وزين
لهم الشيطان ما كانوا يعملون ﴿٤٣﴾ فلما نسوا ما ذكروا
به فتحنا عليهم أبواب كل شيء حتى إذا فرحوا
بما أوتوا أخذناهم بغتة فإذا هم مبلسون ﴿٤٤﴾ فقطع
دابر القوم الذين ظلموا والحمد لله رب العالمين ﴿٤٥﴾

પર નાખી દે[૧૬૦] (૩૯) તમે ફરમાવો, 'બતાવો તો ખરા! જો તમારા પર આવી પડે અલ્લાહનો અઝાબ, અથવા કયામત સ્થાપિત થાય, (તો શું) અલ્લાહ સિવાય અન્યને પોકારશો?[૧૬૧] જો સાચા હોવ તો[૧૬૨] (૪૦) બલ્કે તેને જ પોકારશો. તો જો તે ઇચ્છે (અને) જેના (ખાતર) તેને પોકારો છો (તે મુસીબતને) ઉઠાવી લે, અને (તો) ભાગીદારોને ભૂલી જશો[૧૬૩] (૪૧) અને બેશક! અમે તમારાથી પહેલાંની ઉમ્મતો તરફ રસૂલ મોકલ્યા, તો તેમને સખ્તી અને તકલીફ વડે પકડયા,[૧૬૪] કે તેઓ કોઇ રીતે ગળગળા થાય[૧૬૫] (૪૨) તો કેમ ન થયું કે જ્યારે તેમના પર અમારો અઝાબ આવ્યો ત્યારે ગળગળા થયા હોત! પણ તેમના હૃદયો તો સખત બની ગયાં[૧૬૬] અને શયતાને તેમનાં કર્મો તેમની દ્રષ્ટિમાં રૂપાળાં કરી દેખાડયાં (૪૩) પછી જ્યારે ભૂલાવી દીધી જે શિખામણો તેમને આપવામાં આવી હતી,[૧૬૭] (તો) અમે તેમના પર દ્વારો ખુલ્લાં કરી દીધાં દરેક વસ્તુનાં.[૧૬૮] ત્યાં સુધી કે જ્યારે, જે તેમને મળ્યું તેના પર હર્ષઘેલા બન્યા.[૧૬૯] ત્યારે અમે ઓચિંતા તેમને પકડી લીધા.[૧૭૦] હવે તેઓ નિરાશ બની બેઠા (૪૪) તો મૂળ ખોદી કાઢવામાં આવ્યું જુલ્મીઓનું.[૧૭૧] અને બધી ખૂબીઓથી વખણાએલ રબ આખા જહાનનો[૧૭૨] (૪૫)

૧૬૫. તેના હુકમને કોઈ પલટાવી શકતું નથી, રસૂલોની સહાય, અને એમને જૂઠાડનારાઓનો વિનાશ તેણે જ્યારે નિધાર્યો હશે ત્યારે જરૂર થશે જ.

૧૬૬. અને તમે જાણો છો કે કાફિરો તરફથી તેમને કેવાં કષ્ટો પહોંચ્યાં. એ દ્રષ્ટિ સમક્ષ રાખી તમે દિલને શાંત રાખો.

૧૬૭. સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને ખૂબ ઈચ્છા હતી કે બધા લોકો ઈસ્લામ સ્વીકારી લે, જેઓ ઈસ્લામથી વંચિત રહયા તેમનું અભાગીપણું આપને ખૂબ સાલતુ હતું.

૧૬૮. તેમના ઈમાન તરફથી હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની આશાનો અંત લાવવાનો હેતુ અહીં છે, જેથી તેમના મોઢું ફેરવવાથી અને ઈમાન ન લાવવાથી આપને દુઃખ અને તકલીફ ન થાય.

૧૬૯. હૃદયપૂર્વક સમજવા માટે તેઓ જ બોધગ્રહિત થાય છે અને સત્ય ધર્મનું નિમંત્રણ સ્વીકારે છે.

૧૭૦. અર્થાત કાફિરોને.

૧૭૧. કયામતના દિવસે.

૧૭૨. અને પોતાના કર્મોનું ફળ પામશે.

૧૭૩. મક્કાના કાફિરો.

૧૭૪. નથી જાણતા કે (એ નિશાની)નું ઉતરાણ એમના માટે આફત છે, કારણ કે (એ ઉતર્યા પછી) એનો ઈન્કાર કરતાંની સાથે (એમને) તબાહ કરી દેવામાં આવશે.

૧૭૫. અર્થાત તમામ સજીવ પ્રાણીઓ, જાનવરો હોય કે પશુઓ કે પક્ષીઓ બધાં જ તમારી જેમ

قل أرءيتم إن أخذ الله سمعكم وأبصاركم وختم
على قلوبكم من إله غير الله يأتيكم به انظر كيف
نصرف الآيات ثم هم يصدفون (٤٦) قل أرءيتكم
إن أتاكم عذاب الله بغتة أو جهرة هل
يهلك إلا القوم الظالمون (٤٧) وما نرسل المرسلين
إلا مبشرين ومنذرين فمن ءامن وأصلح
فلا خوف عليهم ولا هم يحزنون (٤٨) والذين كذبوا
بآياتنا يمسهم العذاب بما كانوا يفسقون (٤٩) قل
لا أقول لكم عندي خزائن الله ولا أعلم الغيب
ولا أقول لكم إني ملك إن أتبع إلا ما يوحى إلي قل
هل يستوي الأعمى والبصير أفلا تتفكرون (٥٠)

તમે ફરમાવો, 'કહો તો ખરા! જો અલ્લાહ તમારા કાન અને આંખ લઇ લે, અને તમારાં હૃદયો પર મહોર મારી દે,[૧૯૩] તો અલ્લાહ સિવાય ક્યો ખુદા છે જે તમને એ ચીજો લાવી આપે?[૧૯૪] જુઓ અમે કેવી કેવી રીતે આયતો બયાન કરીએ છીએ, છતાં તેઓ મોઢું ફેરવી લે છે (૪૬) તમે કહો, 'જો તમારા પર ઓચિંતો અલ્લાહનો અઝાબ આવે,[૧૯૫] અથવા સ્પષ્ટ રીતે,[૧૯૬] તો જાલિમ સિવાય (બીજુ કોણ) નાશ પામશે?[૧૯૭] (૪૭) અને અમે નથી મોકલતા રસૂલોને પણ ખુશી અને બ્હીક(ની વાત) સંભળાવનાર (બનાવીને).[૧૯૮] તો જેઓ ઇમાન લાવ્યા અને સુધર્યા,[૧૯૯] તેમને ન કંઇ બ્હીક ન કંઇ ચિંતા (૪૮) અને જેમણે અમારી આયતો જૂઠાડી, તેમને શિક્ષા મળશે, બદલો તેમની આજ્ઞા ઉલ્લંઘનોનો (૪૯) તમે ફરમાવી દો, 'હું તમને નથી કહેતો કે મારી પાસે અલ્લાહના ખજાના છે, અને ન એ કહું કે હું પોતે જ ગૈબ જાણી લઉં છું, અને ન તમને એ કહું કે હું ફરિશ્તો છું,[૨૦૦] હું તો તેના જ તાબે છું જે મને વહી આવે છે,[૨૦૧] તમે ફરમાવો, 'શું આંધળા અને દેખતા[૨૦૨] સરખા થઇ જશે તો શું તમે વિચાર નથી કરતા?' (૫૦)

ઉમ્મતો છે. આ સરખામણી દરેક રીતે નથી પણ અમુક રીતે છે. જે બાબતોમાં સરખામણી છે તે વિષે અમુક તફસીરકારોએ કહ્યું છે કે આ જાનવરો તમારી જેમ અલ્લાહને ઓળખે છે, તેને એક જાણે છે. અને એની પવિત્રતા બોલે છે, તેમજ તેની ઈબાદત કરે છે. અમુકનું કહેવું છે કે મખ્લૂક હોવામાં તેઓ તમારી જેવા છે. અમુકે કહ્યું કે તેઓ માંનવની જેમ જ પરસ્પર પ્રેમ ધરાવે છે અને એક બીજાને સમજી શકે છે. અમુકનું કથન છે કે રોજી ઢુંઢવામાં, તબાહીથી બચાવ કરવામાં, નર-નારીનો તફાવત સમજવામાં તમારી જેમ છે. અમુકે કહ્યું કે જન્મવામાં, મરવામાં અને મૃત્યુ બાદ હિસાબ માટે સજીવન થવામાં તમારી જેમ છે.

૧૭૬. અર્થાત સમગ્ર વિદ્યાઓ અને જે કંઈ બની ચૂક્યું અને જે કંઈ બનવાનું છે એ તમામનું વર્ણન એમાં છે અને બધી જ વસ્તુઓનું બયાન એમાં છે. એ કિતાબ એટલે કુરઆન મજીદ અથવા લવહે મહફૂઝ. (જુમલ વિગેરે)

૧૭૭. અને તમામ જાનવરો તેમજ પક્ષીઓનો હિસાબ કિતાબ થશે, ત્યાર બાદ તેમને માટી કરી નાખવામાં આવશે.

૧૭૮. કારણ કે સત્ય માની લેવું અને સત્યોચ્ચાર કરવાનું તેમને આવડતું નથી.

૧૭૯. અજ્ઞાનતા, અવાકપણુ અને કુફ્રના.

૧૮૦. ઈસ્લામની તવફીક આપે.

૧૮૧. અને દુનિયામાં જેમને મઅબૂદ માનતા હતા તેમની પાસે હાજત પુરી કરાવવા જશો?

૧૮૨. તમારા એ દાવામાં કે મુઆઝલ્લાહ મૂર્તિઓ મઅબૂદ છે. તો એ સમયે તેમને પોકારશો? પણ

તમે એવું નહિ કરો.

૧૮૩. જેમને પોતાની ખોટી માન્યતા અનુસાર મઅબૂદ સમજતા હતા, અને તેમની તરફ ધ્યાન પણ નહિ આપો કારણ કે તમને ખબર છે કે તેઓ તમારા કામ આવી શકતા નથી.

૧૮૪. ફકીરી મુફલસી કંગાલપણુ અને બીમારી વિગેરેમાં સપડાવ્યા.

૧૮૫. અલ્લાહ પ્રતિ ધ્યાન આપે, પોતાના ગુનાહોથી પાછા ફરે.

૧૮૬. તેઓ અલ્લાહના દરબારમાં આજિઝી કરવાના બદલે કુફ્ર અને જૂઠાડવા પર અડેલા રહયા.

૧૮૭. અને તેઓ કોઈ પણ રીતે બોધગ્રહિત ન બન્યા, ન તો પડેલી મુસીબતો જોઈને, ન નબીઓની શિખામણોથી.

૧૮૮. આરોગ્ય, સલામતી, વિપુલ પ્રમાણમાં રોજી અને એશઆરામ વિગેરેનાં.

૧૮૯. અને પોતાને તેને લાયક સમજી બેઠા અને કારૂનની જેમ ઘમંડ કરવા લાગ્યા.

૧૯૦. અને અઝાબમાં સપડાવ્યા.

૧૯૧. અને બધા જ બરબાદ કરી નાખવામાં આવ્યા, કોઈને બાકી મૂકવામાં આવ્યો નહિ.

૧૯૨. આથી જણાયું કે ભટકેલાઓ, અધર્મીઓ, અને જુલ્મીઓનો નાશ એ અલ્લાહની નેઅમત છે, એના બદલ આભાર માનવો જોઈએ.

૧૯૩. અને જ્ઞાન તેમજ આધ્યાત્મિકતાની બધી વ્યવસ્થા ખોરવાઈ જાય.

૧૯૪. એનો ઉત્તર એ જ છે કે 'કોઈ નહિ' તો હવે અલ્લાહના એક હોવા બાબત મજબૂત દલીલ રજુ થઈ ગઈ. કારણ કે જ્યારે અલ્લાહ સિવાય કોઈ એટલી સત્તા અને અધિકારવાળો નથી તો પછી પૂજા (ઈબાદત)ને લાયક માત્ર તે જ છે. અને કોઈને તેનો ભાગીદાર બનાવવો એક ઘણો જ ખરાબ જુલ્મ છે.

૧૯૫. જેનાં ચિન્હો પહેલાંથી જણાયાં ન હોય.

૧૯૬. નજરે જોતાં

૧૯૭. અર્થાત કાફિરો સિવાય બીજું કોણ બરબાદ થશે? કારણ કે તેમણે પોતાના પ્રાણો પર જુલ્મ કર્યો, અને આ વિનાશ તેમના માટે અઝાબ છે.

૧૯૮. ઈમાનદારોને જન્નત અને સવાબની ખુશખબર આપનાર અને કાફિરોને જહન્નમ અને અઝાબથી ડરાવનાર.

૧૯૯. સદકર્મો કર્યાં.

૨૦૦. કાફિરોની આદત હતી કે તેઓ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને જાતજાતના સવાલો પૂછ્યા કરતા હતા. કદી કહેતા કે જો તમે નબી હોવ તો અમને ખૂબ ધનદોલત આપો જેથી અમે કદી મોહતાજ ન બનીએ, અમારા માટે પર્વતોને સોનાના બનાવી દો, કદીક કહેતા કે ભૂત-ભવિષ્યના સમાચાર કહી દો અને અમારા ભાવિની ખબર આપો કે કેવું કેવું થશે જેથી અમે ફાયદો ઉઠાવી લઈએ અને નુકશાનોથી બચવાનો બંદોબસ્ત અગમચેતીથી જ કરી લઈએ. કદી કહેતા કે અમને કયામતનો દિવસ કહો કે ક્યારે આવશે. કદીક કહેતા કે તમે કેવા રસૂલ છો કે ખાઓ પીઓ છો અને નિકાહ પણ કરો છો એમની એ બધી વાતોનો આ આયતમાં જવાબ આપવામાં આવ્યો કે આવી વાતો તદ્દન અસ્થાને અને અજ્ઞાનતાની છે. કારણ કે જે માણસ જે વાતનો દાવો કરતો હોય તેને એવી જ વાતો પૂછવી જોઈએ જે તેના દાવાને લગતી હોય. અસંબંધિત વાતોની પુચ્છા કરવી અને તેને દાવા વિરુદ્ધ દલીલ બનાવવી અજ્ઞાનતા છે. તેથી

અને ડરાવો તેમને આ કુરઆનથી જેમને બીક હોય કે પોતાના રબ તરફ એ રીતે ઉઠાડવામાં આવે કે અલ્લાહ સિવાય ન તેમનો કોઇ તરફદાર હોય ન કોઇ ભલામણ કરનાર એ આશાએ કે તેઓ પરહેઝગાર બની જાય (૫૧) અને તેમને અળગા ન કરો જેઓ પોતાના રબને સવાર સાંજ પોકારે તેની ખુશી ઇચ્છતા.[૨૦૩] તમારા પર તેમના હિસાબમાંથી કશું નથી, અને તેમના પર તમારા હિસાબમાંથી કશું નથી.[૨૦૪] છતાં તેમને તમે છેટા રાખો તો એ કામ ન્યાયથી વેગળું છે (૫૨) અને એમ જ અમે તેમનામાં એકને બીજા માટે અજમાઇશ બનાવ્યા, કે ધનવાન કાફિર નાદાર મુસલમાનને દેખીને[૨૦૫] કહે, 'શું આ છે જેમના પર અલ્લાહે એહસાન કર્યું અમારામાંથી?'[૨૦૬] શું અલ્લાહ સત્ય માનનારાઓને ખૂબ ઓળખતો નથી? (૫૩) અને જ્યારે તેઓ અમારી સમક્ષ હાજર થાય જેઓ અમારી આયતો પર ઇમાન લાવે છે તો તેમને કહો, "તમને સલામ! તમારા પરવરદિગારે પોતાની કૃપાના જિમ્મે મહેરબાની અનિવાર્ય કરી લીધી છે,[૨૦૭] કે તમારામાં જો કોઇ નાદાનીથી કોઇ બુરાઇ કરી બેસે, પછી ત્યારબાદ પ્રશ્ચાતાપ કરે અને સુધરી જાય તો અવશ્ય અલ્લાહ ક્ષમા કરનાર મહેરબાન છે.' (૫૪)

وإذا سمعوا ٧ الانعام ٦

وَأَنذِرْ بِهِ الَّذِينَ يَخَافُونَ أَن يُحْشَرُوا إِلَىٰ رَبِّهِمْ
لَيْسَ لَهُم مِّن دُونِهِ وَلِيٌّ وَلَا شَفِيعٌ لَّعَلَّهُمْ يَتَّقُونَ ﴿٥١﴾
وَلَا تَطْرُدِ الَّذِينَ يَدْعُونَ رَبَّهُم بِالْغَدَاةِ وَالْ
عَشِيِّ يُرِيدُونَ وَجْهَهُ مَا عَلَيْكَ مِنْ حِسَابِهِم
مِّن شَيْءٍ وَمَا مِنْ حِسَابِكَ عَلَيْهِم مِّن شَيْءٍ فَتَطْرُدَهُمْ
فَتَكُونَ مِنَ الظَّالِمِينَ ﴿٥٢﴾ وَكَذَٰلِكَ فَتَنَّا بَعْضَهُم
بِبَعْضٍ لِّيَقُولُوا أَهَٰؤُلَاءِ مَنَّ اللَّهُ عَلَيْهِم مِّن بَيْنِنَا
أَلَيْسَ اللَّهُ بِأَعْلَمَ بِالشَّاكِرِينَ ﴿٥٣﴾ وَإِذَا جَاءَكَ الَّذِينَ
يُؤْمِنُونَ بِآيَاتِنَا فَقُلْ سَلَامٌ عَلَيْكُمْ كَتَبَ رَبُّكُمْ عَلَىٰ
نَفْسِهِ الرَّحْمَةَ أَنَّهُ مَنْ عَمِلَ مِنكُمْ سُوءًا بِجَهَالَةٍ ثُمَّ
تَابَ مِن بَعْدِهِ وَأَصْلَحَ فَأَنَّهُ غَفُورٌ رَّحِيمٌ ﴿٥٤﴾

જ હુકમ થયો કે તમે કહી દો કે મારો દાવો એ તો નથી કે મારી પાસે અલ્લાહના ખજાના છે કે જેથી તમે મારી પાસે ધનદોલત માંગો, અને હું એ તરફ લક્ષ ન આપું તો તમે રિસાલતના ઈન્કારી બની જાઓ, ન મારો દાવો સ્વયં પોતે ગૈબ જાણતો હોવાનો છે કે જો તમને ભૂત-ભવિષ્યની ખબરો ન કહું તો મારી નબુવ્વતને ન માનવા બહાનું બનાવો. અને ન તો મેં ફરિશ્તો હોવાનો દાવો કર્યો છે કે જેથી ખાવું, પીવું, નિકાહ કરવું વાંધાપાત્ર ઠરે, તો જે વસ્તુઓનો દાવો જ નથી કર્યો, તેના વિશે સવાલ કરવો જ અસ્થાને છે. અને એ પુરા કરવા મારા માટે જરૂરી નથી. મારો દાવો તો નબુવ્વત અને રિસાલતનો છે; જ્યારે એના પર જબરદસ્ત અને મજબૂત દલીલો રજુ થઈ ચૂકી તો પછી અસંબંધિત વાતો રજુ કરવી શું અર્થ ધરાવે છે?

**ફાયદો** :- આથી તદ્દન સ્પષ્ટ થઈ ગયું કે આ આયતને હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને ઈલ્મે ગૈબ નહીં હોવા બાબત દલીલ તરીકે રજુ કરવી એવું જ અસ્થાને છે જેવું કે કાફિરોનું એ સવાલોને નબુવ્વતના ઈન્કાર માટે દસ્તાવેજ બનાવવું અસ્થાને હતું. એ સિવાય આ આયતથી હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને અલ્લાહના આપેલા ઈલ્મે ગૈબનો નકાર ધારી શકાતો જ નથી, નહિ તો આયતો વચ્ચે વિરોધાભાસ માનવો પડશે, અને એ શક્ય નથી. તફસીરકારોનું એવું પણ કહેવું છે કે હુઝૂરનું "લા યકૂલુ લકુમ" (હું તમને નથી કહેતો) કહેવું નરમાશની રીતે હતું, (ખાઝિન, મદારિક, જુમલ વિગેરે)

૨૦૧. અને એ જ નબીનું કામ છે. તો હું તમને તે જ આપીશ જેનો મને હુકમ મળશે. તે જ કહીશ જેની આજ્ઞા થશે. તે જ કરીશ જેનો મને આદેશ મળ્યો હશે.

૨૦૨. મોમિન અને કાફિર.

અને આ રીતે જ અમે આયતોને વિગતવાર વર્ણવીએ છીએ[૨૦૮] અને એટલા માટે કે ગુનેહગારોનો માર્ગ જાહેર થઇ જાય[૨૦૯] (૫૫) તમે કહી દો, "મને મનાઇ કરવામાં આવી છે કે તેમને પૂજુ જેમને તમે અલ્લાહ સિવાય પૂજો છો[૨૧૦]" તમે કહો, હું તમારી ઇચ્છા અનુસાર નથી ચાલતો[૨૧૧] એવું હોય તો હું ભટકી જાઉં અને માર્ગ પર ન રહું" (૫૬) તમે કહો, "હું તો મારા રબ તરફથી સ્પષ્ટ દલીલ પર છું,[૨૧૨] અને તમે એને જૂઠાડો છો. તમે જેની ઉતાવળ કરી રહ્યા છો તે મારી પાસે નથી.[૨૧૩] હુકમ નથી પણ અલ્લાહનો. તે સત્ય ફરમાવે છે. અને તે સર્વોત્તમ ફેંસલો કરનાર છે (૫૭) તમે કહો, "તમે જેની ઉતાવળ કરી રહ્યા છો તે વસ્તુ[૨૧૪] જો મારી પાસે હોત તો, મારી તમારી વચ્ચે કામ પતી ગયું હોત"[૨૧૫] અને અલ્લાહ સિતમગારોને ખૂબ જાણે છે (૫૮) અને ગૈબની ચાવીઓ તેની પાસે જ છે, એને તે જ જાણે છે.[૨૧૬] અને જાણે છે જે કંઇ પૃથ્વી અને પાણીમાં છે. અને જે પાંદડું ખરે છે તેને તે જાણે છે. અને ધરતીના અંધકારમાં કોઇ દાણો એવો નથી અને ન કોઇ લીલી વસ્તુ અને ન કોઇ સુકી વસ્તુ જે એક ખુલ્લી કિતાબમાં લખેલું ન હોય[૨૧૭]

وإذا سمعوا — الأنعام

وَكَذٰلِكَ نُفَصِّلُ الْاٰيٰتِ وَلِتَسْتَبِيْنَ سَبِيْلُ
الْمُجْرِمِيْنَ ۝ قُلْ اِنِّيْ نُهِيْتُ اَنْ اَعْبُدَ الَّذِيْنَ تَدْعُوْنَ
مِنْ دُوْنِ اللّٰهِ قُلْ لَّآ اَتَّبِعُ اَهْوَآءَكُمْ قَدْ ضَلَلْتُ
اِذًا وَّمَآ اَنَا مِنَ الْمُهْتَدِيْنَ ۝ قُلْ اِنِّيْ عَلٰى بَيِّنَةٍ
مِّنْ رَّبِّيْ وَكَذَّبْتُمْ بِهٖ مَا عِنْدِيْ مَا تَسْتَعْجِلُوْنَ
بِهٖ اِنِ الْحُكْمُ اِلَّا لِلّٰهِ يَقُصُّ الْحَقَّ وَهُوَ خَيْرُ الْفٰصِلِيْنَ ۝
قُلْ لَّوْ اَنَّ عِنْدِيْ مَا تَسْتَعْجِلُوْنَ بِهٖ لَقُضِيَ الْاَمْرُ
بَيْنِيْ وَبَيْنَكُمْ وَاللّٰهُ اَعْلَمُ بِالظّٰلِمِيْنَ ۝ وَعِنْدَهٗ
مَفَاتِحُ الْغَيْبِ لَا يَعْلَمُهَآ اِلَّا هُوَ وَيَعْلَمُ مَا فِي
الْبَرِّ وَالْبَحْرِ وَمَا تَسْقُطُ مِنْ وَّرَقَةٍ اِلَّا يَعْلَمُهَا وَلَا
حَبَّةٍ فِيْ ظُلُمٰتِ الْاَرْضِ وَلَا رَطْبٍ وَّلَا يَابِسٍ

૨૦૩. **શાને નુઝૂલ :-** કાફિરોનું એક ટોળુ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ પાસે આવ્યું, તેમણે જોયું કે હુઝૂરની આજુબાજુ ગરીબ સહાબાનું એક જુથ હાજર છે, જેમણે હલકી કક્ષાના વસ્ત્રો પહેરેલાં છે. એ જોઈને તેમણે કહ્યું કે; 'આ લોકો સાથે બેસતા અમને શરમ આવે છે, જો તમે એમને પોતાની મજલિસમાંથી કાઢી મૂકો તો અમે તમારા પર ઈમાન લઈ આવીએ અને તમારી સેવામાં હાજર રહીએ." હુઝૂરે એ વાત ન સ્વીકારી ત્યારે એ બાબત આ આયત ઉતરી.

૨૦૪. બધાનો હિસાબ અલ્લાહ પાસે છે. તે જ સમગ્ર સર્જાયેલ વસ્તુઓને રોજી આપનાર છે. તેના સિવાય કોઈનાય શિરે કોઈનો પણ હિસાબ નથી. તાત્પર્ય એ કે જે અશક્ત ગરીબો જેમનું વર્ણન ઉપર થયું તેઓ તમારા દરબારમાં નિકટતા મેળવવા માટે હકદાર છે, તેમને છેટા ન કરવા જ યથાર્થ છે.

૨૦૫. અદેખાઈની રીતે.

૨૦૬. કે એમને ઈમાન અને સતમાર્ગ દેખાડયો; તે લોકો ફકીર ગરીબ હોવા છતાં. અને અમે ધનવાન અને આગેવાનો છીએ. આનાથી તેમનો હેતુ અલ્લાહના કામમાં વાંધો કાઢવાનો હતો કે ગરીબો માલદારોથી આગળ વધવાનો હક ધરાવતા નથી, માટે જો આ ગરીબો જે (ધર્મ) પર છે. તે સત્ય હોત તો તે અમારાથી આગળ ન હોત?

૨૦૭. અને પોતાની કૃપા અને મહેરબાનીથી વાયદો કર્યો;

૨૦૮. જેથી સત્ય સ્પષ્ટ થાય અને એને અમલમાં મૂકવામાં આવે.

૨૦૯. જેથી એનાથી બચવામાં આવે.

(૫૯) અને તે જ છે જે તમારા પ્રાણ કબ્જે કરે છે. રાત્રે અને જે દિવસે કમાણી કરો તે જાણે છે.[૨૧૮] પછી તમને દિવસે ઉઠાડે છે કે નક્કી કરેલી મુદ્દત પુરી કરો[૨૧૯] પછી તેના પ્રતિ જ તમારે જવાનું છે.[૨૨૦] પછી તમે જે કરતા હતા તે બતાવી દેશે (૬૦) અને તે જ સર્વોચ્ચ છે પોતાના બન્દાઓ પર, અને તમારા પર ચોકીદાર મોકલે છે.[૨૨૧] ત્યાં સુધી કે તમારામાંથી કોઇને મૃત્યુ આવે છે (ત્યારે) અમારા ફરિશ્તા તેનો જીવ (કાઢી) લે છે[૨૨૨] અને તેઓ ક્ષતિ નથી કરતા[૨૨૩] (૬૧) પછી પરત કરવામાં આવે છે પોતાના સાચા માલિક અલ્લાહ તરફ. સાંભળે છે! હુકમ (તો) તેનો જ છે.[૨૨૪] અને તે બધાંનો જલ્દી હિસાબ કરનાર (છે)[૨૨૫] (૬૨) તમે કહી દો, "તે કોણ છે જે તમને જંગલ અને સમુદ્રની આફતોથી છૂટકારો આપે છે? જેને કરગરીને પોકારો છો અને ધીરેથી (પણ), કે જો તે અમને આનાથી ઉગારી લે તો અમે જરૂર આભાર માનીશું[૨૨૬] (૬૩) તમે કહો, અલ્લાહ તમને એનાથી અને દરેક વ્યાકુળતાથી છૂટકારો આપે છે, છતાં તમે (તેના) ભાગીદાર ઠેરવો છો,[૨૨૭] (૬૪)



اِلَّا فِيْ كِتٰبٍ مُّبِيْنٍ ﴿٥٩﴾ وَهُوَ الَّذِيْ يَتَوَفّٰىكُمْ بِالَّيْلِ
وَيَعْلَمُ مَا جَرَحْتُمْ بِالنَّهَارِ ثُمَّ يَبْعَثُكُمْ فِيْهِ لِيُقْضٰٓى
اَجَلٌ مُّسَمًّى ثُمَّ اِلَيْهِ مَرْجِعُكُمْ ثُمَّ يُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ
تَعْمَلُوْنَ ﴿٦٠﴾ وَهُوَ الْقَاهِرُ فَوْقَ عِبَادِهٖ وَيُرْسِلُ
عَلَيْكُمْ حَفَظَةً حَتّٰىٓ اِذَا جَآءَ اَحَدَكُمُ الْمَوْتُ
تَوَفَّتْهُ رُسُلُنَا وَهُمْ لَا يُفَرِّطُوْنَ ﴿٦١﴾ ثُمَّ رُدُّوْٓا اِلَى
اللّٰهِ مَوْلٰىهُمُ الْحَقِّ اَلَا لَهُ الْحُكْمُ وَهُوَ اَسْرَعُ
الْحٰسِبِيْنَ ﴿٦٢﴾ قُلْ مَنْ يُّنَجِّيْكُمْ مِّنْ ظُلُمٰتِ الْبَرِّ وَ
الْبَحْرِ تَدْعُوْنَهٗ تَضَرُّعًا وَّخُفْيَةً لَئِنْ اَنْجٰىنَا
مِنْ هٰذِهٖ لَنَكُوْنَنَّ مِنَ الشّٰكِرِيْنَ ﴿٦٣﴾ قُلِ اللّٰهُ
يُنَجِّيْكُمْ مِّنْهَا وَمِنْ كُلِّ كَرْبٍ ثُمَّ اَنْتُمْ تُشْرِكُوْنَ ﴿٦٤﴾

૨૧૦. કારણ કે એ બુદ્ધિ અને આદેશ બન્નેની વિરૂદ્ધ છે.

૨૧૧. અર્થાત તમારો માર્ગ મનેચ્છાનું અનુસરણ છે, નહિ કે દલીલનું અનુકરણ. જેથી ધારણ કરવા યોગ્ય નથી.

૨૧૨. અને મને એની ઓળખ પ્રાપ્ત છે. હું જાણું છું કે તેના સિવાય કોઈ પૂજવા લાયક નથી. સ્પષ્ટ દલીલમાં કુરઆન મજીદ, મો'જિઝા, અને તવહીદની ઉઘાડી સાબિતીઓ વિગેરે બધું આવી જાય છે.

૨૧૩. કાફિરો મશ્કરી રૂપે હુઝૂરને કહેતા હતા કે; અમારા પર જલ્દી અઝાબ ઉતારાવો, આ આયતમાં તેમને જવાબ આપવામાં આવ્યો અને જાહેર કરી દેવામાં આવ્યું કે હુઝૂર પાસે એની માંગણી તદ્દન અસ્થાને છે.

૨૧૪. અર્થાત અઝાબ.

૨૧૫. હું તમને એક પળની પણ મહેતલ ન આપત, અને તમને અલ્લાહના વિરોધી જાણીને વગર સંકોચે નાશ કરી નાખત. પણ અલ્લાહ ધીરજવાન છે, સજા આપવામાં જલ્દી કરતો નથી.

૨૧૬. તો જેને તે ઈચ્છે તે જ ગૈબને જાણકાર બની શકે, તેના જણાવ્યા વગર કોઈ ગૈબ જાણી શકતુ નથી. (વાહિદી)

૨૧૭. "ખુલ્લી કિતાબ" એટલે લવહે મહફૂઝ. અલ્લાહ તઆલાએ એમાં જે થઈ ગયું અને જે થશે તે બધાનો હેવાલ લખી દીધો છે.

૨૧૮. જેથી તમારા પર નિંદ્રા ચઢી જાય છે, અને તમારા કાર્યો યથાવત ચાલ્યા કરતાં નથી.

તમે ફરમાવો, "તે શક્તિમાન છે કે તમારા પર અઝાબ મોકલે તમારી ઉપરથી અથવા તમારા પગો નીચેથી, અથવા તમને અથડાવી દે જુદા જુદા જુથો બનાવીને, અને એકને બીજાની સખ્તી ચખાડે" જુઓ અમે કેવી રીતે અનેકવિધ રીતે આયતો વર્ણવીએ છીએ કે ક્યાંક એમને સમજ આવે[૨૨૮] (૬૫) અને એને જૂઠાડયું તમારી કોમે,[૨૨૯] અને એ જ સત્ય છે તમે કહો, 'હું તમારા પર કંઇ અધિપતી નથી[૨૩૦] (૬૬) દરેક વસ્તુનો એક સમય નક્કી છે[૨૩૧] અને નજીકમાં જ સમજી જશો (૬૭) અને અય સાંભળનાર! જ્યારે તુ તેમને જુએ જે અમારી આયતોની ચૂંથણીમાં પડે છે,[૨૩૨] તો તેમનાથી મોઢું ફેરવી લે.[૨૩૩] ત્યાં સુધી કે (તેઓ) બીજી વાતમાં પડે. અને જો ક્યાંક તને શયતાન ભૂલવી દે, તો યાદ આવ્યેથી જુલ્મીઓ પાસે ન બેસ (૬૮) અને પરહેઝગારો પર તેમના હિસાબમાંથી કંઇ નથી.[૨૩૪] હા! શિખામણ આપવી, કદાચ તેઓ પાછા ફરે[૨૩૫] (૬૯) અને છોડી દે તેમને જેમણે પોતાનો ધર્મ મજાક મશ્કરી બનાવી લીધો, અને તેમને દુનિયાની

الانعام٦ واذاسمعوا٧

قُلْ هُوَ الْقَادِرُ عَلٰۤى اَنْ یَّبْعَثَ عَلَیْكُمْ عَذَابًا مِّنْ
فَوْقِكُمْ اَوْ مِنْ تَحْتِ اَرْجُلِكُمْ اَوْ یَلْبِسَكُمْ شِیَعًا
وَّ یُذِیْقَ بَعْضَكُمْ بَاْسَ بَعْضٍ اُنْظُرْ كَیْفَ نُصَرِّفُ
الْاٰیٰتِ لَعَلَّهُمْ یَفْقَهُوْنَ ﴿۶۵﴾ وَ كَذَّبَ بِهٖ قَوْمُكَ وَ هُوَ
الْحَقُّ قُلْ لَّسْتُ عَلَیْكُمْ بِوَكِیْلٍ ﴿۶۶﴾ لِكُلِّ نَبَاٍ مُّسْتَقَرٌّ
وَّ سَوْفَ تَعْلَمُوْنَ ﴿۶۷﴾ وَ اِذَا رَاَیْتَ الَّذِیْنَ یَخُوْضُوْنَ
فِیْۤ اٰیٰتِنَا فَاَعْرِضْ عَنْهُمْ حَتّٰى یَخُوْضُوْا فِیْ حَدِیْثٍ
غَیْرِهٖ وَ اِمَّا یُنْسِیَنَّكَ الشَّیْطٰنُ فَلَا تَقْعُدْ بَعْدَ
الذِّكْرٰى مَعَ الْقَوْمِ الظّٰلِمِیْنَ ﴿۶۸﴾ وَ مَا عَلَى الَّذِیْنَ
یَتَّقُوْنَ مِنْ حِسَابِهِمْ مِّنْ شَیْءٍ وَّ لٰكِنْ ذِكْرٰى لَعَلَّهُمْ
یَتَّقُوْنَ ﴿۶۹﴾ وَ ذَرِ الَّذِیْنَ اتَّخَذُوْا دِیْنَهُمْ لَعِبًا وَّ لَهْوًا

૨૧૯. અને જિંદગી એના અંત સુધી પહોંચે.

૨૨૦. આખેરતમાં, આયતમાં મૃત્યુ પછીના જીવન પર દલીલ કરવામાં આવી કે જે રીતે દરરોજ સૂતી વખતે એક પ્રકારનું મૃત્યુ તમારા પર લાગુ કરવામાં આવે છે, જેનાથી તમારી ગ્રહણશક્તિઓ કાર્યચ્યુત બની જાય છે, અને હલન ચલન પકડવું વિગેરે જાગૃતાવસ્થાના કાર્યો થંભી જાય છે, પછી જાગતી વખતે અલ્લાહ તઆલા બધા અવયવોને તેમની શક્તિઓ પાછી આપે છે. એ આ વાત પર ઉઘાડી દલીલ છે કે તે જિંદગીના કાર્યો મૃત્યુ પછી પાછા આપવા બાબત પણ એવો જ શક્તિમાન છે.

૨૨૧. ફરિશ્તાઓ, જેમને કિરામન-કાતેબીન કહે છે, તેઓ માનવીની બદી અને નેકી (પાપ અને પુણ્ય) લખ્યા કરે છે, દરેક માણસ સાથે બે ફરિશ્તા છે, એક જમણી બાજુ, બીજો ડાબી બાજુ. નેકીઓ જમણી તરફવાળો લખે છે, અને ગુનાહો ડાબી બાજુનો. બન્દાઓએ હોશિયાર રહેવું જોઈએ, અને બદી તેમજ ગુનાહોથી બચવું જોઈએ, કારણ કે દરેક કર્મ લખવામાં આવે છે. અને કયામતના દિવસે એ દફતર બધી મખ્લૂક સમક્ષ વાંચવામાં આવશે, ત્યારે ગુનાહ કેટલી ફજેતીનું કારણ બની રહેશે? અલ્લાહ આશરો આપે.

૨૨૨. એ ફરિશ્તાઓથી મુરાદ યા તો એકલા મલકુલ મૌત છે, અને બહુવચન એમના માનાર્થે છે. અથવા મલકુલ મૌત પોતાના મદદનીશોને તેનો જીવ કાઢવાની આજ્ઞા આપે છે અને જ્યારે જીવ ગળા સુધી આવી જાય છે ત્યારે પોતે કાઢી લે છે. (ખાઝિન)

૨૨૩. અને આદેશ પાલનમાં તેમનાથી ક્ષતિ થતી નથી, અને તેમના કાર્યમાં આળસ કે વિલંબને માર્ગ નથી, પોતાની ફરજો ચોક્કસ સમયે બજાવે છે.

જિંદગીએ ફરેબ આપ્યો, અને કુરઆન દ્વારા શિખામણ આપો,[૨૩૬] કે ક્યાંક કોઇ જીવ પોતાના કર્યા બદલ પકડવામાં ન આવે.[૨૩૭] ખુદા સિવાય તેનો ન કોઇ તરફદાર હોય ન ભલામણ કરનાર અને જો પોતાના બદલે બદલો આપે. દરેક પ્રકારનો, તો (પણ) તેની પાસેથી સ્વીકારવામાં ન આવે. આ છે તેઓ[૨૩૮] જે પોતાના કર્યા બદલ પકડાયા. તેમને પીવા ઉકળતું પાણી અને દુ:ખદાયક અઝાબ (અપાશે) બદલો તેમના કુફ્રનો (૭૦) તમે ફરમાવો,[૨૩૯] 'શું અમે અલ્લાહ સિવાય તેને પૂજીએ જે અમારૂં ન ભલુ કરે ન બુરૂ?[૨૪૦] અને અવળા પગે પાછા કાઢવામાં આવીએ એ પછી કે અલ્લાહે અમને માર્ગ દેખાડયો?'[૨૪૧] તેની જેમ જેને શયતાને ધરતીમાં માર્ગ ભૂલાવ્યો.[૨૪૨] હેરાન છે, તેના સાથીદારો તેને માર્ગ તરફ બોલાવી રહ્યા છે કે આ તરફ આવ. તમે કહો, "અલ્લાહનું માર્ગદર્શન એ જ માર્ગદર્શન છે[૨૪૩] અને અમને હુકમ છે કે અમે તેના માટે જ ગરદન નમાવી દઇએ.[૨૪૪] જે પાલનહાર બધાય જગતનો (૭૧) અને એ કે નમાઝ કાયમ રાખો અને તેનાથી ડરો. અને તે જ છે જેના તરફ તમારે ઉઠવાનુ છે (૭૨) અને તે જ છે જેણે આકાશો અને ધરતી બરાબર બનાવ્યા.[૨૪૫] અને જે દિવસે નાબૂદ

واذا سمعوا ٧ — الانعام ٦

وَغَرَّتْهُمُ الْحَيٰوةُ الدُّنْيَا وَذَكِّرْ بِهٖٓ اَنْ تُبْسَلَ نَفْسٌ
بِمَا كَسَبَتْ لَيْسَ لَهَا مِنْ دُوْنِ اللّٰهِ وَلِيٌّ وَّلَا
شَفِيْعٌ وَاِنْ تَعْدِلْ كُلَّ عَدْلٍ لَّا يُؤْخَذْ مِنْهَا اُولٰٓئِكَ
الَّذِيْنَ اُبْسِلُوْا بِمَا كَسَبُوْا لَهُمْ شَرَابٌ مِّنْ حَمِيْمٍ وَّعَذَابٌ
اَلِيْمٌ بِمَا كَانُوْا يَكْفُرُوْنَ ﴿٧٠﴾ قُلْ اَنَدْعُوْا مِنْ دُوْنِ اللّٰهِ
مَا لَا يَنْفَعُنَا وَلَا يَضُرُّنَا وَنُرَدُّ عَلٰٓى اَعْقَابِنَا بَعْدَ اِذْ
هَدٰىنَا اللّٰهُ كَالَّذِي اسْتَهْوَتْهُ الشَّيٰطِيْنُ فِي الْاَرْضِ حَيْرَانَ
لَهٗٓ اَصْحٰبٌ يَّدْعُوْنَهٗٓ اِلَى الْهُدَى ائْتِنَا قُلْ اِنَّ هُدَى اللّٰهِ هُوَ
الْهُدٰى وَاُمِرْنَا لِنُسْلِمَ لِرَبِّ الْعٰلَمِيْنَ ﴿٧١﴾ وَاَنْ اَقِيْمُوا الصَّلٰوةَ
وَاتَّقُوْهُ وَهُوَ الَّذِيْٓ اِلَيْهِ تُحْشَرُوْنَ ﴿٧٢﴾ وَهُوَ الَّذِيْ خَلَقَ
السَّمٰوٰتِ وَالْاَرْضَ بِالْحَقِّ وَيَوْمَ يَقُوْلُ كُنْ فَيَكُوْنُ

૨૨૪. અને તે દિવસે તેના સિવાય કોઈ હુકમ કરનાર નથી.

૨૨૫. કારણ કે તેને વિચારવાની, પારખવાની કે ગણવાની જરૂર નથી; કે જેથી વિલંબ થાય.

૨૨૬. આ આયતમાં કાફિરોને ચેતવણી આપવામાં આવી છે કે, પૃથ્વી અને પાણીના પ્રવાસોમાં જ્યારે તેઓ આફતોમાં સપડાઈને હેરાન થાય છે, અને એવી એવી ભયંકર આફતો આવે છે, જેનાથી હૃદયો કંપી ઉઠે છે અને અશુભ એંધાણો હૃદયોને વ્યાકુળ અને બેચેન બનાવી દે છે, ત્યારે મૂર્તિપૂજક પણ મૂર્તિઓને ભૂલી જાય છે અને અલ્લાહ પાસે જ દુઆ (પ્રાર્થના) કરે છે, તેના દરબારમાં જ કરગરે છે, અને કહે છે કે જો આ મુસીબતમાંથી તેં છોડાવ્યો તો હું આભારવશ થઈશ અને નેઅમતનો હક અદા કરીશ.

૨૨૭. અને આભારવશ થવાના બદલે મહાન અપકાર કરો છો. અને આ જાણવાં છતાં કે મૂર્તિઓ નકામી છે કશા કામની નથી. છતાં તેમને અલ્લાહના ભાગીદાર ઠેરવો છો આ કેટલી મોટી ગુમરાહી છે.

૨૨૮. તફસીરકારોને એમાં મતભેદ છે કે આ આયતમાં ક્યા લોકોને કહેવામાં આવ્યું છે. એક વર્ગ કહે છે કે એનાથી ઉમ્મતે મુહમ્મદિયાહ મુરાદ છે, અને આ આયત તેમના વિષે જ ઉતરી. બુખારીની હદીષમાં છે કે જ્યારે આ ઉતર્યું કે; "તે તમારા પર અઝાબ મોકલવા શક્તિમાન છે તમારા ઉપરથી." ત્યારે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે ફરમાવ્યું; "તારો જ આશરો ઈચ્છુ છું." અને જ્યારે આ ઉતર્યું કે "તમારા પગોની નીચેથી" ત્યારે ફરમાવ્યું; "હું તારો જ આશરો માંગુ છું" અને જ્યારે આ ઉતર્યું કે "અથવા તમને અથડાવી દે અલગ અલગ જુથો બનાવીને, અને એકને બીજાની સખ્તી ચખાડે." ત્યારે ફરમાવ્યું; "આ સહેલું છે."

મુસ્લિમની હદીષ શરીફમાં છે કે એક દિવસે હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને બની મુઅવિયહની મસ્જિદમાં બે રકાત નમાઝ પઢી, ત્યાર બાદ લાંબી દુઆ માંગી, પછી સહાબા તરફ ધ્યાન આપી ફરમાવ્યું; "મેં મારા રબ પાસેથી ત્રણ વસ્તુઓ માંગી, તેમાંથી માત્ર બે નો સ્વીકાર થયો. એક વસ્તુ તો એ હતી કે મારી ઉમ્મતને આમ દુષ્કાળથી નાશ ન કરજે, એ કબૂલ થયું. એક હતું કે એમને ડૂબાડી દેવાનો અઝાબ ન કરજે એ પણ કબૂલ થયું. ત્રીજુ એ હતું કે એમનામાં અંદરોઅંદર લડાઈઓ ન થાય, તે કબૂલ ન થયું."

૨૨૯. અર્થાત કુરઆન શરીફને અથવા અઝાબ આવવાને.

૨૩૦. મારું કામ માર્ગ દર્શન છે, હ્રદયોની જવાબદારી મારા પર નથી.

૨૩૧. અર્થાત અલ્લાહ તઆલાએ જે વસ્તુઓ આપી છે તેમના માટે સમય નક્કી થયેલો છે. તેનું અસ્તિત્વ તેના ચોક્કસ સમયે જ થશે.

૨૩૨. ઠઠ્ઠા મશ્કરી અને મ્હેણાં ટોણાંની રીતે.

૨૩૩. અને તેમની સાથેની બેઠક ઉઠક છોડી દે.

**મસઅલો :-** આ આયતથી જણાયું કે અધર્મીઓની જે બેઠકમાં દીન ધર્મનો મોભો ન જળવાતો હોય, ત્યાં મુસલમાન માટે બેસવું જાઈઝ નથી. આનાથી સાબિત થયું કે કાફિરો અને અધર્મીઓના જલસા-સભાઓમાં કે જ્યાં તેઓ દીન વિરુદ્ધ તકરીરો-ભાષણ કરે છે, તેમાં જવું, સાંભળવા માટે હાજરી આપવી જાઈઝ નથી. અને તેમને રદીયો આપવા કે સત્ય જાહેર કરવા જવું, એ તેમની સાથેની બેઠક ન ગણાય, કારણ કે એ તો સત્યોચ્ચાર છે જે મના નથી. જેમકે આગળની આયતથી સ્પષ્ટ છે.

૨૩૪. અર્થાત મજાક મશ્કરી કરનારાઓના ગુનાહ તેમના જ શિરે છે. તેમની પાસેથી જ એમનો હિસાબ લેવાશે. પરહેઝગારો પાસેથી નહીં.

**શાને નુઝૂલ :-** મુસલમાનોએ કહ્યું હતું કે જો અમે એમને છોડી દઈએ અને ન રોકીએ તો અમને ગુનેહગાર થવાનો ડર છે, ત્યારે આ આયત ઉતરી.

૨૩૫. **મસઅલો :-** આયતથી જણાયું કે શિખામણ આપવા અને સત્યોચ્ચાર ખાતર તેમની પાસે બેસવું જાઈઝ છે.

૨૩૬. અને શરીઅતના હુકમો બતાવો.

૨૩૭. અને પોતાના ગુનાહિત કાર્યોથી દોઝખના અઝાબમાં ન સપડાઓ.

૨૩૮. ધર્મને ઠઠ્ઠો મશ્કરી બનાવનાર અને દુનિયાના આશિકો.

૨૩૯. અય મુસ્તફા સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ! એ મુશ્રિકોને, જેઓ પોતાના પૂર્વજોના ધર્મનું નિમંત્રણ આપે છે.

૨૪૦. અને તેની પાસે કશી સત્તા નથી

૨૪૧. અને ઈસ્લામ તેમજ તવહીદની નેઅમત આપી, અને મૂર્તિપૂજાના અતિ ખરાબ પરિણામથી બચાવ્યા.

૨૪૨. આ આયતમાં સત્ય અને અસત્ય તરફ બોલાવનારાઓનું એક દ્રષ્ટાંત વર્ણવવામાં આવ્યું છે. કે જેવી રીતે એક મુસાફર પોતાના સાથીદારો સાથે હતો. જંગલમાં ભૂતો અને શયતાનોએ તેને માર્ગ ભૂલાવી દીધો, અને કહ્યું કે નિર્ધારેલ ઠેકાણાનો આજ રસ્તો છે. અને તેના સાથીદારો તેને સાચા રસ્તા તરફ બોલાવવા લાગ્યા, પેલો હેરાન થઈ ગયો કે કઈ તરફ જાય? પરિણામ તેનું એ જ આવશે જો તે ભૂતોના રસ્તે

થયેલી દરેક વસ્તુને કહેશે, 'થઇ જા' (તો) તે તુરત જ થઇ જશે. તેની વાત સત્ય છે. અને તેનું જ રાજ્ય છે જે દિવસે સૂર ફૂંકવામાં આવશે.[૨૪૬] દરેક છુપા અને જાહેરને જાણનાર. અને તે જ છે હિકમતવાળો ખબરદાર (૭૩) અને યાદ કરો જ્યારે ઇબ્રાહીમે પોતાના પિતા[૨૪૭] આઝ-રને કહ્યું, "શું તમે મૂર્તિઓને ખુદા બનાવો છો? બેશક! હું તમને અને તમારી કૌમને ખુલ્લી ગુમરાહીમાં જોઉં છું'[૨૪૮] (૭૪) અને એ જ રીતે અમે ઇબ્રાહીમને દેખા-ડીએ છીએ બધી બાદશાહી આકાશો અને ધરતીની,[૨૪૯] અને એટલા માટે કે તેઓ ઐનુલ યકીનવાળાઓમાં બની જાય[૨૫૦] (૭૫) પછી જ્યારે તેમના પર રાતનો અંધકાર આવ્યો, જોયો એક તારો.[૨૫૧] બોલ્યા, 'આને મારો રબ ઠેરવો છો?' પછી જ્યારે તે આથમી ગયો, બોલ્યા, 'મને આથમી જનાર ગમતા નથી' (૭૬) પછી જ્યારે ચંદ્ર પ્રકા-શિત જોયો, બોલ્યા, "આને મારો રબ કહો છો?" પછી જ્યારે તે અસ્ત થયો, કહ્યું, 'જો મને મારો પરવરદિગાર માર્ગદર્શન ન આપત તો હું પણ આ ગુમરાહોમાં જ હોત'[૨૫૨] (૭૭) પછી જ્યારે સૂર્ય ચકચકિત જોયો, બોલ્યા, આને મારો રબ કહો છો?[૨૫૩] આ તો તે બધાથી મોટો છો પછી જ્યારે તે ડૂબી ગયો બોલ્યા, 'અય કૌમ! હું બેઝાર છું તે વસ્તુઓથી જેને તમે ભાગીદાર ઠેરવો છો[૨૫૪] (૭૮) મેં

وإذا سمعوا — الأنعام

قَوْلُهُ الْحَقُّ وَلَهُ الْمُلْكُ يَوْمَ يُنفَخُ فِي الصُّورِ عَالِمُ
الْغَيْبِ وَالشَّهَادَةِ وَهُوَ الْحَكِيمُ الْخَبِيرُ ﴿٧٣﴾ وَإِذْ قَالَ
إِبْرَاهِيمُ لِأَبِيهِ آزَرَ أَتَتَّخِذُ أَصْنَامًا آلِهَةً إِنِّي أَرَاكَ
وَقَوْمَكَ فِي ضَلَالٍ مُّبِينٍ ﴿٧٤﴾ وَكَذَٰلِكَ نُرِي إِبْرَاهِيمَ
مَلَكُوتَ السَّمَاوَاتِ وَالْأَرْضِ وَلِيَكُونَ مِنَ الْمُوقِنِينَ ﴿٧٥﴾
فَلَمَّا جَنَّ عَلَيْهِ اللَّيْلُ رَأَىٰ كَوْكَبًا قَالَ هَٰذَا رَبِّي فَلَمَّا
أَفَلَ قَالَ لَا أُحِبُّ الْآفِلِينَ ﴿٧٦﴾ فَلَمَّا رَأَى الْقَمَرَ بَازِغًا
قَالَ هَٰذَا رَبِّي فَلَمَّا أَفَلَ قَالَ لَئِن لَّمْ يَهْدِنِي رَبِّي
لَأَكُونَنَّ مِنَ الْقَوْمِ الضَّالِّينَ ﴿٧٧﴾ فَلَمَّا رَأَى الشَّمْسَ
بَازِغَةً قَالَ هَٰذَا رَبِّي هَٰذَا أَكْبَرُ فَلَمَّا أَفَلَتْ قَالَ
يَا قَوْمِ إِنِّي بَرِيءٌ مِّمَّا تُشْرِكُونَ ﴿٧٨﴾ إِنِّي وَجَّهْتُ

જશે તો નાશ પામશે, સાથીદારોનું કહ્યું માનશે તો સલામત રહેશે, અને ઠેકાણા પર પહોંચી જશે.

આવી જ હાલત તે માણસની છે જે ઈસ્લામના માર્ગથી ભટકયો, અને શયતાનના રસ્તે ચાલ્યો. મુસ્લિમો તેને સીધા માર્ગ તરફ બોલાવી રહ્યા છે. જો તેમની વાત માનશે તો સફળ થશે, નહિ તો બરબાદ થશે.,

૨૪૩. અર્થાત જે રસ્તો અલ્લાહ તઆલાએ પોતાના બન્દાઓ માટે સ્પષ્ટ કર્યો, અને જે ધર્મ (ઈસ્લામ) તેમના માટે નક્કી કર્યો તે જ હિદાયત અને પ્રકાશ છે, અને જે એ સિવાય છે તે અધર્મ છે.

૨૪૪. અને તેની જ આજ્ઞાંકિતતા અને ફરમાંબરદારી કરીએ, અને ખાસ તેની જ ઈબાદત કરીએ.

૨૪૫. જેનાથી એનું સંપૂર્ણ શક્તિ, અને તેનું સમગ્ર કાએનાતને ઘેરી વળેલુ ઈલ્મ, અને તેના રહસ્યો તેમજ કારીગીરી જાહેર થાય છે.

૨૪૬. કે નામનો પણ કોઈ રાજ્યને દાવો કરનાર નહિ હોય, બધા જુલ્મી શાસકો અને દુનિયાની સલ્તનતનું ઘમંડ રાખનારાઓ જોશે કે દુનિયામાં તેઓ જે રાજ્યનો દાવો લઈને ફરતા હતા તે અસત્ય હતો.

૨૪૭. 'કામુસ'માં છે કે આઝર, હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામના કાકાનું નામ હતું. ઈમામ જલાલુદ્દીન સુયૂતિએ પણ 'મસાલિકુલ હુનફા' માં એવું જ લખ્યું છે. કાકાને બાપ કહેવાનો રિવાજ બધા દેશોમાં પ્રચલિત છે. (જેમકે ભારતમાં બાપના મોટા ભાઈને 'મોટાબા' કહેવામાં આવે છે ખાસ કરીને અરબસ્તાનમાં, કુરઆન શરીફમાં છે "નઅબદુ ઈલાહિક વઈલાહ આબાઈક ઈબ્રાહીમ વ ઈસ્માઈલ વ ઈસ્હાક વ યઅકુબ ઈલાહંવ વાહિદા." આ આયતમાં હઝરત ઈસ્માઈલને હઝરત યઅકૂબના બાપ ગણવામાં

મારૂં મોઢું તેની તરફ કર્યું જેણે આસ્માન અને જમીન બનાવ્યાં, એક તેનો જ થઇને.[૨૫૫] અને હું મુશ્રિકોમાં નથી' (૭૯) અને તેમની કૌમ તેમની સાથે ઝઘડવા માંડી, કહ્યું, શું અલ્લાહ બાબત મારાથી ઝઘડો છો? તો તે મને માર્ગ બતાવી ચૂક્યો.[૨૫૬] અને નથી મને ડર તેમનો જેમને તમે (અલ્લાહના) ભાગીદાર બતાવો છો.[૨૫૭] હા! જો મારો પરવરદિગાર જ કોઇ વાત ઇચ્છે.[૨૫૮] મારા રબનું ઇલ્મ દરેક વસ્તુને ઘેરી વળેલું છે. તો શું તમે શિખામણ માનતા નથી? (૮૦) અને હું તમારા ભાગીદારોથી કેમ કરી ડરૂં?[૨૫૯] અને તમે નથી ડરતા કે તમે તેને અલ્લાહનો ભાગીદાર ઠેરવ્યો, જેનો તમારા પર તેણે કોઇ આધાર નથી ઉતાર્યો. તો બન્ને પક્ષોમાં શાંતિનો વધારે હકદાર કોણ છે?[૨૬૦] જો તમે જાણતા હોવ' (૮૧) તેઓ જે ઇમાન લાવ્યા અને પોતાના ઇમાનમાં કોઇ નાહકની ભેળસેળ ન કરી, તેમના માટે જ શાંતિ છે, અને તેઓ જ માર્ગ પર છે (૮૨) અને આ અમારી દલીલ છે કે અમે આપી ઇબ્રાહીમને તેની કોમ પર અમે જેને ઇચ્છીએ (તેને) કંઇ કેટલાએ દરજ્જા ઉંચો કરીએ.[૨૬૧] બેશક! તમારો રબ ઇલ્મ અને હિકમતવાળો છે (૮૩) અને અમે તેમને ઇસ્હાક અને યાકૂબ આપ્યા. તે બધાને



وَجْهِيَ لِلَّذِيْ فَطَرَ السَّمٰوٰتِ وَالْاَرْضَ حَنِيْفًا
وَّمَآ اَنَا مِنَ الْمُشْرِكِيْنَ ﴿٧٩﴾ وَحَآجَّهٗ قَوْمُهٗ قَالَ اَتُحَآجُّوْٓنِّيْ
فِي اللّٰهِ وَقَدْ هَدٰىنِ وَلَآ اَخَافُ مَا تُشْرِكُوْنَ بِهٖٓ
اِلَّآ اَنْ يَّشَآءَ رَبِّيْ شَيْئًا وَسِعَ رَبِّيْ كُلَّ شَيْءٍ عِلْمًا
اَفَلَا تَتَذَكَّرُوْنَ ﴿٨٠﴾ وَكَيْفَ اَخَافُ مَآ اَشْرَكْتُمْ وَلَا
تَخَافُوْنَ اَنَّكُمْ اَشْرَكْتُمْ بِاللّٰهِ مَا لَمْ يُنَزِّلْ بِهٖ
عَلَيْكُمْ سُلْطٰنًا فَاَيُّ الْفَرِيْقَيْنِ اَحَقُّ بِالْاَمْنِ
اِنْ كُنْتُمْ تَعْلَمُوْنَ ﴿٨١﴾ اَلَّذِيْنَ اٰمَنُوْا وَلَمْ يَلْبِسُوْٓا
اِيْمَانَهُمْ بِظُلْمٍ اُولٰٓئِكَ لَهُمُ الْاَمْنُ وَهُمْ مُّهْتَدُوْنَ ﴿٨٢﴾
وَتِلْكَ حُجَّتُنَآ اٰتَيْنٰهَآ اِبْرٰهِيْمَ عَلٰى قَوْمِهٖ نَرْفَعُ
دَرَجٰتٍ مَّنْ نَّشَآءُ اِنَّ رَبَّكَ حَكِيْمٌ عَلِيْمٌ ﴿٨٣﴾ وَوَهَبْنَا

આવ્યા છે, અને આપ તો એમના કાકા હતા. હદીષ શરીફમાં પણ હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે હઝરત અબ્બાસ રદીયલ્લ્હુ અન્હૂને 'અબ' (બાપ) કહ્યા છે. જેમકે ફરમાવ્યું છે ''રૂદ્દુ અલય્ય અબી'' (મારા બાપને મારી પાસે લાવો) અને અહીં અબી (મારા બાપ) હઝરત અબ્બાસ ને કહેવાયું છે. (જે આપના કાકા હતા). (મુફરેદાતે રાગિબ અને કબીર વિગેરે)

૨૪૮. આ આયતમાં અરબસ્તાનના મુશ્રિકો માટે દલીલ છે, જેઓ હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામને ઈજ્જતની નઝરે જોતા હતા, અને તેમની શ્રેષ્ઠતા ને માનતા હતા. તેમને જણાવવામાં આવે છે કે હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામ મૂર્તિપૂજાને કેટલી મોટી ઐબ અને ગુમરાહી કહે છે. જો તમે તેમને માનતા હોવ તો તમે પણ મૂર્તિપૂજા ત્યજી દો.

૨૪૯. અર્થાત જેવી રીતે હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામને ધર્મ વિષે દ્રષ્ટિ આપી તેવી જ રીત તેમને આકાશો અને ધરતીનું રાજ્ય દેખાડીએ છીએ.

હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂએ કહ્યું; એનાથી આકાશ અને પૃથ્વીની મખ્લૂક મુરાદ છે. મુજાહિદ અને સઈદ બિન ઝુબેર કહે છે કે; જમીન અને આસ્માનની (અજબ) નિશાનીઓ મુરાદ છે. એ એવી રીતે કે હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામને સખરા (એક પથ્થર) પર ઉભાં રાખવામાં આવ્યા, અને આપના માટે આસ્માનો ઉઘાડાં કરી દેવામાં આવ્યાં, એટલે સુધી કે આપે અર્શ, કુર્સી આસ્માનોની બધી અજબ વસ્તુઓ અને જન્નતમાં પોતાની જગ્યાને પણ જોઈ લીધી. પછી આપના માટે ધરતી ખોલી નાખવામાં આવી, એટલે સુધી કે આપે તદ્દન નીચેની જમીન સુધી દ્રષ્ટિ કરી અને જમીનની અજબ વસ્તુઓ નિહાળી.

તફસીરકારોનો એમાં મતભેદ છે કે આ જોવાનું આંતરિક ચક્ષુઓ (બાતિની આંખ) દ્વારા હતું કે માથાની આંખો વતી. (દુર્રે મન્સૂર, ખાઝિન વિગેરે)

૨૫૦. કારણ કે દરેક જાહેર અને છુપી વસ્તુ એમની સામે કરી દેવામાં આવી, અને મખ્લૂકના આમાલમાંથી કશું એમનાથી છુપું ન રહ્યું.

૨૫૧. તફસીરકાર વિદ્વાનો અને ઈતિહાસનવેસોનું કહેવું છે કે નમરૂદ ઈબ્ને કિનૂઆન ઘણો જુલ્મી અને અત્યાચારી રાજા હતો. માથે મુગટ ધારણ કરનાર સર્વ પ્રથમ એ જ હતો. એ રાજા લોકો પાસે એની પૂજા કરાવતો હતો. જ્યોતિષીઓ અને ભવિષ્યવેત્તાઓ મોટી સંખ્યામાં એના દરબારમાં હાજર રહેતા હતા. નમરુદે સ્વપ્ન જોયું કે એક તારાનો ઉદય થયો છે જેના પ્રકાશથી ચંદ્ર અને સૂર્ય ઝાંખા થઈ ગયા છે. એનાથી તે ખૂબ ડરી ગયા, જ્યોતિષને એની તાબીર (સ્વપ્નનું અર્થઘટન) પૂછી. તેમણે કહ્યું કે; ''આ વરસે તારા રાજ્યમાં એક બાળક જન્મશે, જે તારા રાજ્યનું પતનનું કારણ બનશે, અને તારો ધર્મ પાળનારાઓ તેના હાથે નાશ પામશે.

આ વાત સાંભળીને તે બેચેન બની ગયો અને હુકમ બાહર પાડ્યો કે ''જે બાળક જન્મે તેનો વધ કરવામાં આવે, અને સ્ત્રીઓને પુરૂષોથી અલગ રાખવામાં આવે.'' અને એ વાતની સંભાળ માટે એક ખાતુ ખોલવામાં આવ્યું. પણ અલ્લાહે નિર્મેલ વાતને કોણ રોકી શકે છે? હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામની માતાને ગર્ભ રહ્યો. અને જ્યોતિષોએ નમૂરૂદને એ વાતની ખબર પણ આપી દીધી કે બાળક ગર્ભમાં આવી ગયું છે. પણ હઝરતની અમ્મા સાહેબાની વય નાની હતી એટલે તેમનો ગર્ભ કોઈને જાણમાં ન આવ્યો. પછી જ્યારે જન્મનો સમય નજીક આવ્યો ત્યારે તેઓ એક ભોંયરામાં જતાં રહ્યાં, જે હઝરતના પિતાએ શહેરથી દૂર ખોદીને તૈયાર રાખ્યું હતું, ત્યાં આપનો જન્મ થયો. અને ત્યાં જ આપ રહ્યા. પથ્થરો વડે તે ભોંયરાનું મોઢું બંધ કરી દેવામાં આવતું હતું. દરરોજ આપના અમ્મા સાહેબા ત્યાં જઈ આપને દૂધ પીવડાવી આવતાં હતાં. અને જ્યારે પહોંચતાં ત્યારે જોતાં કે આપ પોતાની આંગળી ચૂસી રહ્યા છે, અને તેમાંથી દૂધ નીકળે છે. આપ ખૂબ જલ્દી મોટા થતા હતા. એક મહિનામાં એટલા વધી જતા જેટલાં બીજા બાળકો એક વર્ષમાં વધે છે.

આપ ભોંયરામાં કેટલી મુદ્દત રહયા તે બાબત મતભેદ છે, અમુક ૭ વરસ, અમુક ૧૩ વરસ, અને અમુક લોકો ૧૭ વરસ કહે છે.

એ બાબત ચોક્કસ છે કે પૈગમ્બર દરેક હાલતમાં માસૂમ હોય છે. તેઓ પોતાના અસ્તિત્વના આરંભથી જીવનના દરેક તબક્કે આરિફ (અલ્લાહની ઓળખ ધરાવનાર) હોય છે. એક દિવસે હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામે પોતાની માતાથી પૂછ્યું; ''મારો પાલનહાર કોણ છે?'' ''હું'' માતાએ કહ્યું. ''તમારો પાલનહાર કોણ છે?'' ''તારા પિતા'' ''તેમનો પરવરદિગાર કોણ છે?'' ''ચુપ થઈ જા'' માતાએ કહ્યું.

પછી પોતાના પતિને જઈને કહ્યું; ''જે બાળક વિશે વાત પ્રચલિત છે કે તે ધરતીમાં રહેનારાઓનો ધર્મ બદલી નાખશે, તે તમારો જ પુત્ર છે'' અને પછી એમનો વાર્તાલાપ કહી સંભળાવ્યો.

હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામે શરૂઆતથી જ તવહીદ (અલ્લાહનું એક હોવું) ની તરફેણ અને કુફ્રી માન્યતાઓનો રદીયો શરૂ કરી દીધો. અને જ્યારે એક કાણામાંથી એક રાત્રે આપ ઝોહરા અથવા મુશ્તરી (સીતારાઓનાં નામ) ને જોયા. ત્યારે દલીલો સ્થાપિત કરવાનુ શરૂ કરી દીધું, કારણ કે તે સમયના લોકો મૂર્તિપૂજા અને તારાપૂજા કરતા હતા. તેથી આપે ખૂબ જ સરસ અને હૃદયમાં બેસી જાય એવી રીતે

لَهٗۤ اِسْحٰقَ وَيَعْقُوْبَ ؕ كُلًّا هَدَيْنَا ۚ وَنُوْحًا هَدَيْنَا
مِنْ قَبْلُ وَمِنْ ذُرِّيَّتِهٖ دَاوٗدَ وَسُلَيْمٰنَ وَاَيُّوْبَ وَ
يُوْسُفَ وَمُوْسٰى وَهٰرُوْنَ ؕ وَكَذٰلِكَ نَجْزِى الْمُحْسِنِيْنَ ﴿٨٤﴾
وَزَكَرِيَّا وَيَحْيٰى وَعِيْسٰى وَاِلْيَاسَ ؕ كُلٌّ مِّنَ الصّٰلِحِيْنَ ﴿٨٥﴾
وَاِسْمٰعِيْلَ وَالْيَسَعَ وَيُوْنُسَ وَلُوْطًا ؕ وَكُلًّا فَضَّلْنَا
عَلَى الْعٰلَمِيْنَ ﴿٨٦﴾ وَمِنْ اٰبَآئِهِمْ وَذُرِّيّٰتِهِمْ وَاِخْوَانِهِمْ ۚ
وَاجْتَبَيْنٰهُمْ وَهَدَيْنٰهُمْ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿٨٧﴾
ذٰلِكَ هُدَى اللّٰهِ يَهْدِيْ بِهٖ مَنْ يَّشَآءُ مِنْ
عِبَادِهٖ ؕ وَلَوْ اَشْرَكُوْا لَحَبِطَ عَنْهُمْ مَّا كَانُوْا
يَعْمَلُوْنَ ﴿٨٨﴾ اُولٰٓئِكَ الَّذِيْنَ اٰتَيْنٰهُمُ الْكِتٰبَ وَالْحُكْمَ
وَالنُّبُوَّةَ ۚ فَاِنْ يَّكْفُرْ بِهَا هٰٓؤُلَآءِ فَقَدْ وَكَّلْنَا

અમે માર્ગ દેખાડયો. અને એમનાથી આગળ નૂહને માર્ગ દેખાડયો. અને તેની ઔલાદમાંથી દાવૂદ અને સુલેમાન અને અય્યૂબ અને યૂસુફ અને મૂસા અને હારૂનને. અને અમે નેક લોકોને આવો જ બદલો આપીએ છીએ (૮૪) અને ઝકરીય્યા અને યહયા અને ઇસા અને ઇલ્યાસને આ બધા અમારી નજીકીના લાયક છે (૮૫) અને ઇસ્માઇલ અને યસઅ અને યૂનુસ અને લૂતને અને અમે દરેકને તેના સમયમાં બધા પર શ્રેષ્ઠતા આપી[૨૬૨] (૮૬) અને અમુક તેમના બાપદાદા અને ઔલાદ અને ભાઇઓ-માંથી અમુકને.[૨૬૩] અને અમે તેમને ચૂંટી લીધા. અને સીધો માર્ગ દેખાડયો (૮૭) આ અલ્લાહની હિદાયત છે કે પોતાના બન્દાઓમાંથી જેને ઇચ્છે તેને આપે. અને જો તેઓ શિર્ક કરત તો જરૂર તેમનું કરેલું નિષ્ફળ જાત (૮૮) આ છે જેમને અમે કિતાબ અને હુકમ અને નબુ-વ્વત આપી, તો અગર એ લોક[૨૬૪] એનાથી મુન્કિર હોય, તો અમે એના માટે એક એવી કોમ લગાડી રાખી છે જે

તેમને વિચાંર અને દલીલો તરફ દોર્યા. જેનાથી તેઓ એ પરિણામ ઉપર આવ્યા કે જગત પુરેપુરૂં નાશવંત છે, માટે (એની કોઈ વસ્તુ) અલ્લાહ હોઇ શકતી નથી. એ પોતે જ બનાવનાર અને તંત્ર ચલાવનારનું મોહતાજ છે, જેની કુદરત અને અધિકારથી એમાં ફેરફાર થયા કરે છે.

૨૫૨. એમાં કોમને ચેતવણી છે કે જે ચંદ્રને અલ્લાહ માનશે તે સીધા માર્ગથી ભટકી ગયેલ છે, કારણ કે એનું એક પરિસ્થિતિથી બીજી પરિસ્થિતિમાં પરિવર્તન થવું એ તેના નાશવંત હોવાની દલીલ છે.

૨૫૩. શમ્સ (આયતમાં સૂર્ય માટે વપરાએલ શબ્દ) બિન વાસ્તવિક નારી જાતી છે. એના માટે (અરબી વ્યાકરણમાં) નર અને નારી જાતી બન્નેનાં વિશેષણો ઉપયોગી શકાય છે. અહીં (આયતમાં) "હાઝા નરવા-ચક" શબ્દ (શમ્સ માટે) વપરાયો છે. એમાં અદબની તાલીમ છે કે (આયતમાંના) રબ શબ્દના લીધે નારીવાચક શબ્દ વાપરવામાં આવ્યો નથી. એટલા માટે જ અલ્લાહ તઆલાની સિફત (ગુણ) અલ્લામ (નરવાચક) આવે છે, અલ્લામહ (નારી વાચક) નહીં.

૨૫૪. હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામે સાબિત કરી આપ્યું કે તારાઓમાં નાનાથી લઈને મોટા સુધી એક પણ અલ્લાહ બનવાની લાયકતા ધરાવતો નથી. એમનું અલ્લાહ હોવું અસત્ય છે. અને કૌમ જે શિર્કમાં સંડોવાએલી છે, તેનાથી આપે બેઝારી જાહેર કરી. ત્યાર બાદ સાચો ધર્મ ઉપદેશ આપ્યો, જે આગળ આવે છે.

૨૫૫. એટલે કે ઈસ્લામ સિવાય બીજા તમામ ધર્મથી અલગ રહીને.

**મસઅલો** :- આથી જણાયું કે સાચા દીનની સ્થાપના અને મજબૂતાઈ ત્યારે જ થઈ શકે છે જ્યારે કે

નકારવાળી નથી[૨૬૫] (૮૯) આ છે જેમને અલ્લાહે હિદાયત આપી, તો તમે તેમના જ માર્ગે ચાલો.[૨૬૬] તમે ફરમાવો, 'હું કુરઆન પર તમારી પાસે કોઇ વળતર નથી માંગતો. તે તો નથી પણ શિખામણ આખા જહાનને'[૨૬૭] (૯૦) અને યહૂદીઓએ અલ્લાહની કદર ન ઓળખી, જેવી જોઇતી હતી.[૨૬૮] જ્યારે બોલ્યા, 'નથી ઉતાર્યું અલ્લાહે કોઇ માણસ પર કાંઇ તમે કહો, 'તે કિતાબ કોણે ઉતારી જે મૂસા લાવ્યા હતા. રોશની અને લોકો માટે હિદાયત, જેના તમે અલગ અલગ કાગળ બનાવી દીધા, જાહેર કરો છો,[૨૬૯] અને ઘણા સંતાડી લો છો,[૨૭૦] અને તમને તે શિખવાડવામાં આવે છે[૨૭૧] જે ન તમને ખબર હતી ન તમારા બાપદાદાઓને અલ્લાહ કહો.[૨૭૨] પછી એમને એમના નિરર્થકપણામાં રમતા છોડી દો[૨૭૩] (૯૧) અને આ છે બરકતવાળી કિતાબ કે અમે ઉતારી,[૨૭૪] સત્યતા જાહેર કરતી તે કિતાબોની જે આગળ હતી. અને એટલા માટે કે તમે ડર સંભળાવો બધી આબાદીઓના સરદારને,[૨૭૫] અને (તેને) જે આખા જગતમાં એની આજુબાજુ છે. અને જેઓ આખેરત પર ઇમાન લાવે,[૨૭૬] (તેઓ) આ કિતાબ પર ઇમાન લાવે છે, અને પોતાની નમાઝોની જાળવણી રાખે છે (૯૨)

الانعام ٦ — واذا سمعوا ٧

بها قوما ليسوا بها بكفرين ﴿٨٩﴾ اولئك الذين هدى
الله فبهدىهم اقتده قل لا اسئلكم عليه اجرا
ان هو الا ذكرى للعلمين ﴿٩٠﴾ وما قدروا الله حق
قدره اذ قالوا ما انزل الله على بشر من شيء قل
من انزل الكتب الذي جاء به موسى نورا و
هدى للناس تجعلونه قراطيس تبدونها وتخفون
كثيرا وعلمتم ما لم تعلموا انتم ولا اباؤكم قل
الله ثم ذرهم في خوضهم يلعبون ﴿٩١﴾ وهذا كتب
انزلنه مبرك مصدق الذي بين يديه ولتنذر
ام القرى ومن حولها والذين يؤمنون بالاخرة
يؤمنون به وهم على صلاتهم يحافظون ﴿٩٢﴾

બીજા બધા ધર્મોથી બેઝારી (અસંબંધતા) હોય.

૨૫૬. પોતાની તવહીદ અને ઓળખનો.

૨૫૭. કારણ કે તે તો નિર્જીવ મૂર્તિઓ છે. નુકશાન પહોંચાડી શકે ન ફાયદો, એમનાથી શું ડરવાનું? આવું એમણે મુશ્રિકોને જવાબમાં કહ્યું હતું, જ્યારે કે એમને મુશ્રિકો એ કહ્યું હતું કે; ''મૂર્તિઓથી ડરો, તેમને ખરાબ કહેવાથી ક્યાંક તમને નુકશાન ન થાય''

૨૫૮. તો તે થશે. કારણ કે તે સર્વસત્તાધીશ છે.

૨૫૯. જેઓ નિર્જીવ, હલન ચલન ન કરી શકનાર, અને તદ્દન લાચાર છે.

૨૬૦. એક ખુદાને માનનાર? કે તેનાં ભાગીદાર ઠેરવનાર?

૨૬૧. ઈલ્મ અને બુદ્ધિ તેમજ શ્રેષ્ઠતા આપીને. જેમકે હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામના દરજ્જા બુલંદ કર્યા. દુનિયામાં ઈલ્મ, અક્કલમંદી, અને નબુવ્વત આપીને. અને આખિરતમાં નજીકી અને સવાબ આપીને.

૨૬૨. નબુવ્વત અને રિસાલત આપીને.

**મસઅલો** :- નબી ફરિશ્તાઓથી શ્રેષ્ઠ હોવા બાબત આ આયતને આધાર બનાવી શકાય છે કારણ કે 'આલમ (જગત, દુનિયા)માં અલ્લાહ સિવાય તમામ અસ્તિત્વ ધરાવતી વસ્તુઓ સામેલ છે, ફરિશ્તાઓ પણ એમાં આવી જાય છે, તો જ્યારે સમગ્ર જગતવાળાઓ પર શ્રેષ્ઠતા આપી તો ફરિશ્તાઓ ઉપર પણ શ્રેષ્ઠતા સાબિત થઈ ગઈ.

અહીં અલ્લાહ તઆલાએ અઢાર નબીઓનું બયાન કર્યું છે. અને એ બયાનમાં ક્રમ ન તો સમયના હિસાબે છે ન ફઝીલતના આધારે, અને ન તો 'વાવ' (બે પૈગમ્બરોના નામની વચમાં આવેલો અક્ષર) અનુક્રમ ઈચ્છે છે. પણ જે રીતે નબીઓના નામો વર્ણવ્યાં છે તેમાં એક અજબ આસ્વાદ છે, અને એ કે અલ્લાહ તઆલાએ નબીઓના દરેક વર્ગને એક ખાસ પ્રકારની બુઝુર્ગી અને શ્રેષ્ઠતા સાથે નોખો તારવી લીધો છે. અને હઝરત નૂહ, ઈબ્રાહીમ, ઈસ્હાક અને યઅકૂબ અલયહિમુસ્સલામનો ઉલ્લેખ પહેલો કર્યો, કારણ કે તેઓ નબીઓના મૂળ સમાન છે. અર્થાત એમના વંશમાં ખૂબ નબીઓ જન્મ્યા જેમની વંશાવળી એમના પ્રતિ જ જાય છે. નબુવ્વત પછી માન્ય મોભાઓમાં રાજ્ય, સત્તા, સલ્તનત અને અધિકાર છે. અલ્લાહ તઆલાએ હઝરત દાવૂદ અને સુલેમાન અલયહિસ્સલામને એનો મોટો લાભ આપ્યો. અને બુલંદ મર્તબાઓમાં મુસીબત અને બદલાઓમાં ધીરજવાન સાબિત થવું છે, અલ્લાહ તઆલાએ હઝરત અય્યૂબને એમાં નોખા તારવી લીધા. પછી રાજ્ય અને ધીરજ બન્ને મર્તબા હઝરત યૂસુફને આપ્યા કે એમણે બલાઓની સખ્તીમાં મુદ્દત સુધી ધીરજ દાખવી, પછી અલ્લાહ તઆલાએ નબુવ્વત સાથે મિસરનું રાજ્ય પણ આપ્યું. પછી મો'જિઝાની વિપુલતા અને દલીલોની શક્તિ પણ માન મર્તબાઓમાં છે, અલ્લાહ તઆલાએ હઝરત મૂસા અને હારૂનને એમાં નિપુર્ણ કર્યા. પરહેઝગારી સાથે દુનિયાથી નિસ્પૃહતા પણ માન્ય મરતબાઓમાં છે હઝરત ઝકરિયા, ઈસા, ઈલ્યાસને એમાં વિશિષ્ટ કર્યા. એમના પછી અલ્લાહ તઆલાએ એવા નબીઓનું બયાન કર્યું, જેમના ન તો અનુયાયીઓ બાકી રહયા ન તો શરીઅત, જેવા કે ઈસ્માઈલ, યસઅ, યૂનુસ, લૂત અલયહિમુસ્સલામ. આ રીતે નબીઓના ઉલ્લેખ કરવા પાછળ તેમની બુઝુર્ગીઓ અને વિશેષતાઓનો એક અજબ આસ્વાદ દેખાય છે.

૨૬૩. અને શ્રેષ્ઠતા આપી.

૨૬૪. અર્થાત મક્કાવાસીઓ.

૨૬૫. એ કોમથી યા તો અન્સાર મુરાદ છે યા મુહાજિરો. અથવા રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના બધા સહાબા, અથવા હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના પર ઈમાન લાવનાર બધા જ લોકો.

**ફાયદો** :- આ આયતમાં એવો ઈશારો છે કે અલ્લાહ તઆલા પોતાના નબી સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની મદદ ફર્માવશે, અને એમાં ધર્મને શકિત આપશે. અને એને બધા ધર્મો પર ચઢતી આપશે. જેમ કે એવું જ બન્યું, અને આ ગૈબની ઘટના બની ગઈ.

૨૬૬. ધર્મના વિદ્વાનોએ આ આયતથી એ વાત સાબિત કરી છે કે, સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ બધા નબીઓથી શ્રેષ્ઠ છે. કારણ કે જે જે વિશેષતાઓ, કમાલો, ગુણો, બુઝુર્ગીઓ જુદા જુદા નબીઓને આપવામાં આવી હતી, હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ માટે તે બધી એકત્ર કરી દેવામાં આવી અને આપને આદેશ મળ્યો. 'ફબિહુદાહુમુકતદિહ' (તેમનાં જ માર્ગે ચાલો) તો જ્યારે આપ બધા નબીઓના વિશેષ કમાલોના એકત્ર કરનાર થયા તે બધાંથી શ્રેષ્ઠ પણ થયા.

૨૬૭. આ આયતથી સાબિત થયું કે સૈયદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સર્જીત થયેલ તમામ વસ્તુઓ તરફ મોકલાએલા છે, અને આપનું નિમંત્રણ એ તમામને આમ છે, અને કુલ જહાન આપની ઉમ્મત છે. (ખાઝિન)

૨૬૮. અને તેની ઓળખથી વંચિત રહ્યા. અને પોતાના બન્દાઓ પર તેની જે કૃપા અને મહેરબાની

અને તેનાથી વધીને જુલ્મી કોણ છે જે અલ્લાહ પર જૂઠ થોપે,[૨૭૭] અથવા કહે, મને વહી થઇ અને વહી ન થઇ.[૨૭૮] તેની કાંઇ, અને જે કહે, 'હમણાં હું ઉતારૂં છું એવું જેવું અલ્લાહે ઉતાર્યું'[૨૭૯] અને કદી તમે જુઓ જે સમયે જાલિમો મોતની સખ્તીમાં હોય અને ફરિશ્તા હાથ લંબાવેલા હોય,[૨૮૦] કે કાઢો તમારો જીવ. આજ તમને અપમાનિત અઝાબ અપાશે. બદલો તેનો કે અલ્લાહ પર જૂઠ ઠોકતા હતા,[૨૮૧] અને તેની આયતો સાથે ઘમંડ કરતા હતા (૯૩) અને બેશક! તમે અમારી પાસે એકલા આવ્યા, જેવા અમે તમને પ્રથમવાર બનાવ્યા હતા,[૨૮૨] અને પીઠ પાછળ મૂકી આવ્યા જે માલ મતા અમે તમને આપી હતી. અને અમે તમારી સાથે તમારા તે ભલામણ કરનારાઓને નથી દેખતા, જેમની તમે પોતાનામાં ભાગીદારી ઠેરવતા હતા.[૨૮૩] બેશક!, તમારી અંદરો અંદરની દોર કપાઇ ગઇ[૨૮૪] અને તમારાથી (વિખુટા પડી) ગયા જેઓ દાવો કરતા હતા[૨૮૫] (૯૪) બેશક! અલ્લાહ દાણા અને ગોટલીને ફાડનાર છે.[૨૮૬] જીવંતને મૃતથી કાઢનાર[૨૮૭] અને મૃતને જીવંતથી

واذا سمعوا ٧ الانعام ٦

وَمَنْ أَظْلَمُ مِمَّنِ افْتَرَىٰ عَلَى اللَّهِ كَذِبًا أَوْ قَالَ أُوحِيَ
إِلَيَّ وَلَمْ يُوحَ إِلَيْهِ شَيْءٌ وَمَن قَالَ سَأُنزِلُ مِثْلَ مَا
أَنزَلَ اللَّهُ ۗ وَلَوْ تَرَىٰ إِذِ الظَّالِمُونَ فِي غَمَرَاتِ الْمَوْتِ
وَالْمَلَائِكَةُ بَاسِطُو أَيْدِيهِمْ أَخْرِجُوا أَنفُسَكُمُ ۖ الْيَوْمَ
تُجْزَوْنَ عَذَابَ الْهُونِ بِمَا كُنتُمْ تَقُولُونَ عَلَى اللَّهِ
غَيْرَ الْحَقِّ وَكُنتُمْ عَنْ آيَاتِهِ تَسْتَكْبِرُونَ ﴿٩٣﴾ وَلَقَدْ جِئْتُمُونَا
فُرَادَىٰ كَمَا خَلَقْنَاكُمْ أَوَّلَ مَرَّةٍ وَتَرَكْتُم مَّا خَوَّلْنَاكُمْ وَرَاءَ
ظُهُورِكُمْ ۖ وَمَا نَرَىٰ مَعَكُمْ شُفَعَاءَكُمُ الَّذِينَ زَعَمْتُمْ أَنَّهُمْ
فِيكُمْ شُرَكَاءُ ۚ لَقَد تَّقَطَّعَ بَيْنَكُمْ وَضَلَّ عَنكُم مَّا كُنتُمْ
تَزْعُمُونَ ﴿٩٤﴾ إِنَّ اللَّهَ فَالِقُ الْحَبِّ وَالنَّوَىٰ ۖ يُخْرِجُ الْحَيَّ
مِنَ الْمَيِّتِ وَمُخْرِجُ الْمَيِّتِ مِنَ الْحَيِّ ۚ ذَٰلِكُمُ اللَّهُ ۖ فَأَنَّىٰ

છે તેને સમજ્યા.

**શાને નુઝૂલ** :- યહૂદીઓનું એક જુથ પોતાના આલિમોના આલિમ માલિક બિન સૈફને લઈને હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ સાથે વિવાદ કરવા આવ્યું, હુઝૂર સલ્લલ્લાહો અલયહિ વસલ્લમે તેને પૂછ્યું;

"હું તને તે પરવરદિગારના સોગંધ આપુ છું જેણે હઝરત મૂસા અલયહિસ્સલામ પર તવરાત ઉતારી, શું તેં તવરાતમાં આ જોયું છે કે "ઈન્નલાહ યબગદુલ હિબ્રરસમીન" એટલે કે અલ્લાહ તઆલા જાડા આલિમને અપ્રિય રાખે છે?"

તેણે કહ્યું; "હા! એ તો તવરાતમાં છે" હુઝૂરે ફરમાવ્યું "તું જાડો આલિમ છે ને?!"

ત્યારે તેણે ક્રોધે ભરાઈને કહ્યું; "અલ્લાહ તઆલાએ કોઈ માણસ પર કશું ઉતાર્યું નથી"

ત્યારે આ આયત ઉતરી, અને ફરમાવવામાં આવ્યું કે કોણે ઉતારી તે કિતાબ જે મૂસા લાવ્યા હતા. ત્યારે પેલો નિરૂત્તર રહયો, અને યહૂદીઓ તેના પર ગુસ્સે થયા, તેને ધમકાવવા માંડયા, અને તેના 'હિબ્ર' ના હોદા પરથી તેને ઉતારી મૂક્યો.

૨૬૯. તેમાંથી અમુકને, જેને જાહેર કરવું તમારી ઈચ્છાને અનુરૂપ તમને જણાય છે.

૨૭૦. જેઓ તમારી મનેચ્છાની વિરૂદ્ધ હોય છે, જેમકે તવરાતના તે લખાણો જેમાં સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના વખાણ અને ગુણો વર્ણવાયાં છે.

૨૭૧. સય્યિદે આલમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમની તાલીમ અને કુરઆન શરીફમાંથી.

૨૭૨. અર્થાત જ્યારે તેઓ એનો જવાબ ન આપી શકે કે એ કિતાબ કોણે ત્યારે ઉતારી ત્યારે, તમે

ફરમાવી દો કે અલ્લાહે.

૨૭૩. કારણ કે જ્યારે તમે દલીલ સ્થાપિત કરી દીધી, અને ડર તથા નસીહત અંત સુધી પહોંચાડી દીધી, અને તેમના માટે બહાનાનું સ્થળ રહેવા ન દીધું, તે છતાં તેઓ ન માને તો તેમને તેમના નિરર્થકપણામાં છોડી દો, કાફિરો માટે આ એક જાતની ધમકી છે.

૨૭૪. અર્થાત્ કુરઆન શરીફ.

૨૭૫. ઉમ્મુલ કુરા (બધી આબાદીઓનો સરદાર) મક્કા છે. કારણ કે તે જમીનવાળાઓનો બધાંનો કિબલો છે.

૨૭૬. અને કયામત, આખેરત અને મૃત્યુ પછી જીવંત થવાની શ્રદ્ધા ધરાવે છે, તેમજ પોતાના અંજામથી ગાફેલ અને બેખબર નથી.

૨૭૭. અને નબુવ્વતનો જૂઠો દાવો કરે છે.

૨૭૮. **શાને નુઝૂલ** :- આ આયત મુસૈલમા કઝ્ઝાબ વિષે ઉતરી, જેણે યમનના યમામા પ્રદેશમાં નબુવ્વતનો જૂઠો દાવો કર્યો હતો. બનૂ હનીફા કબીલાના અમુક લોકો તેના ફરેબમાં આવી ગયા હતા. આ જૂઠો હઝરત અબૂબક્ર રદીયલ્લાહુ અન્હૂના ખિલાફત યુગમાં હઝરત અમીર હમ્ઝા રદીયલ્લાહુ અન્હૂને શહીદ કરનાર વહશીના હાથે કત્લ થયો.

૨૭૯. **શાને નુઝૂલ** :- આ આયત અબ્દુલ્લાહ બિન અબી સરહ વહી નકલ કરનાર વિષે ઉતરી. જ્યારે આયત "વલકદ ખલકનલ ઈન્સાન" ઉતરી ત્યારે તેને પણ લખી અને અંત સુધી પહોંચતાં પહોંચતાં ઈન્સાનની પેદાઈશની વિગત જાણીને આશ્ચર્ય પામ્યો, અને એ હાલતમાં આયતનો અંતિમ ભાગ "તબારક-લ્લાહુ અહસનલ ખાલિકિન" તેની જીભ પર આપ મેળે જ આવી ગયો, જેથી એને એવો ઘમંડ થયો કે હવે તેના પર પણ વહી આવવા માંડી છે. અને એ રીતે ઈસ્લામથી ફરી ગયો. એવું સમજી ન શક્યો કે વહીના નૂર અને કુવ્વત અને કલામની ઉચ્ચતાના કારણે આયતનો અંતિમ ભાગ જીભ પર ચઢી ગયો છે. એમાં તેની લાયકાતને કશી લેવા દેવા ન હતી. કલામનું જોર પોતે જ પોતાના અંતને જાહેર કરી દેતું હોય છે. જેમકે કોઈ શાયર કોઈ સારૂ કલામ રજુ કરી રહ્યો હોય, તો તે કલામ પોતે જ શેરના છેલ્લા શબ્દો બતાવી દેતો હોય છે, અને સાંભળનારાઓ શાયર કરતાં પહેલાં તે બોલી દેતા હોય છે, એમાં એવા લોક પણ હોય છે જેઓ કદાપિ એવો શેર બનાવી શકતા નથી, તો તે શેરનો છેલ્લો ભાગ (શાયર કરતાં પહેલાં) બોલી નાખવો એ તેમની લાયકાત કે આવડત નહિ પણ કલામનું જોર છે. અને અહીં તો વહીના નૂર અને નબીના નૂરથી સીનામાં પ્રકાશ પથરાતો હતો. કારણ કે મજલિસથી જુદા થયા અને મુરતદ બની ગયા પછી તે એક વાક્ય પણ એવું બનાવવા શક્તિમાન ન થયો, જે કુરઆનની વાક્ય રચના સાથે મેળ ખાઈ શકે. અંતે હુઝૂરના સમયમાં જ મક્કાના વિજય પહેલાં ફરી પાછો ઈસ્લામથી પાવન બન્યો.

૨૮૦. જીવ કાઢવા માટે ઘરકાવતા જાય છે, અને કહેતા જાય છે;

૨૮૧. નબુવ્વત અને વહીના જૂઠા દાવા કરીને, ને અલ્લાહ માટે ભાગીદાર તથા બીબી બચ્ચા છે, એવું કહીને.

૨૮૨. ન તમારી સાથે દોલત છે ન મરતબો, ન તો ઔલાદ, જેની મોહબ્બતમાં તમે આખું જીવન સપડાએલા રહ્યા, અને ન તે મૂર્તિઓ જેમને પૂજતા રહ્યા, આજે એમનાથી કોઈ તમારા કામ ન લાગ્યું. આવું કયામતના દિવસે કાફિરોને કહેવાશે.

تُؤْفَكُونَ ﴿٩٥﴾ فَالِقُ الْإِصْبَاحِ وَجَعَلَ اللَّيْلَ سَكَنًا وَالشَّمْسَ
وَالْقَمَرَ حُسْبَانًا ذَٰلِكَ تَقْدِيرُ الْعَزِيزِ الْعَلِيمِ ﴿٩٦﴾ وَهُوَ الَّذِي
جَعَلَ لَكُمُ النُّجُومَ لِتَهْتَدُوا بِهَا فِي ظُلُمَاتِ الْبَرِّ وَالْبَحْرِ
قَدْ فَصَّلْنَا الْآيَاتِ لِقَوْمٍ يَعْلَمُونَ ﴿٩٧﴾ وَهُوَ الَّذِي أَنْشَأَكُمْ
مِنْ نَفْسٍ وَاحِدَةٍ فَمُسْتَقَرٌّ وَمُسْتَوْدَعٌ قَدْ فَصَّلْنَا
الْآيَاتِ لِقَوْمٍ يَفْقَهُونَ ﴿٩٨﴾ وَهُوَ الَّذِي أَنْزَلَ مِنَ السَّمَاءِ
مَاءً فَأَخْرَجْنَا بِهِ نَبَاتَ كُلِّ شَيْءٍ فَأَخْرَجْنَا مِنْهُ خَضِرًا
نُخْرِجُ مِنْهُ حَبًّا مُتَرَاكِبًا وَمِنَ النَّخْلِ مِنْ طَلْعِهَا قِنْوَانٌ
دَانِيَةٌ وَجَنَّاتٍ مِنْ أَعْنَابٍ وَالزَّيْتُونَ وَالرُّمَّانَ
مُشْتَبِهًا وَغَيْرَ مُتَشَابِهٍ انْظُرُوا إِلَىٰ ثَمَرِهِ إِذَا أَثْمَرَ
وَيَنْعِهِ إِنَّ فِي ذَٰلِكُمْ لَآيَاتٍ لِقَوْمٍ يُؤْمِنُونَ ﴿٩٩﴾

કાઢનાર[૨૮૮] આ છે અલ્લાહ તમે કયાં ઊંધા જાવ છો[૨૮૯] (૯૫) અંધકાર ચીરીને પરોઢ કાઢનાર. અને તેણે રાત્રીને આરામ (માટે) બનાવી[૨૯૦]. અને સૂર્ય તેમજ ચંદ્રને હિસાબ[૨૯૧], આ નિયંત્રણ છે જબરદસ્ત જાણકારનું (૯૬) અને તે જ છે જેણે તમારા માટે તારાઓ બનાવ્યા, કે એમનાથી જમીન અને પાણીના અંધારાઓમાં માર્ગ મેળવો. અમે નિશાનીઓ વિગતવાર વર્ણવી દીધી જ્ઞાનવાળાઓ માટે (૯૭) અને તે જ છે જેણે તમને એક જીવથી પેદા કર્યા[૨૯૨]. પછી કયાંક તમને રહેવાનું છે[૨૯૩], અને કયાંક અમાનત (તરીકે) રહેવાનું[૨૯૪]. બેશક ! અમે આયતો વિગતવાર બયાન કરી દીધી સમજવાળાઓ માટે (૯૮) અને તે જ છે જેણે આકાશમાંથી પાણી ઉતાર્યું, તો અમે તેનાથી દરેક ઉગનાર વસ્તુ કાઢી[૨૯૫], તો અમે તેમાંથી કાઢી લીલોતરી જેમાંથી દાણાઓ કાઢીએ છીએ, એકબીજા પર ચઢેલા. અને ખજૂરના ગાભામાંથી પાસે પાસેના લુમખા. અને દ્રાક્ષના બગીચા. અને ઝૈતૂન અને દાડમ. કોઈ વાતમાં મળતાં અને વાતમાં જુદાં. એનું ફળ ફળે ત્યારે અને એનું પાકવું જુઓ. બેશક ! આમાં નિશાનીઓ છે ઈમાનવાળાઓ માટે (૯૯)

૨૮૩. કે તેઓ ઈબાદતના હકદાર હોવામાં અલ્લાહના ભાગીદાર છે. (મુઆઝલ્લાહ)

૨૮૪. અને સંબંધો તૂટી ગયા, જુથ વિખરાઈ ગયું.

૨૮૫. તમારા    તમામ જૂઠા દાવા જે તમે દુનિયામાં કર્યા કરતા હતા તે જૂઠા પુરવાર થયા.

૨૮૬. તવહીદ અને નબુવ્વતના બયાન પછી અલ્લાહ તઆલાએ પોતાની કમાલ કુદરત અને ઈલ્મ તથા હિકમતની દલીલો બયાન કરી. કારણ કે મુખ્ય હેતુ અલ્લાહ અને તેના બધા ગુણો અને કાર્યોની ઓળખ છે, અને એ જાણવું કે તે જ તમામ વસ્તુનો સર્જનહાર છે, અને જે એવો હોય તે જ ઈબાદત લાયક હોય શકે છે, નહિ કે તે મૂર્તિઓ જેમને મુશ્રિકો પૂજે છે. સુકા દાણા અને ગોટલીને ફાડીને તેમાંથી છોડ અને ઝાડ જન્માવવું, અને એવી પથ્થરયાળ ધરતીમાં તેમના નરમ રેષાઓને ચલાવવા કે જ્યાં લોખંડનો ખીલો પણ કામ ન કરી શકે. એ તેની કુદરતની કેવી અજંબ નિશાનીઓ છે.

૨૮૭. જીવંત લીલોતરીને નિર્જીવ ગોટલીમાંથી, અને મનુષ્ય તેમજ જનાવરને વિર્યમાંથી, અને પક્ષીને ઈંડામાંથી.

૨૮૮. જીવંત ઝાડોમાંથી નિર્જીવ ગોટલી અને દાણાને, અને ઈન્સાન તથા જનાવરમાંથી વિર્યને, અને પક્ષીમાંથી ઈંડાને, આ તેની અજાયબીઓ, કુદરત અને રહસ્યો છે.

૨૮૯. અને આવી દલીલો સ્થાપિત થયા પછી પણ, કેમ ઈમાન લાવતા નથી, અને મૃત્યુ પછી જીવંત થવાનું કેમ માનતા નથી. જે નિર્જીવ વિર્યમાંથી પ્રાણી પેદા કરી શકે છે તેની કુદરતથી મરેલાને જીવંત કરવું શું અઘરૂં છે.

અને[૨૯૬] અલ્લાહના ભાગીદાર ઠેરવ્યા જિન્નાતને,[૨૯૭] અને તેણે જ એમને બનાવ્યા. અને તેના માટે પુત્રો અને પુત્રીઓ ઠોકી બેસાડી, જહાલતના કારણે. પવિત્રતા અને ઉચ્ચતા છે તેને એમની વાતોથી (૧૦૦) કોઇપણ નમૂના વગર આકાશો અને ધરતીને બનાવનાર. તેને બાળક ક્યાંથી હોય? તેને તો ઓરત (પણ) નથી.[૨૯૮] અને તેણે દરેક વસ્તુ સર્જી.[૨૯૯] અને તે સર્વ કંઇ જાણે છે. (૧૦૧) આ છે અલ્લાહ, તમારો રબ[૩૦૦] એના સિવાય કોઇનીએ બન્દગી નથી. દરેક વસ્તુનો સર્જનહાર તો એને પૂજો, તે દરેક વસ્તુ પર દેખરેખ રાખનાર છે[૩૦૧] (૧૦૨) આંખો તેને ઘેરી શકતી નથી,[૩૦૨] અને બધી આંખો તેના ઘેરામાં છે. અને તે જ છે સંપૂર્ણ, આંતરિક, પુરેપુરો ખબરદાર (૧૦૩) તમારી પાસે આંખો ઉઘાડી નાખનાર દલીલો આવી તમારા રબ તરફથી તો જેણે જોયું તો (તે) તેના પોતાના ભલા માટે છે, અને જે આંધળો બન્યો તે પોતાના બુરા માટે, અને હું તમારા પર ચોકીદાર નથી (૧૦૪) અને અમે એવી રીતે જ અનેકવિધ રીતે આયતો બયાન કરીએ છીએ.[૩૦૩] અને એટલા માટે કે કાફિરો બોલી પડે, 'તમે તો પઢેલા છો, અને એટલા માટે કે એને ઇલ્મવાળાઓ પર સ્પષ્ટ કરી દઇએ (૧૦૫) તેના પર ચાલો જે તમને



وَجَعَلُوا لِلّٰهِ شُرَكَآءَ الْجِنَّ وَخَلَقَهُمْ وَخَرَقُوا لَهٗ بَنِيْنَ
وَبَنٰتٍۭ بِغَيْرِ عِلْمٍ ۚ سُبْحٰنَهٗ وَتَعٰلٰى عَمَّا يَصِفُوْنَ ﴿١٠٠﴾
بَدِيْعُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ۚ اَنّٰى يَكُوْنُ لَهٗ وَلَدٌ وَّلَمْ
تَكُنْ لَّهٗ صَاحِبَةٌ ۚ وَخَلَقَ كُلَّ شَيْءٍ ۚ وَهُوَ بِكُلِّ شَيْءٍ
عَلِيْمٌ ﴿١٠١﴾ ذٰلِكُمُ اللّٰهُ رَبُّكُمْ ۚ لَآ اِلٰهَ اِلَّا هُوَ ۚ خَالِقُ كُلِّ
شَيْءٍ فَاعْبُدُوْهُ ۚ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ وَّكِيْلٌ ﴿١٠٢﴾ لَا
تُدْرِكُهُ الْاَبْصَارُ ۫ وَهُوَ يُدْرِكُ الْاَبْصَارَ ۚ وَهُوَ
اللَّطِيْفُ الْخَبِيْرُ ﴿١٠٣﴾ قَدْ جَآءَكُمْ بَصَآئِرُ مِنْ رَّبِّكُمْ ۚ
فَمَنْ اَبْصَرَ فَلِنَفْسِهٖ ۚ وَمَنْ عَمِيَ فَعَلَيْهَا ۚ وَمَآ اَنَا
عَلَيْكُمْ بِحَفِيْظٍ ﴿١٠٤﴾ وَكَذٰلِكَ نُصَرِّفُ الْاٰيٰتِ وَلِيَقُوْلُوْا
دَرَسْتَ وَلِنُبَيِّنَهٗ لِقَوْمٍ يَّعْلَمُوْنَ ﴿١٠٥﴾ اِتَّبِعْ مَآ اُوْحِيَ

૨૯૦. કે મખ્લૂક એમાં આરામ મેળવે છે. અને દિવસના થાક અને સુસ્તીને આરામ કરી ખંખેરી નાખે છે. અને રાત્રે જાગનાર આબિદ ઝાહિદ લોક પોતાના પરવરદિગારની ઈબાદતથી આરામ મેળવે છે.

૨૯૧. કે એમના ભ્રમણ અને ચાલ પરથી ઈબાદત અને પારસ્પરિક લેણદેણના સમયો નક્કી થાય.

૨૯૨. અર્થાત હઝરત આદમ અલયહિસ્સલામથી.

૨૯૩. માતાના ઉદરમાં અથવા ધરતીની છાતી પર.

૨૯૪. પિતાની પીઠમાં અથવા કબરમાં.

૨૯૫. પાણી એક જ, પણ એનાથી જે વસ્તુઓ ઉગાડી તે જાતજાતની અને રંગબેરંગી.

૨૯૬. આવી આવી કુદરતની દલીલો, અને અજબ ગજબનાં રહસ્યો, અને આવા આવા ઈનામો હોવાં છતાં, જોઈતું તો એ હતું કે આવી હિકમતો અને ઈનામો સર્જનહાર અને કાર્યો બનાવનાર પર ઈમાન લાવત પણ એના બદલે મૂર્તિપૂજકોએ જુલ્મ એ કર્યો જે આયતમાં આગળ બતાવ્યો છે.

૨૯૭. અને તેમના આજ્ઞાંકિત બનીને મૂર્તિપૂજકો બની ગયા.

૨૯૮. અને ઓરત વગર ઔલાદ થઈ શકતી નથી. અને પત્ની તેની શાન (મોભા)ને લાયક નથી. કારણ કે કોઈ વસ્તુ તેના જેવી નથી.

૨૯૯. તો જે છે તે તેની મખ્લૂક છે, અને મખ્લૂક ઔલાદ બની શકતી નથી. માટે કોઈ મખ્લૂકને તેની ઔલાદ કહેવી અસત્ય છે.

૩૦૦. જેના ગુણો વર્ણવાયા, અને જેના ગુણો એવા હોય તે જ બન્દગી યોગ્ય છે.

إليك من ربك لا إله إلا هو وأعرض عن
المشركين ﴿١٠٦﴾ ولو شاء الله ما أشركوا وما جعلنك
عليهم حفيظا وما أنت عليهم بوكيل ﴿١٠٧﴾ ولا تسبوا
الذين يدعون من دون الله فيسبوا الله
عدوا بغير علم كذلك زينا لكل أمة عملهم
ثم إلى ربهم مرجعهم فينبئهم بما كانوا يعملون ﴿١٠٨﴾ منزل ٢
وأقسموا بالله جهد أيمانهم لئن جاءتهم
آية ليؤمنن بها قل إنما الآيات عند الله وما
يشعركم أنها إذا جاءت لا يؤمنون ﴿١٠٩﴾ ونقلب
أفئدتهم وأبصارهم كما لم يؤمنوا به أول
مرة ونذرهم في طغيانهم يعمهون ﴿١١٠﴾ ع

તમારા રબ તરફથી વહી થાય છે.[૩૦૪] તેના સિવાય કોઇ બન્દગી યોગ્ય નથી. અને મુશ્રિકોથી મોઢું ફેરવી લો (૧૦૬) અને અલ્લાહ ઇચ્છત તો તેઓ શિર્ક ન કરત. અને નથી બનાવ્યા અમે તમને તેમના પર ચોકીદાર. અને તમે તેમના જવાબદાર નથી (૧૦૭) અને તેમને ગાળ ન દો જેમને તેઓ અલ્લાહ સિવાય પૂજે છે કે તેઓ અલ્લાહની શાનમાં અસભ્યતા કરશે, વધુ પડતી રીતે અને અજ્ઞાનતાથી.[૩૦૫] આવી જ રીતે અમે દરેક ઉમ્મતની દ્રષ્ટિમાં તેમના કાર્યો રૂપાળાં કરી દીધાં છે. પછી તેમને તેમના રબ તરફ પરત થવાનું છે. અને તે એમને બતાવી આપશે જે કરતા હતા (૧૦૮) અને તેમણે અલ્લાહની કસમ ખાધી પોતાના સોગંદમાં પુરી કોશિષથી, કે જો તેમની પાસે કોઇ નિશાની આવશે તો અવશ્ય તેના પર ઇમાન લાવશે. તમે કહો, 'નિશાનીઓ તો અલ્લાહની પાસે છે,[૩૦૬] અને તમને[૩૦૭] શું ખબર! કે જ્યારે તે આવે તો એઓ ઇમાન નહીં લાવે? (૧૦૯) અને અમે ફેરવી દઇએ છીએ તેમનાં હૃદયો અને આંખોને,[૩૦૮] જેવું તેઓ પ્રથમવાર એના પર ઇમાન ન લાવ્યા હતા.[૩૦૯] અને એમને છોડી દઇએ છીએ કે પોતાની અકડાઇમાં ભટકતા ફરે (૧૧૦)

૩૦૧. રિઝક હોય કે કર્મો કે મૃત્યુ.

૩૦૨. ઈદરાક :- (જેનાથી તુદરિકુ બનીને આયતમાં વપરાયું છે, અને જેનો અર્થ ઘેરો (ઈહાતા) કરવામાં આવ્યો છે)નો અર્થ છે દેખાતી વસ્તુના છેડાઓ અને સીમાઓ પર માહિતગાર થઈ જવું, અને જે ઈહાતા કહે છે. "ઈદરાકની" એજ તફસીર હઝરત સઈદ ઈબ્ને મુસય્યબ અને હઝરત ઈબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાથી નકલ કરવામાં આવી છે. અને મોટા ભાગના તફસીરકારો ઈદરાકની તફસીર ઈહાતા કહે છે, અને ઈહાતો (ઘેરાવ) તેનો જ થઈ શકે જેની સીમાઓ અને દિશાઓ હોય. અલ્લાહ તઆલા માટે સીમાઓ અને દિશાઓ અશક્ય છે માટે તેનો ઈદરાક અને ઈહાતો (ઘેરાવ) પણ અસંભવ, આ જ મઝહબ અહલે સુન્નતનો છે.

ખારજી અને મુઅતઝિલા વિગેરે ગુમરાહ ફિર્કાઓ 'ઈદરાક' અને 'રૂયત' (જોવું)માં ફેર નથી કરતા તેથી તેઓ એ ગુમરાહીમાં ફસાયા કે તેમણે દીદારે ઈલાહીને 'મુહાલે અકલી' (બૌદ્ધિક રીતે અશક્ય) જાહેર કર્યો. પણ ન જાણ્યું કે દીદારના ઈન્કારથી ઈલ્મનો ઈન્કાર લાગુ થાય છે. અને અલ્લાહ તઆલા તો અસ્તિત્વ ધરાવતી બધી વસ્તુઓથી વિરુદ્ધ "દિશા અને પરિસ્થિતિ (કયફિયત) વગર" જાણી શકાય છે. એ જ પ્રમાણે દેખી પણ શકાય છે. કારણ કે જો બીજી વસ્તુઓ દિશા અને પરિસ્થિતિ વગર દેખી શકાતી નથી, તો જાણી પણ શકાતી નથી.

એનું રહસ્ય એ છે કે 'રુયત' અને 'દીદ' (દેખવું) નો અર્થ એ છે કે દ્રષ્ટિ કોઈ પણ વસ્તુને તે જેવી હોય તેવી જાણે. તો જે વસ્તુ દિશાઓના આવરણમાં હશે, તેની રૂયત અને દીદ દિશાઓમાં થશે (અર્થાત તેને

જોવા કોઈ પણ દિશામાં જોવું પડશે) ને જેના માટે દિશા નથી તે દિશાના આવરણ વગર દેખાશે.

**દીદારે ઈલાહી** :- આખેરતમાં મુઅમિનોને અલ્લાહ તઆલાનો દીદાર થવો એ અહલે સુન્નતના અકીદા કુરઆન, હદીષ, સહાબાની એકમતી, અને ઉમ્મતના પુર્વજોની ઘણી દલીલોથી સાબિત છે. કુરઆન શરીફમાં ફરમાવ્યું છે વુજૂહુંય યવમંઈઝીન નાદિરતુન ઈલા રબ્બિહા નાઝિરહ' અમુક મોઢાંઓ તે દિવસે ખુશખુશાલ, (પોતાના રબને જોનાર હશે). આનાથી સાબિત છે કે કયામતના દિવસે મુઅમિનોને અલ્લાહનો દીદાર નસીબ થશે. આ સિવાય પણ ઘણી આયતો અને સિહાહની ઘણી હદીષોથી પણ સાબિત છે.

જો અલ્લાહનો દીદાર અશક્ય હોત તો હઝરત મૂસા અલયહિસ્સલામ દીદારનો સવાલ ન કરત, "રબ્બી અરિની અન્ઝુર ઈલૈક" (અય અલ્લાહ! તું મારી દ્રષ્ટિએ પડ, કે હું તને જોઉં) ની વિનંતી ન કરત. અને એના જવાબમાં "ફઈનિસ્તકર્ર મકાનહૂ ફસૌફ તરાની' (જો પર્વત તેની જગ્યાએ સ્થાયી રહેશે તો તું મને જોઈ શકીશ) ફરમાવવામાં ન આવત. આ દલીલોથી સાબિત થઈ ગયું કે આખેરતમાં દીદારે ઈલાહી મુઅમિનો માટે શરીઅતથી સાબિત છે, અને એનો નકાર ગુમરાહી છે.

**૩૦૩. કે જેથી મહોબ્બત અનિવાર્ય બને.**

**૩૦૪. અને કાફિરોની વાહિયાત વાતો તરફ લક્ષ ન આપો. આમાં નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહિ** વસલ્લમને શાંત્વન અપાયું છે, કે તમે કાફિરોની બકવાસથી દુ:ખી ન થાઓ, તેઓ તેમનું દુર્ભાગ્ય છે કે આવી સ્પષ્ટ દલીલોથી ફાયદો ન ઉઠાવે.

૩૦૫. કતાદાનું કથન છે કે; મુસ્લિમો કાફિરોની મૂર્તિપૂજાની બુરાઈ કર્યા કરતા હતા, જેથી કાફિરોને નસીહત થાય, અને તેઓ મૂર્તિપૂજાની એબથી માહિતગાર બને, પણ તે અલ્લાહને ઓળખી ન શકનાર અજ્ઞાન લોકોએ બોધગ્રહણ કરવાના બદલે અલ્લાહની શાનમાં અસભ્યતા સાથે જીભ ખોલવાની શરૂઆત કરી. તે બાબત આ આયત ઉતરી, જોકે મૂર્તિઓને બુરૂ કહેવું, (તેમની લાચારી અને નિર્જીવતાને બયાન કરવી) અને તેમની વાસ્તવિકતાને જાહેર કરવી સવાબ અને ફરમાંબરદારી છે, પણ અલ્લાહ અને તેમના રસૂલની શાનમાં કાફિરોની બદગોઈ રોકવા ખાતર એની મનાઈ કરવામાં આવી.

ઈબ્ને અમ્બારીનું કથન છે કે હુકમ ઈસ્લામના ઉદયકાળમાં હતો, જ્યારે અલ્લાહે ઈસ્લામને તાકાત આપી ત્યારે મન્સૂખ થઈ ગયો.

૩૦૬. જ્યારે તે ઈચ્છે છે ત્યારે હિકમતના તકાદા અનુસાર ઉતારે છે.

૩૦૭. અય મુસલમાનો!

૩૦૮. સત્ય માનવા અને દેખવાથી.

૩૦૯. તે નિશાનીઓ પર જે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમના મુબારક હાથે જાહેર થઈ હતી જેમકે ચંદ્રના ટુકડા થવા વિગેરે ખુલ્લા મુઅજિઝાઓ.